Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

VIa 14

VIa 14
334

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

॥ ॐ तत्सत् ॥

आर्यमार्त्तण्ड.

આર્યધર્મનો પુનરૂદ્ધાર કરવા મા
ટે, શ્રુતિ, સ્મૃતિ, ઉપનિષદ,
અને પુરાણોમાંથી ઉપયો
ગી સાર લઇને.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.
પાઠક મણીશંકર તુલસી
બાલંભાવાસી.

કિમ્મત રૂપીયો ૧-૦-૦ પુંઠું પાકું.
કિમ્મત રૂપીયો ૦-૧૨-૦ પુંઠું કાચું.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

જામનગર.

મનોરંજક પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું.

સંવત્ ૧૯૫૨–સન ૧૮૯૫.

સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

॥ श्लोकस्सार्थः ॥

सुगुण सुदृढ मूलं कीर्त्ति विस्तीर्णशाखो
मधुर वचन पत्रो ज्ञान संपूर्ण पुष्पः ॥
सुकृत फल समीपं शील संतोष छायः
कलियुग वन मध्ये कल्पवृक्षो नराणाम्॥

ભાવાર્થ—સારા ગુણ તે દૃઢ (મજબુત) મૂળ છે. કીર્ત્તિ (યશ) તે મોટી શાખાઓ, મધુર વચન તે પત્ર, જ્ઞાન તે (સારી સમજુતી) પુષ્પ, સુકૃત (યજ્ઞાદિક સારાં કૃત્યો) તે નજીકનાં ફલ છે; શીલ સંતોષ તે છાયા ઇત્યાદિયુત્ કલિયુગરૂપી વનમાં ઉપર કહેલા અવયવોવાળો વૃક્ષ માણસોને કલ્પવૃક્ષ જેવો છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

સ્મૃતિ—યાદિપત્ર.

સર્વ ધર્માનુચર સદ્‌ગૃહસ્થોને મારી વિનંતિ વિદિત કરૂં છું કે કલિયુગના પ્રબળથી મારા ધર્મ પુસ્તકને આશ્રય મળતાં લગભગ બે વર્ષ થયેલાં છે. ધર્મપત્ર (હેંડબીલો) મારા તરફથી બે વર્ષ લગભગ નીકળેલાં તેમાં જેઓએ આશ્રય તરીકે નામ નોંધાવેલાં છે તેઓને વિસ્મૃતિ હોય તો આ પુસ્તકનો સ્પર્શ કરતાં યાદિ લેશો હું છું આપ સર્વ ધર્મ વાચક વૃંદ વિદ્વજ્જ કુળનો આજ્ઞાનકિંત ધર્મ સેવક.

દા. પાઠક મણીશંકર તુલશી,
બાલંભાવાસી—ગ્રન્થ કર્તા.

કથા કનક લતા.

अमूल्यरत्ननोभंडार.

યાને

પ્રાચીન રાજાઓની ૨૪ કથાઓ.

પૃષ્ટ ૬૦૦—ચિત્ર તથા જામનગરના કુમાર શ્રી લખુભા સાહેબના ફોટોગ્રાફ સાથે.

કિમ્મત રૂ. ૨-૦-૦.

પ્રસિદ્ધ કર્ત્તા.

શા. રતનચંદ કાલીદાશ.

જામનગર મનોરંજક પ્રેસ.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

અર્પણપત્ર.

શ્રીમન્ પરમ ગુરૂવર્ય વૈષ્નવ ધર્મધુરંધર; સકલ વિદ્યાવિનોદ રસિક સર્વ ગુણ સંપન્ન, સંગીતશાસ્ત્રે પ્રચંડ પાંડિત્યપણાવાળા, અસાધારણ સંગીતશાસ્ત્રીઓના શિર મુગટમણિ[૧]રૂપ પ્રશ્નોરા (વ્યાસ) **આદિત્યરામ વૈકુંઠરામ**ના મુખ્ય શિષ્ય શ્રીમન્ વલ્લભાચાર્ય વંશોદ્ભવ **ભટ્ટજી કૃષ્ણજીવન (લાલજી) શ્રીકૃષ્ણ ભટ્ટજી.**

આપેં મારા ઉપર અત્યંત વાત્સલ્ય સ્નેહથી ધર્મ બુદ્ધિપૂર્વક નાના પ્રકારની વિદ્યા શિખવવામાં કાળજી રાખી કંઇક મનુષ્યની પંક્તિમાં દાખલ કરવા ઘણો યત્ન લીધો છે તેમાં પણ આપેં નિરૂપમ કૃપાદૃષ્ટિની વૃષ્ટિ જે મારા ઉપર કરેલ છે તેનો બદલો કરોડો જન્મથી પણ આપી શકું તેમ નથી પણ આ ગ્રંથ રચી આપના પવિત્ર ચરણકમલમાં **અર્પણ** કરૂં છું તેને પવિત્ર હાથથી સ્પર્શ કરી દૃષ્ટિપથ કરો છો કે જેથી હું મારૂં અહોભાગ્ય માનું છું.

હું છું આપનો ધર્મપુત્ર (શિષ્ય) બાલંભા વાસી.

પાઠક મણીશંકર તુલશી.

---

૧ સંસ્થાન જામનગરના મહારાજા જામશ્રી ૧૦૭ રણમલસિંહજીએ **સંગીતશાસ્ત્રી**ના પદ ઉપર **સ્થાપેલા** એવા.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri

गुरुस्मरणम् जामनगरवासी.

श्रीमत्पदवाक्यप्रमाणपारावार-
पारदृश्वानो विविधविद्याविनयवि
वेकवीरत्वाविविशिष्ठविद्वद्विप्रसं-
सेव्यमान असाधारणपांडित्यप्रभा
वप्रकर्षप्रोद्योतमाना नविन नगरा-
धिपतिवीरभद्रनृपेंद्रोपास्समानचरण
पीठा अनन्वयालंकारभूमयो स्मद्-
गुरुवर्य गोविन्दतनुजजनुषः श्री, का-
लिदास शास्त्रिणः निरुपम कृपाव-
लोपुरःसर मति मंदमता मपि अ-
नवेक्षतायासै यथाधिकारं पुत्रबुध्या
संपादिता विविध विद्याविलासाः
तेन मे मानसि समुत्पन्नो ज्ञानांशु
लोकहिताय प्रकाश्यते. अहमस्मि॥
युष्मद्धर्मपुत्रः पाठकस्यावटंक स्तुल-
स्यात्जो मणीशंकर शर्मा. बहुला-
भपुर (बालंभा) वासी ग्रन्थ कर्त्ता.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ग्रन्थोत्पत्तिः

श्रीमद निर्वचनीयानन्त मायाशक्ति मतो नन्य विषय शहृस्येच्छया प्रवर्त्तमान युग परावर्ते ष्वन्यथाभिधानेस्मि न्कलियुगे शब्दमात्रात्मानो धर्माः प्रवर्त्तमाना उपलभ्यन्ते युगपारवश्यतश्च तेषु याथार्थ्यत्त्व दृष्टयो विरलाः प्रभिभान्ति हेतुं च तत्राल्पायुष्क त्वयाव च्छास्त्रा नभ्यासादिकं मन्महेत ज्जना सुख विलोकनतो साधारण -पापारावारस्य परमेश्वरस्य प्रेरणया प्रेरितो ह मनभ्यस्त सकल शास्त्रोपि गुरु दया हिमतो गुर्जर देश मभिगत स्तदोशज र्थितो मनुस्मृति, मिताक्षरा, पाराशरस्मृति, आपस्तंबसूत्र, बृहदारण्योपनिषत्पुराणादि, धर्मशास्त्रेषु तत्व मेकीकृत्य शिष्टेक्षितः संचरणं प्रयाती तिन्यात् विद्वद्वर्याणां कालिदास शास्त्रिणां मुख्य शिष्याणां अंबाशंकरात्मजानां पोपटलाल शास्त्रिणां दृष्टिपथमानाय्या रचयम् तथापि मनुष्या स्खलनशीलाः इति साधारण ध-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

मंतया द्रग्दोष बुद्धिदोषा घातंचे तत्क्षम-
ध्वं सुहृत्सुहृदया सन्त. इति शिवम् ॥
अहमस्मि विद्वज्जनवृन्दस्य कृपाकांक्षी
ग्रन्थकर्त्ता.

॥ सर्व धर्माणा मेकको पन्थः ॥

प्राणा घाता निवृत्ति पर धन हरणे संय
मः सत्य वाक्यं काले शक्त्या प्रदानं युवा
जनकथा मूक भावः परेषाम् ॥ त्रष्णास्त्रो
तो विभंगो गुरुषुच विनयः सर्व भूता
कम्या सामान्यः सर्व शास्त्रे ष्वनुपहत
धिः श्रेयसा मेष पन्थाः ॥

ભાવાર્થ—સર્વ જીવના પ્રાણ નાશ કરવાથી નિ
વૃતિ કરવી, પરદ્રવ્ય હરિ લેવાનો નિષેધ કરવો, સત્ય બે
લવું, વખતસર શક્તિ મુજબ દાન આપવું, પરસ્ત્રિ
વાતમાં મુંગું થવું, ત્રષ્ણાના પ્રવાહનો ભંગ કરવો, ગુ
જનમાં વિનય કરવો, સર્વ પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી
એ માર્ગ સર્વ શાસ્ત્રમાં તકરાર રહિત કલ્યાણનો રસ્તો
કહેલો છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

પ્રસ્તાવના.

આર્ય બંધુઓ—

મનુષ્ય યોની પ્રાપ્ત થતાં પ્રાધાન્ય કર્ત્તવ્ય ર્મમાં **ધર્મ, અર્થ, કામ,** અને **મોક્ષ** આ ચાર પુરૂષાર્થ સાધવાની આવશ્યક્તા છે. વિશેશમાં તે પુરૂષાર્થો ચતુર્થાશ્રમ જે **બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ** અને **યતિ** તેઓ ચારે પુરૂષાર્થમાં અંતર્ગત છે. પરંતુ સર્વાશ્રમોમાં ગૃહસ્થાશ્રમ ઉત્તમ છે કે જેની અંદર ચારે પુરૂષાર્થ સાધી શકાય છે તેનું નિરૂપણ આ ગ્રન્થમાં જુદે જુ-સ્થળે ભિન્ન પાડી લખેલ છે. ચારે પુરૂષાર્થોમાં **અર્થ** મુખ છે કે જેથી **ધર્મ, કામ** અને **મોક્ષ** સાધી શકાય તેને વાસ્તે બ્રહ્મચર્યાદિક ચાર આશ્રમો કલ્પાયેલાં છે રંતુ તેમાં પણ **બ્રહ્મચર્ય** પ્રાધાન્ય છે. તેમાં **અર્થ** શી રી-મળે તેને માટે **સ્વાધ્યાય** (વિદ્યા સંપાદન) કરવા. **અર્થ** સાધી શકાય છે અર્થ મલ્યો ત્યારે **ગૃહસ્થાશ્રમ**-ાં ગયા તેમાં **કામ** પ્રમુખ છે તેથી નિત્ય નૈમિત્તિક ક-વ્ય કર્મ, ષટ્કર્મોપકર્મ, યજ્ઞાદિક સત્કર્મ, અને આતિથ્ય ગેરેથી **ધર્મ** સંપાદન થાય છે. આ ઉત્તમ ગૃહસ્થાશ્રમ, અન્યાશ્રમોને આધારભૂત છે આ ગૃહસ્થાશ્રમમાં અર્થની બહુજ જરૂર છે તેથીજ ધર્મ અને તેથી જ્ઞાન થયે મોક્ષ મળે છે વાસ્તે ૬–૭ માં રશ્મિમાં બ્રહ્મચર્ય, સ્વાધ્યાય (વિદ્યા ભણવી) થી અર્થ મળે ત્યારે ગૃહસ્થાશ્રમમાં **કામ** તેને માટે અષ્ટમ રશ્મિમાં ગૃહસ્થાશ્રમ કે જેમાં ગર્ભિત **અર્થ** સંપાદનથી ધર્મ મળે ત્યારે વાનપ્રસ્થાદિ આશ્રમનું સાધન કરી પરમ પદમાં જવાશે આમ ધારી આ પુસ્તક

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

મારી અલ્પબુધિથી શાસ્ત્રોના ગ્રન્થાકર્ષણથી ગુજરાતિ ભા
ષાર્થે લખ્યો છે મારા પ્રથમ પ્રયાશના લેખક દોષોનો ત્યા
ગ કરી વાંચી અનુભવ સિદ્ધ પરમપદ મેળવા ઇચ્છ
રાખો. એજ વિનંતી.

હું ક્વચિત્ વખતે રાત્રીમાં નિદ્રાવશ્ય થયો ત્યાં સ્વ
પ્નમાં કોઇએક બાવાના વેશવાળા પુરૂષે આવી મારા જ
મણા કર્ણમાં શ્લોક કહી અંતર્હિત થયા. પશ્ચાત્ નિદ્રાથી
વિરામ પામ્યો કે તરત નીચેનો શ્લોક યાદ આવ્યો કે.

॥ अनुष्टुप् वृतम् ॥

धर्माभास सहस्त्रैर्य दार्या ग्रस्ता कलौ त
मत्साहाय्यनियोगेन शुद्ध धर्मं प्रकाशय

ભાવાર્થ--ઉપરથી ધર્મ જેવા જણાતા પણ ખ
રીતે જોતાં ધર્મરૂપ નહીં. એવા હજારો ધર્મ માર્ગથી
રાયેલા આર્ય લોકો છે. વાસ્તે તે આર્યલોકોના ઉદ્ધાર મે
ટે મારી મદદથી શુદ્ધ ધર્મનો તું પ્રકાશ કર.

મેં કહ્યું તથાસ્તુ ! ગુરૂ ! મે તો નિશ્ચય કર્યો કે આ
ગ્રન્થ રચવા ઇશ્વર સહાય છે હાલ કલિયુગને લીધે દેશમાં
એટલો અનાચાર પ્રસર્યોછે કે સ્વધર્મ શું તે ક્વચિત્ સ્થ
ળે દેખાયછે સબબ રાગદ્વેષાદિકને લીધે વૈદિક ધર્મ કલ્પવૃક્ષ
ઉદય થવાના હેતુથી અને કોઇ કોઇ જગોએ તેનાં મૂળ છે
તે ઉછરવાના હેતુથી મેં આ ગ્રન્થ કરેલ છે તે ધર્મવૃત્તિ
વાળા સુજ્ઞ સજનોને શ્રદ્ધાયુક્ત સારી રીતના સત્કારથી
સ્વધર્મશ્રેષ્ટાશ્રમ સારૂ સંપાદન કરાવવા વિનંતી કરૂં છું તેસ્વી

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ારશો. આ ગ્રન્થનું મૂળ પ્રાધાન્યપણું **મનુસ્મૃતિ, પારા**
શરસ્મૃતિ, બૃહદ્દારણ્યકોપાદ્ધિક નિષદ્ આપરતંબાદિક
સૂત્રો, **વિશ્વેશ્વરસંહિતા**, તથા **શ્રીમદ્ભાગવતાદિક** પૂ-
રાણો વગેરે ગ્રન્થો કે જે મહાત્માઓના રચેલાછે તેમાંથી **સા**
रभूतं किमस्ति સારભૂત શું છે તેમ જાણી ગ્રન્થા-
વલોકન કરી તેમાંથી આકર્ષણ કરી ઉપર કહેલા મોટા
ગ્રન્થો ગરીબ માણસોને અલભ્ય ન થાય અને લઘુ ગ્ર-
ન્થથી તદ્વત્ ફળ મળે તેમ ધારી રચી પ્રકટ કરી આપ
સર્વે આર્ય બંધુઓને વિદિત કરૂં છું. તથાચ.

ધર્મ છિન્નભિન્ન થયા લોકોની આસ્તા ધર્મ ઉપરથી
સ્ખલીત થવા લાગી છે વાસ્તે આ ગ્રન્થ કે જેમાં પરી-
છેદ ૪ રશ્મિ ૧૨ વિષય ૧૦૫ વગેરેના સમુદાયવાળું
આ ધર્મપુસ્તક છે તેને આશ્રય આપવા વિષે ટુંકામાં વાંચોકે
ानभ्रष्टा न सोभंते दंताः केशाः नखाः
राः ॥ विनाश्रये न सोभन्ते पण्डिता
निता लता. ॥ વાસ્તે આશ્રય મળશે તો હવેથી
બીજું પુસ્તક રચી ધર્મને ઉત્તેજન આપવા ઇચ્છા છે **प-**
रादीश्वरोगतिः

આ ગ્રન્થ વિષે વધારે નહી લખતાં આખો ગ્રન્થ
વાંચવાથી સ્થળે સ્થળે કેવો રસ તથા ધર્મનું કેવી રીતે
પ્રતિપાદન કરેલું છે તેતો આપની દૃષ્ટિસિદ્ધ થશે **अलम्**
આ વિષે ટુંકામાં બોલવાનું એટલુંજ છે કે આ ગ્રન્થ
રચાણા પછી સંસ્થાન જામનગરના રહીશ. જોતિષવેત્તા
મારા ગુરૂ અને વડીલ ગુરૂભાઇ જે શાસ્ત્રિઓની પરિક્ષા-
માં પાશ થયેલા અને પ્રખ્યાતિ પામેલા જે **शास्त्रि**

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

पोपट अंबाशंकर છે તેમણે આ ગ્રન્થ રચાયા પ-મા
છી પુનરાવલોકન કર્યું છે વાસ્તે તેનો હું અતિશય આ-આ
ભાર માનું છું.

પુસ્તક છપાતાં મારી ગેરહાજરીમાં પ્રુફ તપાસવા જા-
મનગરના રહીશ જોશી મણીશંકર પ્રાણજીવને તસ્દી લી-
ધી છે માટે તેનો આભારી થઇશ.

બંધુઓ! આ ગ્રન્થની અંદર જે કંઇ ભૂલ ચુક
કિંવા ખામી માલુમ પડે તો **॥ मनुश्या: स्खलन**
शिला: ॥ **ભાવાર્થ**—મનુષ્ય કોઇ વખત ભૂલ કરે
છે. વાસ્તે તે ન્યાય પ્રમાણે સુધારી વાંચવા તસ્દી લેશો.
વલી **हंसै: यथा क्षीर मिवाम्बुमध्यात्** ભા
વાર્થ—હંસ જેમ દુધ પાણી સાથે હોય તેમાંથી દુધ ગ્ર
હણ કરે છે તેમ સારાંશ ગ્રહણ કરી દુર્વ્યસન, બ્રહ્મનિં
દિ દોષોને દૂર કરી સદાચરણમાં રહેતાં યથાશક્તિ દા
આપતાં પ્રભુસ્મરણ કરતાં ધર્મ ઉપર શ્રદ્ધા રાખી આ
ધુ ગ્રન્થને ઉત્તેજન આપી વાંચવા અને અનુભવ કર
મન સિદ્ધ કરો? એમ સર્વ વિદ્વજ્જન કુળ સુજ્ઞ સુઘ
ડાણા પુરૂષો પાસે મારી નમ્રતા પૂર્વક વિનંતી છે.

ગ્રન્થકર્ત્તા.

પાઠક મણીશંકર તુલશી.

બાલંભાવાસી.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

॥ गून्थानुक्रमणिका. ॥

परिच्छेदः प्रथमः

॥ विषय प्रथमो रश्मिः प्रथमः पृष्टांकः॥

१ मंगलाचरणम्. १
२ विराटोत्पत्तिः २
३ जगदुत्पत्तिः ३
४ ब्रह्मोत्पत्तिः ४
५ मनुरुत्पत्तिः ४
६ दशप्रजापतिउत्पत्तिः ४
७ सप्तर्षि उत्पत्तिः ५
८ चतुर्वर्णोत्पत्तिः ५

द्वितीयो रश्मिः

९ चार युगना धर्म. ६
१० सत्ययुगना ब्राह्मणो. ७
११ त्रेतायुगना ब्राह्मणो. ११
१२ द्वापरयुगना ब्राह्मणो. १३
१३ कलियुगना ब्राह्मणो. १४

तृतीयो रश्मिः

१४ ब्राह्मणोत्पत्तिः १७

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

१५ गुणकर्मथी जाति विभाग. २०

१६ श्रेष्ठ ब्राह्मणना गुणकर्म. २१

१७ ऋषि ब्राह्मणना गु. ” २२

१८ द्विज ” गु. ” २३

१९ वैश्य ” गु. ” २४

२० शुद्र. ” गु. ” २४

२१ नामधारक ब्रा. गु. ” २४

२२ चांडाल ब्रा. गु. २४

२३ ब्राह्मजन्म माहात्म्य. २५

चतुर्थो रश्मिः

२४ ब्राह्मण दर्शन लाभ. २

२५ उपनयन संस्कार. २

२६ आचारानाचार. २

२७ उत्थानविधिः ३

२८ शौचविधिः (दंतधावन) ३

२९ स्नानान्हिक. ३४

३० षट्कर्म. ३५

३१ षडोपकर्म. ३१

द्वितीयो परिच्छेदः पंचमो रश्मिः

३२ संध्या. ३७

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

३३	संध्या शब्दार्थ.	३७
३४	संध्या न करनारने दोष.	३८
३५	द्विज शब्दार्थ.	४०
३६	भस्मधारण विधिः	४४
३७	सूतकमां संध्या विधि	४७
३८	गायत्री जपः	४७
३९	देवपूजन.	५०
४०	शिवपूजन.	५०
४१	वैश्वदेव माहात्म्य.	५६
४२	वैश्वदेव न करनारने दोष.	५७
४३	वैश्वदेवप्रयोगः	५७
४४	अतिथी भिक्षा.	६२
४५	भोजन काल	६४
४६	भोजनविधिः	६४
४७	शयनविधिः	६८

षष्ठोरश्मिः

४८	ब्रह्मचर्य केम पाळवुं	७१
४९	ब्रह्मचारीने स्वाध्याय	७४
५०	ब्राह्मणप्रस्तार	७८
५१	ब्राह्मणोनी जाति विभाग	८२
५२	ब्राह्मणोनुं पद पत्रक	८४

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

सप्तमोरश्मिः

५३ विद्याप्रसंशा ८७
५४ विद्वानमान्य ८८
५५ अविद्वानापमान ९२
५६ ब्राह्मण निंद्यानो दोष ९६
५७ ब्राह्मणशब्दार्थ ९८
५८ ब्राह्मणनेखेती ९९
५९ ब्राह्मणने व्यापार १०
६० ब्राह्मणने शूद्रत्व १०

त्रतीयोपरिच्छेदः अष्टमोरश्मिः

६१ गृहस्थाश्रमविधि १०
६२ शरीरनीस्थिति १०
६३ आयुष्यना चारभाग १०
६४ गृहस्थाश्रम पाळवो १०७
६५ स्त्री परणेथी घरनीशोभा १०७
६६ पैसाआपीपरणेलीस्त्रीपत्निनाहिं १०८
६७ पतिवृताधर्म १०८
६८ पतिनी स्त्रीप्रति आज्ञा १११

नवमरश्मिः

६९ गृहस्थनां लक्षण १११

CC0. In Public Domain. Kirikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

७० केवी कन्याथी लग्न करवुं ११२
७१ आठप्रकारना विवाह ११३
७२ चारउत्तम ११४
७३ स्त्रीनो सत्कार ११५
७४ स्त्रीओने दुःखीथी हानी ११५
७५ वेदे कहेल गृहस्थनाधर्म ११६
७६ गृहस्थना आवश्यधर्म ११८
७७ गृहस्थना पाळवानाधर्म १२१

परिच्छेदः चतुर्थोः दशमः रश्मिः

७८ ब्राह्मणनी छेलीअवस्था १२५
७९ ब्रह्मज्ञान १२५
८० क्षत्रिनायुगधर्म १२७
८१ क्षत्रिनेखेती १३०
८२ क्षत्रिनेव्यापार १३०
८३ क्षत्र्यान्हिक १३०
८४ क्षात्रजनसंध्या १३१
८५ क्षत्रिनेशूद्रत्त्व १३५
८६ क्षत्रिनेश्रापमोचन १३५

एकादशोरश्मि

८७ वैश्यनायुगधर्म १३७

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

८८ वैश्यनेखेती १३८

८९ वैश्यनेव्यापार १३८

९० वैश्यसंध्यान्हिक. १३८

९१ वैश्यने शूद्रत्व. १३९

९२ शूद्रना धर्म. १३९

९३ शूद्रने शूद्रत्व. १४०

द्वादशो रश्मिः

९४ गौरी कन्या. १४०

९५ बार वर्षमां न परणावे तो. १४

९६ कन्याविक्रय. १४

९७ वरविक्रय. १४

९८ बाललग्न. १४

९९ पुनर्विवाह. १

१०० भोजन. (कार्यवरा) १५

१०१ भिक्षावृत्ति. १५३

१०२ रागद्वेष. १५७

१०३ नवा सुधारा. १५९

१०४ सभा परिचय. १६४

१०५ ग्रन्थ समाप्ती. १६५

१०६ इश्वर स्मरण. १६८

લી. ગ્રન્થ કર્ત્તા બાલંભા વાસી.

પાઠક મણીશંકર તુલશી.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri

334
453

Narayan Devshankar
Purohit
C/o Ghantiada
Baroda

VI a 14

શ્રી હીરા પુસ્તકાલય
વડોદરા
દક્ષિણામૂર્તિ વ્યાયામ શાળા

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ॐ तत्सत्.

॥ आर्यमार्तण्डः ॥

अथ परिच्छेदः प्रथमः तथाच रष्मि प्रथमः

मंगलाचर्णम्

कैलाश मंडन सुरा सुरमौलिशाणः सं-
घृष्ट दीप्त पद पद्म नखाग्र मालम् ॥ वेदा-
न्त तत्वमसि वाक्य विवेक बोधं प्राणा-
नाथ उमयाऽरहितं नमामि ॥१॥

ભાવાર્થ–કૈલાશને શોભાવનાર, સુરઅને અસુરના મુ-
કુટરૂપી પાષાણ સાથે ઘસવાથી ઉજ્જવલ થયેલ છે ચ-
રણકમલના નખાગ્રની પંક્તિ જેની "અને વેદાન્તનું"
" तत्वमसि " એ મહા વાક્યના વિવેકથી જેમના
સ્વરૂપનો બોધ થાય છે. અને પ્રાણના સ્વામી. એવા પા-
ર્વતી સહિત મહાદેવને હું નમસ્કાર કરૂં છુ. ॥ ૧ ॥

ગીતિ.

ગુરૂ ચરણ રજ પ્રતાપે, ગૌરી સુત ગણપતિ સરસ્વતિમા.
ગ્રન્થા રમ્ભ સમાપ્તિ, કરતાં નિશદિન સહાય માતુંથા. ૨.

भुजंगी छंद

महाराज आनंद दाता दयाल
दया द्रष्टि छे आपनी सर्व काल ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

मानाथ शान्ति करो पाप कर्म
सदा आपजो नितिना शुद्ध धर्म ॥ ३ ॥

विषय २ जो ॥ विराटोत्पत्तिः ॥

કેટલાક મહર્ષિઓ કે જે મનુ, ગૌતમ, શંખ, યા
જ્ઞવલ્કય, પારાશરાદિક રૂષિઓએ શ્રુતિ, સ્મૃતિ, અને પુરા
ણોના અનેક ગ્રન્થો રચેલા છે. તે ગ્રંન્થોમાંથી સારાંશ ગ્ર
હણ કરી વિદ્બજ્જન કુળને વંદન કરી સિંહાવલોકોન ન્યા
યથી મૂર્ખને નમસ્કાર કરી લખવા શરૂ કરૂંછું. કારણ
પ્રથમ તો આ ગ્રન્થમાં પ્રાધાન્ય અનુષ્ટુપ્ વૃતથી તથ
ગદ્યમાં લખુંછું.

दुर्जनं प्रथमं वंदे सुजनं तदनं तरम् ॥
मुख प्रक्षालनात्पूर्वं गुद प्रक्षालनं यथा॥४

ભાવાર્થ-પ્રથમ દુર્જનને વંદન કરી પશ્ચાત્ વિદ્
જ્જનને અભિવંદન કરૂંછું. જેમ ગુદપ્રક્ષાલન કર્યા પછી
મુખ પ્રક્ષાલન કરીએ છીએ તેમ. ॥ ૪ ॥ તેનો હે

॥ गीति ॥

गुणीगण गुंफित काव्ये
मृगयति दोषं गुणं न यातु खलः
मणिमय मंदिर मध्ये
पश्यतिहि पिपीलिका छिद्रम् ॥ ५ ॥

ભાવાર્થ-સારા ગુણ ગણથી ગુંથેલી કાવ્યમાંથ
ખળ પુરૂષ દોષને ખોળે છે. જેમ મણિમય મંદિરમાં કી

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ડી છિદ્ર ખોળે છે તેમ. ॥ ૫ ॥ તે

વાસ્તે ગદ્યપદ્યમાં પાદે પાદે ભય પામી લખવા રૂ. કરૂં છું.

विषय ३ जो ॥ जगदुत्पत्तिः ॥

आसीदिदं तमोभूत मप्रज्ञातम लक्षणम् ॥
अप्रतर्क्यं मविज्ञेयं प्रसुत मिवसर्वतः॥ ६ ॥

ભાવાર્થ આ જગત્ પ્રથમ અંધારામય જલમાં ડુબી ગયેલું, અપ્રજ્ઞાતમ્ (ઇંદ્રિઓને ન માલમ પડે તેવું) લક્ષણ રહિત, અતર્ક્ય, અવિજ્ઞેય (ન ઓળખી શકાય તેવું) સર્વ બાજુથી જાણે નિદ્રામાં ગરક હોયની તેવું હતું. ॥ ૬ ॥

ततःस्वयंभूर्भगवानव्यक्तोव्यंजयंनिदम् ॥
महाभूतादिवृतोजाःप्रादुरासीतमोनुदः७॥

ભાવાર્થ-એવા પ્રલયકાળને વિષે ભગવાન સ્વયંભુવે અવ્યક્ત રહીને મહા ભૂતાદિ (પૃથ્વી, જલ, તેજ, વાયુ, નભ આકાશ) પ્રકાશ કરી સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય વધારી અંધકારનો નાશ કરી પોતે પ્રગટ થયા. ॥ ૭ ॥

विषय ४ थो ॥ ब्रह्मोत्पत्तिः ॥

सोपि ध्याय शरीरा त्स्वात्सिस्र क्षुर्विविधाः प्रजाः ॥ अप एव ससर्जादौ तासु बीजमवा सृजत् ॥ ८ ॥ भागवते.

ભાવાર્થ-પછી તેમની એવી ઇચ્છા થઇ કે હું અનેક પ્રકારનો થાઉં (પ્રજા ઉત્પન્ન કરૂં) પછી ધ્યાન ધરી જલ પેદા કરી બીજ રોપ્યું. ॥ ૮ ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ंड मभवद्धैमं सहस्रांशुसमप्रभम् ॥
स्मिञ्जज्ञेस्वयं ब्रह्मासर्वलोकपितामहः९॥

ભાવાર્થ-તે બીજ સુવર્ણના સરખું રંગવાળું, હજારો સૂર્યના કિરણ જેવું કાંતિવાળું, જે ઇંડું તેને વિષે સર્વ લોકના પિતામહ બ્રહ્મા પોતે પ્રગટ થયા. ॥ ૯ ॥

द्विधा कृत्वात्मनो देह मर्धेन पुरुषो भवत्
अर्धेननारीतस्यांशविराजमवसृजत्प्रभुः १०

ભાવાર્થ-તે વિરાટ્ બ્રહ્માએ પોતાના જમણા ભાગમાંથી પુરૂષ (સ્વયંભૂ) અને શરીરના વામભાગમાંથી સ્ત્રિ (શતરૂપાં) ઉત્પન્ન કર્યા. ॥ ૧૦ ॥

विषय ५ मो ॥ मनुनीउत्पत्ति ॥

तपस्तप्त्वासृजन्मनुसस्वयंपूरुषोविराट् ॥
तन्माइयास्यसर्वस्यस्रष्टारंद्विजसत्तमाः ११

ભાવાર્થ-વિરાટ્ પુરૂષે પોતે તપ કરી જે પુરૂષને ઉત્પન્ન કર્યા તે હું આ સર્વ જગત્નો ઉત્પન્ન કર્ત્તાછુ. એમ મનુ અન્ય રૂષિને કહે છે. ॥ ૧૧ ॥

विषय ६ ठो ॥ दश प्रजापति उत्पत्तिः ॥

अहंप्रजाःसिसृक्षुस्तुतपस्तप्त्वासुदुश्चरम् ॥
पतीन्प्रजानामसृजंमहर्षिनादितोदशः ।१२।

ભાવાર્થ-મેં પ્રજા ઉત્પન્ન કરવા સારૂ દુસ્તર તપ કર્યું. અને રૂષિઓમાં પ્રમુખ દશ પ્રજાપતિને ઉત્પન્ન કર્યા.૧૨

मरीचिमत्र्यंगिरसौपुलस्त्यपुलहंक्रतुम् ॥
प्रचेतसंवसिष्टंचभृगुनारदमेवच ॥ १३ ॥

ભાવાર્થ-મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલ-

CC-0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

હ, ક્રતુ, પ્રચેતા, વસિષ્ટ, ભ્રગુ, નારદ (આ દશ પ્રજાપતિ કહેવાય છે) ॥ ૧૩ ॥

विषय ७ मो ॥ सप्त ऋषिनी उत्पात्तिः ॥

एतेमनुस्तुसप्तान्यानसृजत्भूरितेजसः ॥
देवान्देवनिकायांश्चमहर्षिश्चामितौजसः१४

ભાવાર્થ-પછી તે મનુએ ધણા તેજસ્વી એવા સપ્તર્ષિને ઉત્પન્ન કર્યા. તેમ તેઓનાં તથા દેવતાના સ્થાનને બીજા ધણા તેજસ્વી રૂષિઓને ઉત્પન્ન કર્યા. ॥ ૧૪ ॥

તેઓની સંખ્યા લગભગ ૮૮૦૦૦ ની થઇ છે. સપ્તર્ષીનામ.

कश्यपोऽत्रिवशिष्ठश्चविश्वामित्रोथगौतमः
जमदग्निर्भरद्वाजइातिसप्तर्षयस्मृताः ॥१९॥

ભાવાર્થ-કસ્યપ, અત્રિ, વસિષ્ટ, વિશ્વામિત્ર, ગૌતમ જમદગ્નિ, ભરદ્વાજ એ સપ્તર્ષિ જાણવા. ॥ ૧૫ ॥

विषय ८ मो ॥ चतुर्विणोत्पत्ति ॥

પ્રથમ વિરાટ્ ભગવાને પોતાના શરીરથી દુનિયામાં ૪ વર્ણ કર્યાં.

ब्राह्मणोस्यमुखमासीद्वाहुराजन्यकृतः ॥
उरूतदस्ययद्वैश्यःपद्भ्यांशुद्रोऽअजायत।१६।

ભાવાર્થ-મુખથી બ્રાહ્મણને, હાથથી ક્ષત્રિને, ઉરૂથી વૈશ્યને, પગમાંથી શુદ્રને ઉત્પન્ન કર્યા. ॥ ૧૬ ॥

लोकानांतुविवृध्यर्थंमुखबाहुरूपादतः ॥
ब्राह्मणंक्षत्रियंवैश्यंशुद्रंचानिरवर्त्तयत्॥१७॥

ભાવાર્થ-લોકોના વિસ્તાર વાસ્તે, મુખ, બાહુ, ઉ-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

રૂ, અને પગથકી ક્રમવડે બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય અને શુદ્ર ઉત્પન્ન કર્યા. ॥ ૧૭ ॥

सर्वस्यास्यतुसर्गस्यगुप्त्यर्थंसुमहाद्युतिः ॥
मुखबाहुरूपज्जानांपृथक्कर्माण्यकल्पयत् १८

ભાવાર્થ–સર્વ સર્ગ (જગત્) ની રક્ષા વાસ્તે મોટી કાંતિવાલા વિરાટ્ ભગવાને વિપ્ર, ક્ષત્રિ, વૈશ્ય, શુદ્રોનાં જુદાં જુદાં કામ ઠરાવ્યાં. ॥ ૧૮ ॥

इतिश्री आर्य मार्तण्डस्य प्रथम परिच्छेदे प्रथमो रष्मिः ॥

रष्मि २ जो विषय ९ मो चारयुगोना धर्म

अन्यःकृतयुगेधर्मस्त्रेतायांद्वापरेयुगे
अन्यःकलियुगेन्दणांयुगरूपानुसारतः ॥१॥

ભાવાર્થ–સત્ય, ત્રેતા, દ્વાપર, અને કલિયુગના જે મનુષ્યોના ધર્મછે તે યુગનારૂપને અનુસરીને જુદા જુદાછે. ૧॥

तपःपरंकृतयुगेत्रेतायांज्ञानमुच्यते ॥
द्वापरेज्ञानमेवाहुर्दानमेवकलौयुगे ॥ २ ॥

ભાવાર્થ–સત્યયુગમાં તપ કરવાથી, ત્રેતાયુગમાં જ્ઞાન થવાથી, દ્વાપરયુગમાં યજ્ઞ કરવાથી, અને કલિયુંગમાં દાન કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. ॥ ૨ ॥

कृतेतुमानवाधर्मास्त्रेतायांगौतमस्मृताः ॥
द्वापरेशंखलिखिताकलौपाराशरस्मृताः ३

ભાવાર્થ–સત્યયુગમાં મનુના કહેલા, ત્રેતાયુગમાં ગૌતમના કહેલા, દ્વાપરમાં શંખરૂષિના કહેલા, અનેકલિમાં પારાશરના કહેલ ધર્મ ચાલે છે. ॥ ૩ ॥

CC-0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

कृतेसंभाषणाद्देवस्त्रेतायांस्पर्शनेनच ॥
द्वापरेत्वेकमासेनकलौसंवत्सरेणतु ॥ ४ ॥

ભાવાર્થ-સત્યયુગમાં ભાષણથી, ત્રેતાયુગમાં સ્પર્શ-થી, દ્વાપરમાં ૧ મહીને, કલિયુગમાં એક વર્ષે દેવ પ્રસન્ન થાય છે. ॥ ૪ ॥

अभिगम्यकृतेदानंत्रेतास्वाहुयदीयते ॥
द्वापरेयाचमानायसेवयादीयतेकलौ ॥ ५ ॥

ભાવાર્થ-સત્યયુગમાં સામા જઈને, ત્રેતાયુગમાં પોતાને ઘેર બોલાવીને, દ્વાપરયુગમાં યાચના કરનારને, કલિયુગમાં સેવા કરનારને દાન દેવામાં આવે છે. ॥ ૫ ॥

अभिगम्योत्तमंदानमाहुयैवतुमध्यमं ॥
अधमंयाचमानायसेवादानन्तुनिष्फलम् ६

ભાવાર્થ-સામા જઈને આપવું તે ઉત્તમ છે, બોલાવીને આપવું તે મધ્યમ છે, યાચના કરેથી આપવું તે અધમ છે, અને સેવા કરનારને આપવું તે નિષ્ફલ છે. ૬

युगेयुगेचयेधर्मास्तत्रतत्रचयेद्विजाः ॥
तेषान्निन्दानकर्तव्यायुगरूपाहितेद्विजाः ७

ભાવાર્થ-જેજે યુગના જેવા ધર્મ તેવા તેવા દ્વિજ (વિપ્ર, ક્ષત્રિ, વૈશ્ય) થતાં આવે છે. વાસ્તે તેની નિંદા ન કરવી કારણ યુગના ધર્મ પ્રમાણે દ્વિજ થતા આવે છે. ૭

विषय १० मो ॥ सत्ययुगना ब्राह्मणो ॥

સત્યયુગમાં સત્વગુણ પ્રાધાન્ય ગણી. તે ઉપરથી થતી સાત્વિક વૃતિ સર્વની જોવામાં આવે છે. માટે સાત્વિક વૃત્તિવાળાએ ॥ં [illegible] શ્રીકૃષ્ણપર-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

૩, અને પગથકી ક્રમવડે બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય અને શુદ્ર ઉત્પન્ન કર્યા. ॥ ૧૭ ॥

सर्वस्यास्यतुसर्गस्यगुप्त्यर्थंसुमहाद्युतिः ॥
मुखबाहुरूपज्ज्ञानांपृथक्कर्माण्यकल्पयत् १८

ભાવાર્થ-સર્વ સર્ગ (જગત્) ની રક્ષા વાસ્તે મોટી કાંતિવાલા વિરાટ્ ભગવાને વિપ્ર, ક્ષત્રિ, વૈશ્ય, શુદ્રોનાં જુદાં જુદાં કામ ઠરાવ્યાં. ॥ ૧૮ ॥

इतिश्री आर्य मार्तण्डस्य प्रथम परिच्छेदे प्रथमो रष्मिः ॥

रष्मि २ जो विषय ९ मो चारयुगोना धर्म

अन्यःकृतयुगेधर्मस्त्रेतायांद्वापरेयुगे
अन्यःकलियुगेन्दणांयुगरूपानुसारतः ॥१॥

ભાવાર્થ-સત્ય, ત્રેતા, દ્વાપર, અને કલિયુગના જે મનુષ્યોના ધર્મછે તે યુગનારૂપને અનુસરીને જુદા જુદાછે. ૧॥

तपःपरंकृतयुगेत्रेतायांज्ञानमुच्यते ॥
द्वापरेज्ञानमेवाहुर्दानमेवकलौयुगे ॥ २ ॥

ભાવાર્થ-સત્યયુગમાં તપ કરવાથી, ત્રેતાયુગમાં જ્ઞાન થવાથી, દ્વાપરયુગમાં યજ્ઞ કરવાથી, અને કલિયુંગમાં દાન કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. ॥ ૨ ॥

कृतेतुमानवाधर्मास्त्रेतायांगौतमस्मृताः ॥
द्वापरेशंखलिखिताकलौपाराशरस्मृताः ३

ભાવાર્થ-સત્યયુગમાં મનુના કહેલા, ત્રેતાયુગમાં ગૌતમના કહેલા, દ્વાપરમાં શંખઋષિના કહેલા, અનેકલિમાં પારાશરના કહેલ ધર્મ ચાલે છે. ॥ ૩ ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

कृतेसंभाषणाद्देवस्त्रेतायांस्पर्शनेनच ॥
द्वापरेत्वेकमासेनकलौसंवत्सरेणतु ॥ ४ ॥

ભાવાર્થ–સત્યયુગમાં ભાષણથી, ત્રેતાયુગમાં સ્પર્શથી, દ્વાપરમાં ૧ મહીને, કલિયુગમાં એક વર્ષે દેવ પ્રસન્ન થાય છે. ॥ ૪ ॥

अभिगम्यकृतेदानंत्रेतास्वाहुयदीयते ॥
द्वापरेयाचमानायसेवयादीयतेकलौ ॥ ५ ॥

ભાવાર્થ–સત્યયુગમાં સામા જઈને, ત્રેતાયુગમાં પોતાને ઘેર બોલાવીને, દ્વાપરયુગમાં યાચના કરનારને, કલિયુગમાં સેવા કરનારને દાન દેવામાં આવે છે. ॥ ૫ ॥

अभिगम्योत्तमंदानमाहुयैवतुमध्यमं ॥
अधमंयाचमानायसेवादानन्तुनिष्फलम् ६

ભાવાર્થ–સામા જઈને આપવું તે ઉત્તમ છે, બોલાવીને આપવું તે મધ્યમ છે, યાચના કરેથી આપવું તે અધમ છે, અને સેવા કરનારને આપવું તે નિષ્ફલ છે. ૬

युगेयुगेचयेधर्मास्तत्रतत्रचयेद्विजाः ॥
तेषान्निन्दानकर्तव्यायुगरूपाहितेद्विजाः ७

ભાવાર્થ–જેજે યુગના જેવા ધર્મ તેવા તેવા દ્વિજ (વિપ્ર, ક્ષત્રિ, વૈશ્ય) થતાં આવે છે. વાસ્તે તેની નિંદા ન કરવી કારણ યુગના ધર્મ પ્રમાણે દ્વિજ થતા આવે છે. ૭

विषय १० मो ॥ सत्ययुगना ब्राह्मणो ॥

સત્યયુગમાં સત્વગુણ પ્રાધાન્ય ગણી. તે ઉપરથી થતી સાત્વિક વૃતિ સર્વની જોવામાં આવે છે. માટે સાત્વિક વૃત્તિવાલાઓનાં લક્ષણ કહુંછુ ગીતાજીમાં શ્રીકૃષ્ણપર-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

માત્માએ અર્જુન પ્રત્યે કહ્યું છે કે.

१ **यजन्तेसात्विकान्देवान्** ભાવાર્થ--સાત્વિક વૃત્તિવાલા સાત્વિક દેવતાનુ યજન કરે છે.

**आयुःसबलारोग्यंसुखप्रीतिविवर्धनाः ॥
रस्याः स्निग्धाः स्थिराः हृद्याः आहाराः
सात्त्विकाः प्रियाः ॥ ८ ॥ गीतायाम्**

ભાવાર્થ-આયુષ્ય, સત્વ, બળ, આરોગ્યપણું તે સુખ અને પ્રીતિને વધારનાર છે હૃદયને સ્થિર કરનારા રસવાલા, ચીકણા પદાર્થો સાત્વિક વૃત્તિવાલાઓને પ્રિયછે.૮

**श्रद्धयापरयातप्तातपस्तात्रिविधंनरैः
अफलाकांक्षिभिर्युक्तैःसात्विकंपरिचक्षते ९**

ભાવાર્થ-કાયિક, વાચિક, માનસિક, એ ત્રણ પ્રકારનાં તપશ્રદ્ધા રાખી સાવધાનીથી ફલેચ્છા રહીત સાત્વિક વૃત્તિવાલા કરે છે, ॥ ૯ ॥

**दातव्यमितियद्दानंदीयतेनुपकारिणे ॥
देशेकालेचपात्रेचतद्दानंसात्विकंस्मृतम् १०**

ભાવાર્થ-સામાના ઉપકારનુ અનુસંધાન નહિ કરતાં દાન આપે છે, તેમ છતાં પણ, દેશકાલને પાત્ર જોઇ સાત્વિક વૃત્તિવાલા દાન કરે છે. ॥ ૧૦ ॥

ઉપર પ્રમાણે સત્યયુગમાં સત્વ ગુણ પ્રાધાન્ય ગણી જે લક્ષણો કહ્યાં છે તેમ તે વખતે બ્રાહ્મણોની સ્થિતિ આ

---

૧ આ એક પદ છે એમ નથી પણ પદેપદ ચારે યુગોના ભાગમાં ભિન્ન ભિન્ન પાડ્યાંછે અને શ્લોક આખો વિષય ૧૪ મામાં છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ને ગુણકર્મ તેવાંજ હતાં તેનો પણ તપાશ કરતાં માલમ પડશે કે બ્રાહ્મણોની સ્થિતિ આવીજ હતી.

૧ **कृतेतुध्यायतोदेवम्** ભાવાર્થ-સત્ય યુગમાં ધ્યાન કરવાથી ઇશ્વર પ્રસન્ન થાય છે.—આ વાક્ય ઉપરથી આપણું ઉપરનુ વાક્ય જે **यजन्तेसात्वकोन्देवीन्** એ વાક્યને પૂર્ણ મદદગાર થયું એમ સિદ્ધ થાય છે. કેજે યુગમાં દેવને માનતાને દેવ ધ્યાન કરવાથી પ્રસન્ન થતા તે સત્યયુગ અને સાત્વિક વૃત્તિવાળાઓ દેવનું યજન કરે છે. તે વખતે ચાલતા એવા ૨**छांदस** વિદ્યાથી કરતા હતા. આહાર વાસ્તે ફલફલાદકિ ખાતા, સોમવલ્લિનો રસ પીતા, તેમ પંચમહાયજ્ઞો કરતા તે યજ્ઞોનાં નામ **देवयज्ञ १ भूतयज्ञ २ पित्तयज्ञ ३ ब्रह्मयज्ञ ४ मनुष्ययज्ञ** ૫ વીગેરે યજ્ઞો ફલની આકાંક્ષા શિવાય કરતા હતા, કેટલાક **ब्रह्मयज्ञ** ૪ થો તેનો અર્થ દરેક ગ્રંથોના આદિ વાક્ય બોલવાં એમ માને છે. પરંતુ આદિ

---

૧ આ પદ પણ ઉપર પ્રણાણે યુગેયુગમાં ભિન્ન પાડી ભાષણ કરેલ છે. ને આખો શ્લોક વિષય લખેલ છે તે જોઇ લેવો.

૨ **छांदस १ आर्ष २ पौरूष** ૩ એમ ત્રણ ભાગ સંસ્કૃત ભાષાના કેટલાક ગ્રન્થોમાં માન્યા છે. **छांदस** એ શ્રુતિના અન્ય તેના વેદ–નિગમ આમ્ન વેદ, બ્રાહ્મ એવાં નામો હતાં: **आर्ष** એટલે રૂષિ પ્રવર્તસ્મૃતિ અને પુરાણાદિક એવાં નામો છે તેવા ગ્રંન્થોને આર્ષ કહે છે. બીજા વિદ્વાનના રચેલા ગ્રન્થોને **पौरूष** કહેછે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

વાક્ય લેવું એમ નથી; સંપૂર્ણાવલોકન કરી અર્થ સમજવો પ્રખ્યાત વેદ ભાષ્યાકાર સાયનાચાર્યે લખ્યું છે કે.

मननहेतुर्मन्त्रःकर्मचोदनानिब्राह्मणानि ॥

ભાવાર્થ-મંત્ર તે ધ્યાન કરવાને ઉપયોગી છે જે બ્રાહ્મણ ભાગ છે તે કર્મ કરવામાં ઉપયોગ આવે છે.

स्थाणुरयंभारहरोकिलाभूदधित्यवेदंनजहातियोर्थम् ॥ योऽर्थज्ञस्तत्सकलंभद्रमष्नुतेनाकमेज्ञानविधुतपाम्पा ॥ १३ ॥

ભાવાર્થ-બ્રાહ્મણ એ ગ્રન્થ કરનારને દર્શક છે. પણ જે બ્રાહ્મણ અર્થ જાણતો નથી તે ઘરના થાંભલા જેવો નિર્જીવ છે અને અર્થ જાણનારનુ સ્વર્ગ દ્વારમાં પણ કલ્યાણ થાય છે. ॥ ૧૩ ॥

तस्माद्ब्राह्मणेभ्योवेदविद्भ्यो दिनेदिनेनमस्कुर्यात् ॥ १४ ॥ तैतरी.

ભાવાર્થ-વાસ્તે વેદ, વેદના અર્થ જાણનાર બ્રાહ્મણને દિનેદિને નમસ્કાર કરવો. તે વખતે બ્રાહ્મણો માત્ર ઇંદ્રિય વશ્ય રાખનારા કાયિક, વાચિક, અને માનસિક, એ ત્રણ પ્રકારના તપો ક્લેચ્છા સિવાય કરતા હતા. તેમ દાન દેતા અને લેતા. આ પ્રમાણે સત્યયુગના બ્રાહ્મણોની વર્તણુક હતી. તેથી તેઓનુ આયુષ્ય બુદ્ધિ, વિદ્યા, અને બ્રહ્મતેજ વધતું અને તેથી તેઓનું માન પણ સર્વોતમ હતું.

आज्ञाभंगोनरेंद्राणांविप्रस्यमानखंडनम् ॥ पृथक्शय्याचनारीणामशस्त्रोवधउच्यते १५

ભાવાર્થ-રાજાઓની આજ્ઞા ન પાળવી, બ્રાહ્મણોનુ

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

અપમાન કરવું, પોતાની સ્ત્રિથી નોખી શય્યામાં સુવું તે હથિયાર શિવાય વધ સમાન છે. ॥ ૧૬ ॥

એ વાક્યથી બ્રાહ્મણોનુ બહુ માન હતું. તેમ તેઓ સત્વ ગુણવાલા હતા. તેથી તેઓની સ્થિતિ પણ તેવી જ હતી. એમ નક્કી જણાઇ આવે છે. જુઓ ઉપરનું વાક્ય યુંગયુગના બ્રાહ્મણોમાં ૧ **युगेयुगेचयेधर्मेति** જેવા યુગના ધર્મ તેવા દ્વિજ થતા આવેછે. એ નકીજછે.

विषय ११ मो ॥ त्रेतायुगनाब्राह्मणो ॥

આ ત્રેતાયુગમાં રજો ગુણ પ્રધાન્ય ગણી રાજસી પ્રકૃતિવાલાનાં લક્ષણો કહુંછું અને શ્રીકૃષ્ણે જે અર્જુન પ્રત્યે ગીતામાં કહ્યું છે તે સાક્ષીભૂત છે. ૨ **यक्षरक्षांसि राजसाः** ભાવાર્થ–રાજસી પ્રકૃતિવાલા રાજસી યક્ષરાક્ષસોનુ યજન કરે છે.

कट्वाम्ललवणात्युष्णातीक्ष्णरूक्षविदाविनः
आहारा राजसश्रेष्टादुःखशोकाःभयप्रदाः१६

ભાવાર્થ–અતિ કડવાં, ખારાં, ઉનાં, તીખાં, લુખાં, અને ખરેલાં એવાં દુઃખ શોકને દેનારાં જે આહરો તે રાજસી પ્રકૃતિવાલાને પ્રિય છે. ॥ ૧૬ ॥

अभिसंधायफलंयत्त्वदंभार्थमपिचैवयत् ॥
इज्यतेभरतश्रेष्टतंयज्ञंविधिराजसम् ॥१७॥

ભાવાર્થ–હે ભરતકુળમાં શ્રેષ્ટ (અર્જુન) ફલની ઇ

---

૧ ગયા વિષયનવમાનો૭ મોસ્લોકઆખોવાંચી જુઓ

૨ આ બીજું પદ એમ ત્રીજા ચોથા યુગના બે પદ બીજા મલી આખો સ્લોક ૧૪ વિષયમાં.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ચ્છાથી અને કીર્તી વાસ્તે રાજસી પ્રકૃતિવાલા યજ્ઞો કરેછે.

सत्कारमानपूजार्थंतपोदंभेनचैवयत् ॥
क्रियतेतदिहप्रोक्तंराजसंचलमध्रुवम् ॥१८॥

ભાવાર્થ-રાજસી પ્રકૃતિવાલા સત્કાર માનને પુજાને અર્થે ખાલી આડંબર કરેછે તેથી તેનાં તપ ધ્રુવ થતાં નથી.

यतुप्रत्युपकारार्थंफलमुद्दिश्यवापुनः ॥
क्षयतेचपरिक्लिष्टंतद्राजसमुदाहृतम् ॥१९॥

ભાવાર્થ-રાજસી પ્રકૃતિવાલા ઉપકાર વાસ્તે ક્લેશ કરીને દ્રવ્ય આપે છે. ઉપર સત્યયુગમાં સાત્વિક વૃત્તિવાલાનાં લક્ષણ કહ્યાં હતાં હવે જુઓ આ ચાલતો ત્રેતાયુગમાં રાજસી પ્રકૃતિવાલાનાં લક્ષણો તપાસી,એતો १ **त्रेतायांयजतोमखैः** આ વાક્યથી ત્રેતાયુગમાં યજ્ઞથી યજન કરતા, બ્રાહ્મણો નિત્ય નવા પ્રસાદો જમતા, યજ્ઞનું માંસ પવિત્ર કરીને જમતા. **छांदस** બાબતને ઠેકાણે **आर्ष** ગ્રન્થો શરૂ થયા પ્રતિષ્ઠા વાસ્તે ફલની ઇચ્છા વાસ્તે, અશ્વમેધાદિ મોટા મોટા યજ્ઞો કરવા લાગ્યા શંકરને કમલ પુજા (માથું ચડાવવું) કરતા, ચાર માસ ઉપવાસ કરી આઠ માસ જલપી તપ કરવા લાગ્યા. બ્રાહ્મણોને ઘેર બોલાવી દાન દેવા લાગ્યા. તેથી ત્રેતાયુગમાં સત્યયુગ કરતાં આયુષ્ય, કીર્ત્તિ, બળ, વિદ્યા વિગેરેમાંથી ઘટારો થયો. એટલે રાજસી પ્રકૃતિવાલાની સ્થિતિ મધ્ય-

---

१ **छांदस आर्ष** નુ વિવેચન ગયાં પૃષ્ટ ૯ મે કરેલછે આ એક બીજું વાક્ય થયું આગળ શ્લોક આવતા વિષયમાં લખેલ છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

મ થઇ ગઇ. ઉપરનું વાક્ય. ૧ **युगेयुगेचयेधर्माति** યુગયુગના જેવા ધર્મ તેવા દ્વિજ વર્ણ થતાં આવે છે.

विषक १२ मो ॥ द्वापरयुगनाब्राह्मणो ॥

હવે આ ત્રીજો દ્વાપર યુગ છે તેમાં રજો ગુણ, અને તમોગુણ પ્રાધાન્ય ગણી, રાજસી, તામસી પ્રકૃતિવાલાનાં લક્ષણો કહું છું.

२प्रेतान्भूतगणाऽश्चान्येयजन्तेतामसाःजनाः

ભાવાર્થ-ભૂત અને પ્રેતનું યજન તામસી પ્રકૃતિવાલાઓ કરેછે. ॥ ૨૦ ॥

यातयामंगतरसंपूर्तिपर्युषितंचयत् ॥
उच्छिष्ठमपिचामेध्यंभोजनंतामसःप्रियम् ॥

ભાવાર્થ-એક પહોર પહેલાં રાંધેલું, રસરહીત, દુર્ગંધ યુક્ત, અમંગલ, ઉચ્છિષ્ટ, એવો અહાર તામસી પ્રકૃતિવાલાને પ્રિય છે.

विधिहिनमसृष्टान्नंमंत्रहिनमदक्षिणम् ॥
श्रद्धाविरहितंयज्ञंतामसंपरिचक्षते ॥ २२ ॥

ભાવાર્થ-વિધિસહીત ન સૃજેલાન્નવિના, મંત્ર દક્ષિણા શિવાય, શ્રદ્ધારહીત, તામસી પ્રકૃતિવાલાઓ યજ્ઞો કરે છે. ॥ ૨૨ ॥

मूढग्राहेणात्मनोयात्पिड्याचाक्रियतेतपः ॥
असतकृतमवज्ञातंतत्तामससुदाहृतम् ॥२३

---

૧ ગયા પૃષ્ટ ૭ મે શ્લોક ૭ આખો છે

૨ આ બે પદથી શ્લોક પૂરો થયો છે, આવતા વિષયમાં કરેલો છે. પૃષ્ટ ૧૮

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ભાવાર્થ-સત્કાર રહિત દાન કરે, આદરભાવ વિના તેમજ અપવિત્ર દેશમાં પરવણી વિના, તામસી પ્રકૃતિવાલાઓ યજ્ઞો કરે છે. ॥ ૨૩ ॥

१**द्वापरेपरिचर्यायाम्** આ વાક્ય ઉપરથી દ્વાપરયુગમાં ૨ **छांदस** ૩ **आर्षग्रन्थो** બધંપાડી ૪ **पौरूष** ગ્રન્થો પ્રવર્ત્તવા લાગ્યા વેદ મંત્રથી થતા યજ્ઞો બંધપાડી, મૂર્તિપૂજા શરૂ થઇ. ને હનુમાન, શુરવીરનો પાળીયો, મામો, મેલડી વિગેરે પૂજા પણ શરૂ થઇ. બ્રાહ્મણો વેદશુન્ય થઇ ગયા, અજ્ઞાન થતા ગયા, સ્થિતિ બગડવા લાગી, આહારમાં જેમ જેને રૂચે તેમ તેઓ ખાવા લાગ્યા, પદાર્થો પદાર્થનું જ્ઞાન રહ્યું નહીં, પંચમહાયજ્ઞો નાશ થવા લાગ્યા, ઘેર ઘેર માગવા જાય તેઓને દાન દેવાનો ધારો શરૂ થયો, તેમજ મોહની, વશીકરણ, ઉચ્ચાટણાદિ દેહકષ્ટના તપો પારકા નાશને વાસ્તે સતેજ થયા, અને આયુષ્ય, બળ, વિદ્યા, વિગેરે સત્યયુગ કરતાં તદન અરધ થયાં, સ્થિતિ કનિષ્ટ થઇ ગઇ. ઉપરનું વાક્ય.

५**युगेयुगेचयेधर्मोति**

ભાવાર્થ યુગ યુગના જેવા ધર્મ તેવા દ્વિજવર્ણ થાયછે

विषय १३ मो ॥ कलियुगनाब्राह्मणो ॥

આ કલિયુગમાં તમોગુણ પ્રાધાન્ય ગણવા વાલાઓની ઉત્પતિ, અને તેઓની અથડા અથડી ને તેનાં લ-

---

૧ આ ત્રીજુ પદ છે ને આખો શ્લોક આવતા પૃષ્ટ ૧૭ માં આખો છે વાંચો ૨ છાંદસ ૩ આર્ષ ૪ પૌરૂષનું વિવેચન ગયા પૃષ્ટ ૯ માની ટીપણમાં કરેલ છે. ૫ આ શ્લોક ગયા પૃષ્ટ ૭ માં ૭ મો છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ક્ષણો નીચે દર્શાવું છું.

દ્વાપરયુગમાં દાખલ થયેલ જે મૂર્તિપૂજા તે આ કલિયુગમાં ચાલુ રહી. કોઇ કોઇ શંકર, વિષ્ણુ, સૂર્ય, ગણપતિ, દેવી, તેઓનું ઉપાસન કરવા લાગ્યા. તે એવા તો ધર્મચુસ્ત થઇ ગયા કે, શંકરના ઉપાસિકો વિષ્ણુની નિંદા કરે છે, ને વિષ્ણુના ઉપાસિકો તો શિવનું નામ નહી લેતાં નિંદા કરેછે. તેથી વેદમંત્ર ને જ્ઞાનનો નાશ થયો. છેવટે ૧ **कलौतद्धरिकीर्त्तनात्** અર્થાત્ કલિયુગનાં હરિભગવાનના કીર્ત્તનથી ઇશ્વર પ્રસન્ન થાય છે આમ નિયમ શરૂ થયો. આ દાખલો સાચો છે. જુઓ ૧ વિપ્રાદિ ચારે વર્ણો જે **आर्य** (વિપ્ર, ક્ષત્રિ, વૈસ્ય, શુદ્ર) વિગેરે ધર્મ, કર્મ, ભ્રષ્ટ થયા. માન ભ્રષ્ટ થયા બ્રાહ્મણો રસોઇ કરવા લાગ્યા શેવા દાનનો ધારો શરૂ થયો, એ પ્રમાણે કેટલાક ખરાબ ધારાઓ, ધર્મો, પ્રવર્ત્તવા લાગ્યા. ને બ્રાહ્મણાદિ ચારે વર્ણોનું આયુષ્ય, વિદ્યા, બળ, તેજ, નાશ પામી છેવટે **अस्तप्राय** થઇ ગયું છે. અને ખરાબ નિચ નામાકિત પદવીને પ્રાપ્ત થયા, જેમ કે **ભામણ, ભૈડક, લંગોટા** ને છેવટે **ભિખારી** આવી ઉપમા આ હા હા હા !!! ઓ પંરમ કૃપાલુ ઇશ્વર આ કેવો કુકર્મ કરનારો કલિકાલ કલેશ કરી કુકર્મથી કંપાવી, કચરી, કપટથી કારાગ્રહમાં કેદ કરી, કંજુસાઇ કુદાવી, કારો કેર કરીને ષટ્ કર્મનો નાશ કર્યો. ને બ્રાહ્મણાદિકની હલકી સ્થિતિ થવા લાગી ને સાક્ષાત પરમપદની પ્રાપ્તિ કરાવનારા બ્રાહ્મણોને આવા અપમાનથી ભરેલા કુશબ્દોથી બોલાવે છે પણ હશે, વખત છે કારણ કે,

---

૧ આમ શ્લોક આખો થયો તે આવતા પૃષ્ટ ૧૭ મે છે

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

जितोधर्मोह्यधर्मेणसत्यंचैवानृतेनच ॥
जिताश्चौरैश्चराजानःस्त्रिभिश्चपूरूषाःकलौ

ભાવાર્થ—અધર્મે ધર્મને જીત્યો, અનૃતે સત્યને જી-ત્યું, ચોરે રાજાઓને જીત્યા ને પૂરૂષને સ્ત્રિઓએ જીત્યા એ-વો કલિયુગ છે. ॥ ૨૫ ॥

सिदन्तिचाग्निहोत्राणिगुरूपूजाप्रणश्यति ॥
कूमार्यश्चप्रसूयन्तेअस्मिन्कालियुगेसदा ॥ २६

ભાવાર્થ—અગ્નિહોત્ર રખડી પડશે. ગુરૂની પૂજામાં ખામી પડશે (નાશ પામશે) કુંવારી કન્યાને પ્રસવ થશે એમ આ કલિયુગ વિષે હમેશાં થશે. ॥ ૨૬ ॥

निविर्यापृथ्विनचौषधिरसः साध्वीजनापि
डिताः भूपालाःनिजधर्मकर्मरहिताःविप्राः
कुमार्गेगताः॥भार्याभर्त्रुविरोधिनीपररता
वेदाश्चस्वर्गेगताः हाहाकष्टप्रवर्त्ततेकलियुगे
धन्योमृतायेनराः ॥२७॥ बृहत्सारंधर्याम् ॥

ભાવાર્થ—પૃથ્વિ તેતો ઔષધ રસ રહિત થઇ. સા-ધુ (પવિત્ર) મનુષ્યો પીડાય છે. રાજાઓ પોતાના ધર્મ કર્મથી રહિત થયા. બ્રાહ્મણો ખરાબ માર્ગે ચાલવા લાગ્યા. સ્ત્રિ પતિની સાથે વિરોધ થવા લાગ્યો અને પરપુરૂષ સા-થે રતિવિલાસ ભોગવવા લાગીઓ. વેદો છે તે શૂન્ય થઇ સ્વર્ગે ગયા. વાંસ્તે આ કલિયુગમાં આવું કષ્ટ વર્તમાન છે વાસ્તે મરેલ એવા ને મરીજાતાં મનુષ્યોને ધન્ય છે. ॥ ૨૭

તેમ બ્રાહ્મણોની કીર્ત્તિ, આયુષ્ય, બળ, વિદ્યા, તેજ, અલ્પ થઇ ગયાં કનિષ્ટમાં કનિષ્ટ સ્થિતિએ પહોંચ્યા. આ-ગલ પણ અધમાધમ ધર્મની સ્થિતિ થશે. એ નક્કી જ-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ણાઇ આવે છે. ને આવશે. જુઓ આપણા શ્રીમદ્‌ભાગવતના દ્વાદશ સ્કંધના બીજા ત્રીજા અધ્યાયમાં કલિયુગનું ભવિષ્ય રૂષિઓએ કેટલું બધું કહ્યું છે તે સૌ કોઇને યાદ તો હશેજ.

આ કલિયુગનું જેટલું વર્ણન કરીએ તેટલું થોડુંજ પણ આંહી આટલું તો બશ છે. કારણ ઉપરનું વાક્ય કે **युगेयुगेचयेधर्मौति** ॥ ભાવાર્થ–યુગ યુગના જેવા ધર્મ તેવા દ્વિજવર્ણ થતાં આવે છે. પણ આ તો ક્રુર કલીકાલ કહેવાય છે વાસ્તે બંધુઓ? **यावत्समयस्तावद्विधिः** ॥ જેવો સમય તેવી વિધિ પ્રમાણે વર્તવું. અગ્રેશ્વવરોગતિ. અફશોષ? શિવાય નમઃ તત્સત્પરમાત્મને નમઃ.

રશ્મિ ૨ જો સમાપ્ત.

रश्मि ३ जो ॥ विषय १४मो ॥

॥ ब्रह्मणोत्पत्ति धर्मस्थिति ॥

[१]कृतेतुध्यायतोदेवं[२]त्रेतायांयजतोमखैः

[३]द्वापरेपरिचर्यायां[४]कलौतद्धरिकीर्त्तनात्॥१

ભાવાર્થ—સત્યયુગમાં ધ્યાન કરવાથી 'ત્રેતાયુગમાં યજ્ઞ કરવાથી' દ્વાપરમાં પૂજા કરવાથી અને કલિયુગમાં કીર્તન કરવાથી હરિ પ્રસન્ન થાય છે. ॥ ૧ ॥

૧+૧-૨-૩-૪ આ શ્લોકનાં પદે પદ ગયા પૃષ્ટ ૯-૧૨-૧૪-૧૫-૧૧ મે કરેલ છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

[1]यजन्तेसात्विकान्देवान्[2]यक्षरक्षांसिराज-
सा: ॥
[3]प्रेतान्भूतगणाञ्श्चान्येयजन्तेतामसा:जना:

ભાવર્થ—સાત્વિક વૃત્તિવાલાઓ દેવતાનું યજન કરે છે. રાજસિ પ્રકૃતિવાલા યક્ષ રાક્ષસોનું પુજન કરે છે અને તામસિ પ્રકૃતિવાલાઓ ભૂત–પ્રેતનું યજન કરે છે. ॥૩॥

चतुर्वर्णामपिवर्णानामाचारोधर्मपालकः ॥
आचारभ्रष्टदेहानांभवेद्धर्मपराङ्मुखः ॥३॥

ભાવાર્થ—ચારે વર્ણો અને ઉપવર્ણોનો આચાર તે ધર્મપાલક છે. અને જે આચાર ભ્રષ્ટ છે તે અધર્મી કહેવાય ॥ ૩ ॥

બંધુઓ! મારી બુદ્ધિ પ્રમાણે યુગયુગની સ્થિતિ વર્ણન ને બ્રાહ્મણાદિ વર્ણોની હાલતનું વર્ણન કર્યું છે તોપણ ચોખું ને વધારે સ્પૂટાર્થે ચારે યુગોનું તારણ શારાંસથી લખું છું તે વાંચવા તસ્દી આપુ છું પ્રથમ તો કલિયુગમાં જેટલું ને જે પ્રમાણે બ્રહ્મતેજ ઓછું થયું છે તેટલું બીજા યુગોમાં તો નહિં થયું હોય જેમ કે—

આમ તો ધોરણ નજ બાંધવું કે ચારે યુગમાં ચારે વર્ણોનિ સ્થિતિ સરખી હશે જે યુગમાં જેવા બ્રાહ્મણોની વૃત્તિ, ધર્મ, વધારે તે યુગમાં તેવીજ સ્થિતિ પ્રાધાન્ય ગણાઇ છે. મેં જે જે યુગમાં જે જે વૃત્તાન્ત લખ્યું છે તે માત્ર દરેક યુગમાં દરેકવૃતિનો સમાવેશ કરી તપાશીને લખ્યું છે.

હવે જુઓ! બધા વર્ણો કરતાં બ્રાહ્મણ વર્ણ શ્રેષ્ટ છે. તેઓ બીજા વર્ણોની પેઠે તેઓ એકદમ આચાર, ધર્મ, નીતિ વિગેરેમાં ભૃષ્ટ થયા નહોતા. પરંતુ સત્યયુગમાં

૧-૨-૩ આ શ્લોકનાં પદેપદ ગયા પૃષ્ટ ૮-૧૧-૧૩

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

બ્રાહ્મણો સાત્વિક વૃત્તિવાલા હતા. તેમજ ત્રેતા, દ્વાપર, કલિયુગમાં પણ જોવામાં આવે છે અને ત્રેતા, દ્વાપર, ને કલિયુગમાં રાજસી, તામસી પ્રકૃતિવાલા ઉત્પન્ન થયા છે. એ નિઃસંદેહ છે. પરન્તુ બ્રાહ્મણોએ જે શ્રેષ્ટતા મેળવેલી છે. તે માત્ર પોતાના ધર્મને દૃઢ વિચારવડેજ ? વળી આવા દુસ્તર કાળમાં પણ તેઓ પોતાની દૃઢતા ન છોડવાથી હાલમાં પોતાની મુખમુદ્રા જે આપણી દૃષ્ટિપથમાં પડે છે તેપણ યત્કિંચિત્ સાત્વિક વૃત્તિવાલાઓનીજ છે. એમ માલમ પડે છે. બાકી ચાલુ સમયના બ્રાહ્મણોનું બ્રહ્મતેજ અને તેઓને **બ્રાહ્મણ** આટલી ઉપમા જે ઉતમ માન્યથી આપવી તેપણ સર્વને વિચાર કરવો પડે છે.

આ ઉપરથી તમારા જાણવામાં આવ્યું તો હશે કે **સત્યયુગ**માં બ્રાહ્મણો ધર્મચુસ્ત થઇ વિદ્યા ભણી ભણાવી દાન લેઇ, દેઇ, યજ્ઞ કરી, યજ્ઞ કરાવતા. લોકોના હિતને વાસ્તે પોતાનો કાલ નિર્ગમન કરતા ને લોકો પણ તેઓનું માન્ય રાજા કરતાં અધીક રાખતા. તેમ તેઓના આયુષ્ય, બળ, વિદ્યા, તેજ સર્વોત્તમ હતાં ને બ્રહ્મતેજ તો સૂર્યથી પણ શ્રેષ્ટ હતું. તેમ વચનસિદ્ધિ હતા. તેના શ્રાપ આશિર્વાદ બરાબર લાગુ પડતા. તેમ તેઓ ક્ષમાવાન, સત્તવાન, બ્રહ્મચર્યે, ગૃહસ્થાશ્રમ, સન્યાશિ, વાનપૃસ્થાદિ આશ્રમોમાં ધર્મચુસ્ત હતા. અને નિત્ય નૈમિત્તક ધર્મ, કર્મ, સાંગોપાંગ સાર્થ જાણતા. અને પાળતા તેથી સત્યયુગમાં સર્વેથી શ્રેષ્ટ હતા.

ત્રેતા યુગમાં પણ ધર્મસ્થિતિના તફાવતથી સર્વની વર્તણુક મધ્યમ થઇ ગઇ. દ્વાપરયુગમાં તેજ બ્રાહ્મણોની સ્થિતિ સાધારણનિષ્ઠુર થતાં અજ્ઞાનતા ચાલી વૃત્તિ કનિષ્ટ થઇ.

કલિયુગમાં તો છેક વેદ રહિત ક્રિયા, ધર્મ, સદાચરણ, સાત્વિક વૃત્તિ, જ્ઞાન, બળ, વિદ્યા, તેજ, આયુષ્ય, પ-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

તિષ્ઠા (કીર્તિ) વિગેરે રહિત થયા. પોતાની સ્થિતિ કનિષ્ટમાં કનિષ્ટ (અધમ) થઇ ગઇ ને પોતાનું બ્રહ્મતેજ તાવડીના તળાં જેવું દેદિપ્યમાન જોવામાં આવે છે. અને પોતાની વર્તણુક ભાષા નિચે પ્રમાણે છે.

अन्तःशाक्ताबहिर्शैवाशिष्नोदरपरायणाः
कलौविप्राभविष्यन्तिसभामध्येतुवैष्नवाः

ભાવાર્થ—હૃદયમાં શક્તિ ઉપાસિ બહારથી શૈવી સભામાં જાય એટલે વૈષ્નવ છું. તેમાં શિશ્ન (લિંગ)ને ઉદરપૂર્ણા કરવામાં પરાયણ એવા વિપ્ર કલિયુગમાં થાશે. ।। ૪ ।। તે આજકાલ જોવામાં પણ આવે છે. વાસ્તે હે **ઈશ્વર !** બ્રહ્મવંશી બ્રાહ્મણો મહા દુઃખી હાલતમાં છે. વાસ્તે હે ' પરમકૃપાલુ પરમેશ્વર ' આવા ઉત્તમ સુખમાં લાગેલા પ્રતિષ્ઠા પામેલા આયુષ્ય, ગુણ, બળ વિદ્યા, તેજ, વૃત્તિમાં વધેલા બ્રાહ્મણો અને અન્ય ક્ષત્રિ, વૈસ્ય, શૂદ્રો વિગેરેની સ્થિતિ કૃપા કરી સુધારો અને તમારી સહાયતાથી કરેલ જે આ લઘુ ગ્રન્થ તેમાંથી બોધ (લક્ષ) લે. એવી સર્વ શક્તિમાન મહાપ્રભુ પરમેશ્વરને નમ્રતાપૂર્વક માગણી છે તે સ્તુતિ સ્વિકારશો કે ? ? ? હા ? ? તથાસ્તુ.

विषय १९ मो ॥ गुणकर्मथीजातिविभाग ॥

બ્રહ્મા થકી બ્રાહ્મણોની ઉત્પત્તિ થઇ. આખી દુનિયામાં બ્રાહ્મણ શિવાય અન્ય વર્ણો નહોતાં ત્યારપછી ગુણ કર્મના ભેદથી વિપ્ર, ક્ષત્રિ, વૈસ્ય, શુદ્ર એ * જાતિઓ થઇ. મહાભારતના શાન્તિપર્વના ૧૮૮ અધ્યાયમાં ભૃગુ રૂષિએ ભારદ્વાજને કહ્યું છે કે.

---

* ગયા પૃષ્ટ ૬ ઠ્ઠામાં કહીગયા છીએ.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

नविशेषोऽस्तिवर्णानांसर्वंब्राह्ममिदंजगत् ॥
ब्राह्मणापूर्वसृष्टंहिकर्मभिर्वर्णतांजगत् ॥५॥

ભાવાર્થ—પ્રથમ આખું જગત્ બ્રાહ્મણ જાતિથી ભરેલું હતુ. અન્ય વર્ણો નહોતાં તેમ બ્રહ્માએ જે જે રચ્યું તે સર્વ બ્રાહ્મણમય હતું. પાછળ ગુણ કર્મથી જાતિવિભાગ પડયા, ને વિપ્ર, ક્ષત્રિ, વૈસ્ય, શુદ્ર એમ ચાર વર્ણો થયાં. ॥ ૫ ॥

नजात्याब्राह्मणश्चात्रक्षत्रियोवैश्यएववा॥
नचशुद्रोनवैम्लेच्छोभेदितागुणकर्मभिः ॥६

ભાવાર્થ—પ્રથમ જન્મથીજ કોઇ બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈસ્ય, શુદ્ર, કે મ્લેચ્છ કોઇ પણ નથી પણ ગુણકર્મથી છે.

धर्मचर्ययाजघन्योवर्णः पूर्वंपूर्ववर्णमापद्यते जातिपरिवृत्तौ ॥ अधर्मचर्ययावर्णोजघन्यं वर्णमापद्यतेजातिपरिवृत्तौ ॥ ७ ॥ यजुर्वेदे.

ભાવાર્થ—હલકો વર્ણ પણ ધર્માચરણથી ઉત્તમોત્તમ પણાને પામે છે અને ઉત્તમ વર્ણ પણ અધર્માચરણથી હલકા (કનિષ્ટ) પણાને પ્રાપ્ત થાય છે. ૭ ॥

विश्वामित्रोवसिष्ठश्चमतंगोनारदादयः ॥
तपोविशेषैसंप्राप्ताउत्तमत्वंनजातितः॥८॥

ભાવાર્થ—વિશ્વામિત્ર, વસિષ્ટ, મતંગ, નારદાદિ ૠષિઓ ઘણા તપથી ઉત્તમપણાને પામ્યા છે પણ મૂળ જાતિથી નહિં ॥ ૮ ॥

विषय १६ मो ॥ श्रेष्ट ब्राह्मणना गुणकर्म ॥

अथयएतदक्षरंगार्गिविदित्वाऽस्माल्लोका-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

त्प्रैतिसब्राह्मणः ॥ ९ ॥ बृहदारण्ये.

ભાવાર્થ— હે ગાર્ગિ! જે મનુષ્ય આ અક્ષરબ્રહ્મ (ॐकार) ને જાણી આ લોકમાંથી પરલોકમાં જાય છે તેજ શ્રેષ્ટ બ્રાહ્મણ સમજવા. ॥ ૯ ॥

सत्यंदानमथाद्रोहआनृषस्यंतपोघ्रणा ॥
तपश्चदृश्यतेयत्रसब्राह्मणइतिस्मृतः ॥ १० ॥

ભાવાર્થ—જેઓમાં સત્ય, દાન, અદ્રોહ, અક્રુરતા, લજ્જા, દયા, ઇંદ્રિયનિગ્રહ, વિગેરે તપો જેનામાં દેખાતાં હોય તે બ્રાહ્મણ કહેવાય. ॥ ૧૦ ॥

ज्ञानकर्मोपासनाभिर्देवताराधनेरतः ॥
शांतोदांतोदयालुश्चब्राह्मणश्चगुणैःस्मृतः ११

ભાવાર્થ—જ્ઞાન કર્મઉપાસનાએ કરીને દેવના આરાધનમાં પ્રીતિવાળો, શાંત એવો, જીતેંદ્રિય એવો અને દયાળુ આવા ગુણ બ્રાહ્મણને યોગ્ય છે. ॥ ૧૧ ॥

क्रोधःशत्रुर्शरीरस्थोमनुष्याणांद्विजोत्तम ॥
यःक्रोधमोहौत्यजतितंदेवाब्राह्मणंविदुः ॥ १२ ॥

ભાવાર્થ—હે દ્વિજોત્તમ ક્રોધ એ મનુષ્યનો શરીરમાં રહેલો શત્રુ છે. જે બ્રાહ્મણ ક્રોધ મોહને તજે છે તેનેજ દેવતા બ્રાહ્મણ કહે છે. ॥ ૧૨ ॥

योवदेदिहसत्यानिगुरुंसंतोषयेच्चयः ॥
हिंसतश्चनहिंसेततंदेवाब्राह्मणंविदुः ॥ १३ ॥

ભાવાર્થ—સાચું બોલે, ગુરૂને સંતોષ આપે, દુઃખ દેનારને સામું દુઃખનઆપે તેને દેવતાઓ બ્રાહ્મણકહેછે. ૧૩

जितेंद्रियोधर्मपरःस्वाध्यायनिरतःशुचिः ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

कामःक्रोधःवसेयस्यतंदेवाब्राह्मणंविदुः १४

ભાવાર્થ--ઇંદ્રિય વશ્ય રાખે, ધર્મ પરાયણ, પવિત્રતાપણું, પ્રીતિપૂર્વક વેદ ભણે, કામ ક્રોધને જીતે, તેને દેવતાઓ બ્રાહ્મણ કહે છે. ॥ ૧૪ ॥

यस्यचात्मसमोलोकेधर्मज्ञस्यमनस्विनाः ॥
सर्वधर्मेषुचरतःतंदेवाब्राह्मणंविदुः ॥ १५ ॥

ભાવાર્થ—પોતાના સમાન સર્વને ગણે, ધર્માભિમાની હોય, સર્વ પ્રકારનાં ધર્માચરણ કરે, તેને દેવતાઓ બ્રાહ્મણ કહે છે. ॥ ૧૫ ॥

આ ઉપરનાં વાક્યો ઉપરથી સિદ્ધ થાય છે કે બ્રાહ્મણને ઘેર જન્મ થયો એટલે તે ગમે તેવો દુરાચરણિ હોય તોપણ તેને બ્રાહ્મણ કહેવો એમ સંભવતું નથી વાંચો.

विषय १७ मो ॥ ऋषिब्राह्मणनागुणकर्म ॥

अकृष्टफलमूलानिवनवासरतःसदा ॥
कुरूतेऽहरहश्राद्धंऋषिर्विप्रःसउच्यते ॥१६॥

ભાવાર્થ--ખેડ્યા વગરની જમીનમાંથી પાકેલ ફલ, મૂલ, ખાનાર, સદા વનમાં પ્રીતિથી રેહેનાર, નિરંતર શ્રાદ્ધ કરનાર, બ્રાહ્મણ રૂષિ કહેવાય. ॥ ૧૬ ॥

विषय १८ मो ॥ द्विजब्राह्मणना गुणकर्म ॥

एकाहारेणसंतुष्टःषट्कर्मणिरतःसदा ॥
रुतुकालाभिगामीचसविप्रोद्विजउच्यते १७

ભાવાર્થ-- એક વખત જમી સંતુષ્ટ રેહેનાર, ષટ્કર્મ કરવા પ્રીતિ રાખનાર, રૂતુ વખતે સ્ત્રિ સંગ કરનાર, બ્રાહ્મણ દ્વિજ કહેવાય. ॥ ૧૭ ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

विषय १९ मो ॥ वैश्यविप्रनागुणकर्म ॥

लौकिकोकर्मणिरतःपशुनांपरिपालकः ॥
वाणिज्यकृषिकर्माणिसविप्रोवैश्यउच्यते १८

ભાવાર્થ—લૌકિક કર્મમાં પ્રીતિ રાખનાર, પશુ પાળનાર, વ્યાપાર તથા ખેતી કરનાર, બ્રાહ્મણ વૈશ્ય કહેવાયછે.

विषय २० मो ॥ शुद्र ब्राह्मणना गुणकर्म ॥

ब्राह्मणःपत्तनोपेषुवर्त्तमानोविकर्मसु ॥
दांभिकोदुष्कृताप्रज्ञःशुद्रेणसदृषोभवेत् २०

ભાવાર્થ--વિદ્વાન્ બ્રાહ્મણ કદાપિ દુરાચરણીને પોતાના કર્મથી રહિત દુષ્ટ કર્મ કરે ને દાંભિક થાય તો તે શુદ્ર જેવો સમજવો. ॥ ૧૯ ॥

विषय २१ मो ॥ नाम धारक ब्राह्मण ॥

सावित्र्या वापिगायत्र्या संध्योपासन वर्जिताः ॥
अज्ञानीक्लिष्ठकर्माणिब्राह्मणोनामधारकः

ભાવાર્થ—સંધ્યા ગાયત્રી મંત્રથી રહિત, અજ્ઞાની ક્લેસ કરનાર તે નામધારક માત્ર બ્રાહ્મણ સમજવો ॥ ૨૦ ॥

विषय २२ मो ॥ चांडालब्राह्मणनागुणकर्म

देवद्रव्यंगुरुद्रव्यंपरदाराभिमर्षणम् ॥
निर्वाहःसर्वभूतेषुविप्रश्चांडालउच्यते ॥२२॥

ભાવાર્થ—અન્ન બ્રહ્મારૂપ છે, રસ વિષ્ણુરૂપ છે, જમનાર મહેશ્વરરૂપ છે, એવી રીતે ધ્યાન કરી જમે છે તેને અન્ન દોષ લાગતો નથી, આમ સ્મરણ કરતાં '**ૐ अमृतोपस्तरणमसिस्वाहा**' એ મંત્રવડે હાથમાં લીધેલા જલનું પાન કરી, મૌન ધારણ કરી, ડાબે હાથે પાત્રનો સ્પર્શ કરી '**ૐ प्राणायस्वाहा**' '**ૐ पानायस्वाहा,**' '**ૐ व्यानायस्वाहा,**' '**ૐ उदानायस्वाहा,**' '**ૐ समानायस्वाहा,**' એ મંત્ર બોલતાં વા બોલી એક એક મંત્રથી ઘી અથવા દુધવાલા ભાતની પાંચ આહુતિ પ્રાણને આપવી. પથી પવિત્ર જળનો સ્પર્શ જમણા કાનને કરવો. પાત્રનો સ્પર્શ તથા મૌન એ પ્રાણાહુતિ સુધી અવસ્ય છે. પછી રાખવાં કે ન રાખવાં તે સ્વેચ્છા પર છે. ખૂણાઓ તરફ કે ઉત્તર તરફ મુખ રાખી ભોજન કરવું. પૂર્વ પશ્ચિમ કે ૧ દક્ષિણ તરફ મુખ રાખી ભોજન કરવું નહિ. ભોજન કરી રહ્યા પછી જમણી હથેળીમાં જલ લઇ 'ૐ

---

૧ શંકા। **श्लोकः वामहस्तेनजलंपीत्वा, भोजनंदाक्षिणेमुखे ॥ शयनंपूर्वपादेनब्रह्महत्या पदेपदे, ॥** આવા વાક્યથી દક્ષિણ દિશા નિસિદ્ધ છે, ઉત્તર દિશા નિષિદ્ધ નથી. મારા ધારવા પ્રમાણે લેખકદોષ તો છે પણ **पाराशरस्मृति** માં છે, કાંઇ મનુસ્મૃતિમાં તેમ નથી આ ઉભય પક્ષથી ભોજન જમતાં મુખ ઉત્તર તરફ જોઇએ.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

अमृतापिधानमसिस्वाहा ' એ મંત્રથી તે જલ અર્ધું પીવું ને અર્ધું અંગુઠા તરફથી પૃથ્વીપર નાખવું, પછી હાથ ધોઇ ૧૬ સોળ કોગળા કરી બે આચમન લેવાં. આચમન લીધા વગર મલ મૂત્રનો ત્યાગ કરવો નહિં. ઉત્તર આપોશન કર્યા વિના ઉઠે તો સ્નાન કરવાથી શુદ્ધિ થાય છે. બાળકને પાસે બેસાડી તેની જોડે ભોજન કરવું નહિં. પગ ઉપર પગ રાખી, પગલાંબાકરી, ખૂણા સામે મોઢું રાખી, ૧દુષ્ટની સાથે પંક્તિમાં, અગ્નિ અથવા પાકસિદ્ધિ રહિત ઘરમાં, દેવાલયમાં, બન્ને સંધ્યા સમયમાં, મધ્યરાત્રે, યજ્ઞોપવીત રહિત, ડાબે હાથે, ને ૨શુદ્રે ભોજન કરતાં રહેલું અન્ન ભોજન કરવું નહિં. પ્રથમ મધુર પદાર્થ, મધ્યમાં ખારા ખાટા પદાર્થ, ને છેવટ તીખા ઇત્યાદિ પદાર્થ ખાવા. પ્રથમ ને છેવટ નરમ પદાર્થ ને વચ્ચે કઠણ પદાર્થ ભક્ષણ કરવા. ઘી અને દૂધપાક એ પદાર્થ ખૂબ ખાવા, અને બીજા પદાર્થો પાત્ર ઉપર શેષ રાખવા. દિવસે ૧ એક વખતે ને રાત્રિએ ૧ વખત એમ દિવસ રાત્રિ મલી બે વખત ભોજન કરવું ત્રીજી વખત જમવું નહિં.

પંક્તિમાંથી એકાદ ઉઠે અથવા ઉત્તર આપોશનં લે તો બીજાઓએ શેષ રહેલું અન્ન જમવું નહિં. મીઠું, ચ-

---

૧ આ ઠેકાણે દુષ્ટનું સમાધાન એટલુંજ છે કે, ષટ્કર્માદિ ધર્મથી રહિત દુરાચરણી તે.

૨ શૂદ્રનો નિર્ણય તેટલોજ કે ષટ્કર્માદિ રહિત તથા ૧ શેર પેડા શૂદ્ર ડાબે હાથે લઇ અથવા પોતાને ખાવા વાસ્તે લીધાને પવિત્રતાઇથી ખાધા પણ શેષ રહ્યા અગર મિત્ર આવ્યો તેને શેષ ભાગ આપવો તે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ટણી, ઘી, તેલ, મધ, દૂધ, ઇત્યાદિ પદાર્થો કેવલ હાથવ-ડેજ દીધા હોય તો ખાવા નહિં. ત્રાંબાના પાત્રમાં ગાયનું દૂધ, કાંસાના પાત્રમાં નારિયેળનું જળ કે શેરડીનો રસ, ગોળ સાથે મળેલું દહીં, તથા આદુ એ ભક્ષણ કરવાં નહિં.

ગ્રાસમાં શેષ રહેલું જમવું નહિં અને જે પાત્રવડે જળાદિક પીધું તે પાત્રમાં જે બાકી રહ્યું હોય તે પુનઃ પીવું નહિં.

આ ભોજન વિધિ વિષયમાં જે વિસ્તાર ટુંકથી કરેલ છે તેટલો જો કરી શકાય તોજ જન્મ સફળ માનવો નહિંતર ફોગટ છે. ॥

विषय ४७ मो ॥ शयनविधि ॥

જમી રહ્યા પછી પોતાનો કાળ દિવસ વિદ્યાભ્યાસમાં ગાળી કિંવા રાત્રિનો ૧ એક પહોર વિદ્યાભ્યાસમાં કિંવા ઇશ્વરધ્યાનમાં ગાળી બીજા ત્રીજા પ્રહરમાં નિદ્રાવસ્થ થવું. ચોથા પહોરે (બ્રાહ્મમુહૂર્તે) ઉઠી પૂર્વવત્ આન્હિક ક્રિયા કરવા તત્પર થવું જોઇએ. વલી પોતાનો ઉત્તમ જે પરંપરાનો ન્યાય વાલો ધર્મ ધંધો કરી ધન મેળવવું કે જેથી સર્વ વ્યવહાર ચાલે.

ધન મેળવવું એ બાબતમાં કેટલાક કહે છે કે **उद्यम** પ્રાધાન્ય છે–અને કેટલાક કહે છે કે **प्रारब्ध** પ્રાધાન્ય છે. આ બન્ને પક્ષ લાંબા વખતથી તકરાર ભરેલા ચાલ્યા આવે છે. ખરી રીતે જોતાં, તેમ વેદ શાસ્ત્રના આધાર ઉપરથી જોતાં '**कर्मणाजायतेजन्तुः, कर्मणैवविलीयते,** ॥ **सुखंदुःखंभयंक्षेमं, कर्मणैवाभिपद्यते--भागवते** તેનો અભિપ્રાય એ-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

વો છે કે, જન્મ, મરણ, અને સુખ દુઃખ વગેરે કર્મથી પ્રાપ્ત થાય છે, ઉદ્યમથીજ થાય છે એમ કોઇ પણ શાસ્ત્રિય વચનમાં જોવામાં આવતું નથી.

હવે પ્રારબ્ધ કર્મ છે તેજ ઉદ્યમરૂપે પરિણામ પામી સુખ દુઃખ આપે છે, મતલબ કે પ્રારબ્ધ અને ઉદ્યમ એ બન્ને ભિન્ન છેજ નહિં. પ્રારબ્ધથીજ ઉદ્યમની સત્તા જુદી માનીએ તો આપણા આર્ય લોકોના શાસ્ત્રને મોટો ધક્કો લાગે છે, વાસ્તે ખરો અભિપ્રાય જોતાં પ્રારબ્ધ છે તેજ ઉદ્યમરૂપે થાય છે. આમ માનવામાં કોઇ જાતે હરકત નથી. પંડિત **વરાહમિહરનો** મત જાતકાલંકારમાં લખેલ છે. સંધ્યા સમયે, ધાન્યના ઢગલા ઉપર, ગૌશાળામાં, દેવ બ્રાહ્મણ, ગુરૂના ઉપર ભાગમાં, ઉચ્છિષ્ટ સ્થિતિમાં, ભૂતવાલા ઘરમાં સ્મશાનમાં રાફડા ઉપર, મોટા ઝાડના મૂળમાં અને નગ્નપણે શયન કરવું નહિં, પૂર્વ, પશ્ચિમ, કે દક્ષિણ એમાંથી કોઇ એક દિશામાં માથું રાખી સુવું. ઉત્તરમાં માથું રાખી સુવું નહિં. તે ઉપર દષ્ટાંતી **શ્લોક.**

प्राक्शिरःशयनेविद्या, दक्षिणेसुखसंपदः॥
पश्चिमेधनलाभंच षण्यासेमृत्युचोत्तरे ॥

ભાવાર્થ—પૂર્વ દિશામાં માથું રાખી સુવાથી વિદ્યા પ્રાપ્ત થાય છે, દક્ષિણમાં માથું રાખી સુવાથી સુખ સંપદાદિ મળે છે. પશ્ચિમમાં માંથું રાખી સુવાથી ધન મળે છે, ને ફક્ત જો છ મહિના ઉત્તરમાં માથું રાખી સુવે તો મૃત્યુ ચિન્હ યુક્ત થાય છે, પરંતુ પૂર્વમાં પણ પશ્ચિમમાં માથું રાખી સુતો હોય તો ૪ ચાર ઘડી રા-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ત્રિ પાછલી રહેતાં ઉઠવું. ને સૂર્યોદય થતાં સુધી સુવે તો મલીન બુદ્ધિવાલો ચાંડાલ જેવો જાણવો.

યથાશક્તિ પ્રમાણે શયનાસનના ઉપહારવાલો સુજ્ઞ સજ્જન શયનગૃહમાં જઇ શયનારૂઢ થઇ ઇશ્વિરધ્યાનમાં સુતાં નીચેનો શ્લોક ભણતાં સુઇ જવું. તે ગૃહસ્થાશ્રમ વા અન્ય વર્ણ વાસ્તે આ શ્લોક બધાને ઉપયોગી છે.

शयनेपद्मनाभस्तुमुचुकुंदोमहामुनिः ॥
आस्तिकोमाधवश्चैवपंचैतेसुखशायिनः ॥

ભાવાર્થ—શયન ઉપર સુતાં પદ્મનાભ, મુચુકુંદ, મહામુની, આસ્તિક, અને માધવ એ પાંચ દેવનું ધ્યાન કરી શયનમાં નિદ્રાવસ્થ થવું. પ્રથમ ૫ શ્વાસ ચિત્તા સુઇને લેવા, પછી જમણે પડખે સૂઇ ૧૦ શ્વાસ લેવા ને ડાબે પડખે સૂઇ, પોતાના ગુરૂ, ઇષ્ટદેવનું અનુસંધાન કરતાં નિદ્રાવસ્થ થવું. આ વિષય તદન ટુંકામાં ટુંકો સારાંશ કહાડી લખ્યો છે વાસ્તે તે પ્રમાણે વર્તવા મારી માગણી છે.

રશ્મિ ૫ મો સમાપ્ત.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

विषय ४८ मो ॥ ब्रह्मचर्य केमपालवुं ॥

હે બ્રહ્મબંધૂઓ! બ્રાહ્મણને બ્રહ્મચર્ય વર્ષ ૪૮, ૩૬, ૨૪, ૧૮, ૧૨, આટલા વર્ષ પર્યંત પાળવું જોઇએ, અને ગુરૂને ઘેર જઇ ગુરૂસેવા કરવી ને વેદાધ્યયન કરવું ને તેના સવિધિ નિયમ પાળવા. કેમ કે બ્રહ્મચર્ય તેજ બ્રાહ્મણોનું તેજ ભૂષણ અને ધર્મ છે,

ब्रह्मचर्यात्ब्राह्मणस्य, ब्रह्मत्वंमभिधीयते ॥
एवमाहु:परेलोके, ब्रह्मचर्यविदोजना: ॥१॥

भावार्थ—પરલોકને વિષે બ્રાહ્મણોનું બ્રહ્મત્વપણુ બ્રહ્મચર્યથીજ થાય છે. એમ કેટલાક બ્રહ્મચર્ય જાણનારા કહે છે. ॥ १ ॥ (મનુ.)

ब्रह्मचर्येस्थितंधैर्यंब्रह्मचर्येस्थितंतपः ॥
येस्थिताब्रह्मचर्येतेब्राह्मणादिविसंस्थिता:

भावार्थ—બ્રહ્મચર્યમાં ધૈર્ય, ને બ્રહ્મચર્યમાં તપ, રહેલું છે. તે વ્રત પાલનારા બ્રાહ્મણો સ્વર્ગમાં રહેલ છે એમ જાણવું. ॥ ૨ ॥ (મનુ.)

नास्तियोगंविनासिद्धि,र्नवासिद्धिंविनायश:
नास्तिलोकेयशोमूलं, ब्रह्मचर्यात्परंतपः।३।

भावार्थ—યોગ વિના સિદ્ધિ નથી. યશ વિના સિદ્ધિ નથી, યશનું, લોકમાં, મૂલ નથી ને બ્રહ્મચર્યથી મોટું તપ નથી. ॥ ૩ ॥ (મત્સ્યપુરાણ.)

योनिगृह्येंद्रियग्रामंभूतग्रामंचपंचकम् ॥
ब्रह्मचर्यंसमाधत्तेकिमत:परमंतपः ॥ ४ ॥

भावार्थ—જે પુરૂષ ઇંદ્રિઓનો નિગ્રહ કરે છે, પં-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ય મહાભૂતનો નિગ્રહ કરે છે ને બ્રહ્મચર્ય વ્રત પાળે છે, તેનાથી મોટું તપ બીજું શું છે? (નથી) ॥ ૪ ॥

अथ यद्यज्ञइत्याचक्षतेब्रह्मचर्यमेवतद्ब्रह्मचर्येणह्येवयोज्ञातातंविंदतेथयदिष्टमित्याचक्षते ब्रह्मचर्य्यमेवतद्ब्रह्मचर्य्येणह्येवेष्ट्वात्मा नमनुविंदते ॥ ५ ॥ अथ यत्सत्रायण मित्याचक्षते ब्रह्मचर्य मेवतद्ब्रह्मचर्य्येण ह्येवसत आत्मनः स्त्राणांविन्दते, अथ यनमौ मित्याचक्षते ब्रह्मचर्य्येण मनुविद्यमनुते ॥ ६ ॥ अथ यद्नाशकायन मित्याचक्षते. ब्रह्मचर्य मेवतदेषह्यात्मानं नश्यति यंब्रह्मचर्य्येणानुविन्दते ॥ ७ ॥ अथ यदरण्यायन मित्या चक्षते ब्रह्मचर्य्यामेवसद्रहश्चदवैण्याश्चार्णवौब्रह्मलोके तृतीय स्यामितो दिवितदैरमदीयंसरस्तदश्वत्थः सोमसवनस्तद पराजिता पूर्वब्रह्मणः प्रभुविमितंहिरणमयम् ८ तद्वयएवैतावरं चण्यं चार्णवौब्रह्मलोके ब्रह्मचर्यानुविन्दते तेषामेवैब्रह्मलोक स्तेषांसर्व लोकेषुकामश्चारो भवति ॥ ९ (छांदोग्योपनिषद्)॥

ભાવાર્થ—બ્રહ્મચર્ય તેજ યજ્ઞ છે, એટલે યજ્ઞથી જે ફલ મલે છે તે ફલ બ્રહ્મચર્યમાંજ છે. બ્રહ્મચર્ય તેજ

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

અનાશકાયન, અરણ્યાયન, સત્રાયણ, મૌનવ્રતાદિ વ્રતો છે. બ્રહ્મચર્યથીજ સ્વર્ગ મલે છે ને જે બ્રહ્મચર્ય વ્રત પાલે છે તે સ્વર્ગલોકમાં જય પામે છે. ॥ ૯ ॥

ब्रह्मचर्यविधिः આ પ્રમાણે જુઓ આપસ્તંબ સૂત્રમાં છે. બ્રહ્મચર્યના જે નિયમ કહ્યા છે. તે હે દ્વિજો ! તમોને ખાત્રી થવા વાસ્તેજ કહ્યા છે. વાસ્તે જે બ્રહ્મચર્ય પાળે તે દીર્ઘાયુષિ થઈ સર્વ પ્રકારે સદ્‌ગુણી થઇ, સુખવાન્ થઈ, સ્વર્ગલોકમાં સારી રીતે સત્કાર પામશે. તથાસ્તુ.

अनृत्यदर्शी सत्रा समाजाश्चागन्ता अजन वादशील:स्त्रीभिर्यावदर्थं संभाषीमृदु:शान्त:दृढधृति: अक्रोधन: अनसूय: अदिवास्वापि अगन्ध सेवीनियमेषुतप:शब्द:कर्त्तेपत्यमनायुष्यंच ॥ १० ॥(आपस्तंबसूत्रे)

ભાવાર્થ—નાચ તમાસા જોવા નહિં, બડબડ કરતાં શીખવું નહિં, અજ્ઞાન સમાજમાં જવું નહિં, સ્ત્રી પાસે કામ જેટલી વાત કરવી, નમ્રતાથી ચાલવું, શાન્ત આત્મશંયમી થવું, બુદ્ધિ સ્થિર રાખી ક્રોધ ત્યાગ કરવો, મત્સર કરવો નહિં, દિવસમાં સુવું નહિં, સુગંધી પદાર્થનો ત્યાગ કરવો એવા નિયમો પળાય તોજ તપ કહેવાય; તે નિયમ ન પાળનારાઓ અલ્પાયુષિ થશે—

अष्टचत्वारिंशद्वर्षाणिपादूनमर्धेनत्रिभिर्वा द्वादशवरार्ध्यं ॥ २१ ॥(ब्रृहदारण्योपनिषद्)

ભાવાર્થ—અડતાલીશ, છત્રીશ, ચોવીશ, અઢાર, ને

CC-0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

બાર વર્ષ તો ઓછામાં ઓછાં બ્રહ્મચર્ય પાળીને ગુરૂ ગૃહે ભણવું ॥ ૧૧ ॥

આગળ એવી રીત હતી કે ઉપવીત દઈ ઘણે દૂર ભણવા મોકલતા અને પછી ભણી સમાવર્તન કરી ઘેર આવે ત્યાં સુધી વાળ,નખ, અધ્યયન, નિત્યકર્મ ઈંદ્રિયનિયમ અવશ્ય હતા.

ब्रह्मचर्यमहिंसाचशारीरंतपउच्यते॥ १२ ॥

ભવાર્થ—બ્રહ્મચર્ય એ શારીર (કાયિક) તપ કહેવાય છે. ॥ ૧૨ ॥ (ગીતામાં.)

विषय ४९ मो ॥ ब्रह्मचारीनेस्वाध्याय ॥

બ્રાહ્મણોએ બ્રહ્મચર્યમાં રહી વિદ્યાભ્યાસ કરવો જોઇએ, કારણ કે, વિદ્યા તેજ પૈસો, બળ, ચાતુરી, ગુણ ઇત્યાદિક છે. સબબ વેદ, શ્રુતિ, સ્મૃતિ, પુરાણાદિની સમ્મતિ છે. વલી આપણા ઋષિઓએ સર્વને વાસ્તે સ્વાધ્યાય કરવા પૂર્ણ ભલામણ કરી છે. તે વિશે લખુંછું કે. સ્વાધ્યાયથી મનુષ્યને ધર્મ, અર્થ કામ અને મોક્ષ મળે છે, વાસ્તે બ્રહ્મચર્યમાં સ્વાધ્યાય અવશ્ય છે. જુઓ [1]**अध्यापनेति** ॥ અર્થાત્ વેદ ભણવો, વેદ ભણાવવો યજ્ઞ કરવો, યજ્ઞ કરાવવો, દાન દેવું, દાન લેવું, તેમાં પહેલા બે નિયમ ભણવું, ભણાવવું નિત્ય છે, અને ચાર અનિયમિત છે તેમજ [2]**स्नानंसंध्याजपोति**--અર્થાત્ આ ષટ્કર્મ જે સ્નાન, સંધ્યા, જપ, દેવપૂજન, વૈશ્વદેવ, આતિથ્ય ઇત્યાદિ નિત્યકર્મો ગૃહસ્થાશ્રમમાં તેમજ સર્વાશ્રમમાં ઉપયોગી છે. સબબ સ્વાધ્યાય

---

૧ ગયા રશ્મિ ૪ ના વિષય ૩૧ માં.

૨ ગયા રશ્મિ ૪ ના વિષય ૩૦ માં.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ભ્રષ્ટ બ્રાહ્મણોએ ન થવું જોઇએ અને સ્વાધ્યાય હમેશાં કરવો વાંચો ?

पंचवाएतेमहायज्ञाःसततंप्रतायन्ते॥ १३ ॥ (तैत्तरियारण्यके)

ભાવાર્થઃ-દરરોજ પંચમહાયજ્ઞ કરવો ઉચ્ચિત છે.

यत्स्वाध्यायमधीयीतैकामष्टचंयजुःसामवा तद्ब्रह्मयज्ञःसन्तिष्ठन्ते ॥ १४ ॥ (कित्ता)

ભાવાર્થ—જે સ્વાધ્યાય પૂર્વક બ્રહ્મયજ્ઞ કરેછે,અને વેદની એક પણ ઋચા બોલે છે; તે પોતાના સ્વાધ્યાયે કરી દેવને તૃપ્ત કરે છે.

तद्देवाँस्तर्पयंतितएनंतृप्ताआयुषातेजसा,व र्चसा, श्रिया, यशसाब्रह्मचर्येणान्नाद्येनच तर्पयन्ति ॥ १५ ॥ (कित्ता)

ભાવાર્થ—તેથી દેવ તેના ઉપર તૃપ્ત થઇ, આ-યુષ્ય તેજ, કાન્તિ, લક્ષ્મી, યશ, શ્રેષ્ટત્વપણું અને ધનધા-ન્ય આપે છે. ॥ ૧૫ ॥

ग्रामेमनसास्वाध्यायमधीयीतदिवानक्तं,उ तारण्येऽबलउतवाचीततिष्ठन्नुतासीनउतस्व एवंविद्वान्स्वाध्यायमधीते ॥ १६ ॥(कित्ता

ભાવાર્થ—આપણી શક્તિ હોય તો ગામમાં અર્થા-ત્ ગૃહસ્થલોકોએ ગામમાં કિંવા અરણ્યમાં મોઢેથી, કિંવા મનથી, દિવસે, રાત્રિએ ચાલતાં, સુતાં, પણ અધ્યયન કરવું; તેથી કરી તપસ્વી પૂણ્યવાન થાય છે. વાસ્તે ભણવું છોડવું નહીં ॥ ૧૬ ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

भस्मनापात्रशुध्यन्ति,वेदशुध्यन्तिब्राह्मणाः
क्षत्रियादानशुध्यन्ति,मंत्राःशुध्यन्तिकर्मणा

ભાવાર્થ—ભસ્મવડે પાત્ર શુદ્ધ થાય છે, બ્રાહ્મણો વેદ ભણવાથી શુદ્ધ થાય છે, ક્ષત્રિ દાન કરવાથી શુદ્ધ થાય છે, અને સત્કર્માદિ કરવાથી મંત્ર શુદ્ધ થાય છે. ॥૧૬॥

स्वाध्यायान्माप्रमदस्वाध्यायप्रवचनाभ्यां
नप्रमदितव्य ॥ (शिक्षोपनिषद्)

ભાવાર્થ—ભણવા વિષે કોઇ દિવસ આળસ કરવું નહિ. ॥ ૧૮ ॥

एवंस्वाध्यायधर्म्मेणतपस्वपुण्योभवातितप
स्वीपुण्योभवाति॥ १९ ॥ (तैतरियारण्यके)

ભાવાર્થ—આ પ્રમાણે સ્વાધ્યાયપરિ પાઠકરાવ્યો એટલે ૧તપસ્વી પૂણ્યવાન થાય છે, તપસ્વી પૂણ્યવાન થાય છે એ ખાત્રી પૂર્વક છે. ॥ ૧૯ ॥

स्वाध्यायोवैब्रह्मयज्ञस्तस्यवागेवजुहु र्मनुउ-
पभृश्चक्षुर्ध्रुवामेधास्रुवः सत्यमवभृतःस्वर्गो-
लोकेउदयनंयावताऽहवाइमांपृथिवीं वित्ते
नपूर्णांइदंलोकंजयतित्रीस्तावन्तंजयतिभू-

---

૧ આ શબ્દની **વીપ્સા** સ્વાધ્યાયને મજબૂત કરે છે. **વીપ્સા** ॥ એને વ્યાકરણ શાસ્ત્રમાં ૧ શબ્દને બે વખત બોલવું એમ કહે છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

याऽसचाक्षर्थंविद्वानहरहःस्वाध्यायमधीतेत
स्मात्स्वाध्यायोऽध्येतव्यः ॥२०॥(शतपथ)
स्वाध्यायमधीतेतेनहैवास्ययज्ञक्रतुनेष्टंभव-
तियएवंविद्वान्स्वाध्यायमधीते, तस्मात्स्वा
ध्यायोध्येतव्यः॥अमृतेनहवाऽएषदेवाँस्तर्प-
यतियएवंविद्वान्यजूँष्यहरहः स्वाध्यायम-
धीतेतऽएनंतृप्ताः ॥ २० ॥ [शतपथ]
स्वाध्यायभ्यसनंचैववाङ्मयंतपउच्यते ॥
स्वाध्यायज्ञानयज्ञाश्चयतयःशंसितव्रताः २१
तपःस्वाध्यायइतिब्राह्मणम् ॥ २२॥ [आप०
काण्डद्वयार्थसिध्यर्थंस्वाध्यायाविधिरुच्यते.
अथस्वाध्यायमधीयीतऋचोयजूँषी सामा-
न्यथर्वांगिरसौब्राह्मणानीतिहासान्पुराणा
निकल्पान्गाथानाराशंसीति ॥२३॥ [आ-
श्वलायनगृह्यसूत्रे]
धर्मद्वाराणिस्वाध्यायस्तपोदानंदमःक्षमः२४
नूतंनटंकुपठितंस्वाध्यायहिनंद्विजम् ॥
यौवनगर्वितांपरस्त्रांमुञ्चन्तिशीघ्रंबुधाः ॥

ભાવાર્થ—સ્વાધ્યાય તેજ બ્રહ્મયજ્ઞ તે વાણીનો યજ્ઞ છે. તેણે કરી દેવ તૃપ્ત થાયછે; તે યજ્ઞનું ફલ મલે છે. આટલા વાસ્તે સર્વ વિદ્વાનો વેદાદિક શાસ્ત્રનો અભ્યાસ કરે છે, સ્વાધ્યાયને વાચિક તપ કહે છે. ॥ ૨૦ ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

વૈદ્ય, મદિરાપાન કરનાર, નટ, બરાબર ભણેલો નહિં, સ્વાધ્યાય રહિત વિપ્ર, બીજામાં પ્રીતિવાલી યૌવનવતિસ્ત્રી તેવાઓને વિદ્વાન તર્ત મુકી દે છે અને સ્વાધ્યાય કરવો ઇત્યાદિક સ્વાધ્યાયને વાસ્તે ઘણે ઠેકાણે પરિપાઠ લખાણું છે; વાસ્તે સ્વાધ્યાક તેજ મનુષ્યની સ્થિતિ સુધારવાને, જ્ઞાન વધારવાને, સદ્ગુણી વિગેરે થવાનું મુખ્ય સાધન છે તેથી હું બ્રાહ્મણોના હિતને વાસ્તે અને તેઓની સ્થિતિ સુધારવા વાસ્તે, તથા બ્રહ્મતેજ વધવા વાસ્તે, તથા બ્રહ્મતેજ વધારવા વાસ્તે, બ્રહ્મચર્યવ્રત અને સ્વાધ્યાય પરિપાઠ વાસ્તે વિનંતિ કરૂં છું. કે તેથી પોતાનું બળ, તેજ, આયુષ્ય, વિદ્યા, લક્ષ્મી, યશ, ઇત્યાદિ વધારી લોકોમાં પ્રતિષ્ઠિત થશે. તેમજ આ લોકમાં અને પરલોકમાં પોતાનું શ્રેય કરી શકશે; એ વાત નિ:સંદેહ છે.

विषय ६० मो ॥ ब्राह्मणप्रस्तार ॥

પ્રથમ તો પરમાત્માના નાભિકમલથી બ્રહ્મા થયા, બ્રહ્માએ સ્વાયંભુ મનુ તથા મરિચ્યાદિ ૧૦ ઋષિઓ તથા તેવડે જેટલી ઉત્પત્તિ થઇ તે સર્વ બ્રાહ્મણ હતા; પરંતુ ગુણ કર્મના ભેદથી તથા ઇશ્વરી પ્રેરણાથી તેઓના ચાર ભાગ (વર્ણ) થયા જેમકે વિપ્ર, ક્ષત્રિ, વૈશ્ય, શૂદ્ર, તેમાં છેક દ્વાપરયુગ સુધી તો કન્યા લેવા દેવાનો ધારો હતો અને જમવાનો વ્યવહાર પણ હતો. પરશુરામના વખતમાં જ્યારે **સહસ્રાર્જુન** ગર્વિષ્ટપણાથી, બલાત્કારથી, જમદગ્નિનું અપમાન કરી **કામધેનુ**નું હરણ કર્યું ત્યારે પરશુરામે ક્રોધાવેશથી કહ્યું કે હું બ્રાહ્મણ તોજ ખરો કે જો ૨૧ વાર પૃથ્વિ ક્ષત્રિ વિનાની કરૂં ! પછી તેણે હાથમાં ફરસી લઇ જ્યારે સહસ્રાર્જુનના હજાર હા-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

થને, જેમ કણબી ખેતરમાં પાકેલ જારબાજરાનાં ડુંડાને કાપીલે છે તેમ તેના હાથ પાડી નાખ્યા ને ઘણા ક્ષત્રિઓ મૃત્યુના ભયથી હું અમુક જાતિ છું મને મારશો નહિં, તેવા કારણથી બ્રાહ્મણ, ક્ષત્રિ, વાણિયા, શૂદ્ર આ ચાર વર્ણ છે અને બીજાં ૧૪ વર્ણ થયાં તે મલી ૧૮ વર્ણનું કોષ્ટક નીચે દર્શાવું છું.

॥ વિરાટ બ્રહ્મા ॥

વિપ્ર. ૧	ક્ષાત્રિ ૨	વૈશ્ય. ૩	શૂદ્ર. ૪
નિશાદ (બ્રહ્મજાત) [illegible]ર્જકંટક (વટલેલ [illegible]પ્રગરોડા તથા વો[illegible]ા, પારશી કુંભાર બ્રહ્મજાત વગેરે ૬	મૂર્દ્ધાભિસિક્ત. ૭ માગધ. ૮ રથકાર (સુતાર) ૯ ક્ષત્તા (કણબી લુવાણા વિગેરે) ૧૦ આભિર (આયર ઓરીચા વગેરે) ૧૧ માહિષ્ય (ક્ષત્રીની જાત ૧૨ ઝલ (વટલેલ ક્ષત્રી વાઘેર, મકરાણી વગેરે) ૧૩	નટ (વાણીયાની જાત) ૧૪ અંબષ્ટ (મેરાઇ વિગેરે.	ચાંડાલ, ૧૬ ધિગ્વણ (ઢીગરાદિક) ૧૭ ધોબી. } રજક. } ૧૮
વિપ્રમાંથી ૮૪ જાત થઇ છે તેનું પત્ર આવતા વિષય પ[illegible] માં છે.		આમાંથી ૮૪ જાતના વાણીયા છે. તેમાં મુખ્ય ૯ જાતના છે.	ખવાસ ક્ષત્રી વટલેલ પણ શૂદ્રની ગણનામાં આવ્યા છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

આ પ્રમાણે ભેદ પડયા. અને હાલમાં તો તે કરતાં અસંખ્ય જાતિઓ થઇ પડી છે. તેમ બ્રાહ્મણ પણ સર્વ વર્ણમાં અગ્રણી હતા. જ્યારે કલિયુગ પ્રાપ્ત થયો ત્યારે [1]**यथानामतथागुणा:** આ વાકયનો અર્થ એવો છે કે જેવું નામ તેવોજ ગુણ. આ વાકય સમયસૂચકછે. તેથી **कलियुग** એટલે કજીયાનો યુગ, વા કજીયાનું મળવું, તેથીજ રાગદ્વેષ વધી પડયો છે. ને તે એટલો તો વધી પડયો છે કે તેનો વિસ્તાર કરતાં હે ઇશ્વર ? મારૂં હૃદય પીંગળી જાય છે. તોપણ અજ્ઞાન માણસોના હૃદયમાં શાસ્ત્રવાક્યરૂપ વજ્ર પ્રહારથી નરમ પાડી દૂધમાં સાકર મળી જશે, એમ ધારી નિચે મુજબ દર્શાવું છું કે તેનો વિસ્તાર આવતા રશ્મિ ૧૨ ના વિષય ૧૦૨ માં કરેલ છે તે વાંચવું. પરંતુ આંહિ બ્રાહ્મણોમાં રાગદ્વેષ વધવાથી પોતાનું કેટલું નુકશાન થયું છે અને થતું આવે છે ! તે જાણતા નથી, અરે ! ભૂદેવો ! આર્યભૂષણો ! વંદન કરવા યોગ્ય ! મહારાજાઓ ! બ્રાહ્મણો ! શું ! તમે સાવ બેભાન થઇ ગાંડા (વિકલ) ની માફક રખડયા કરોછો ! તેપણ સાવ નગ્ન થઇ રખડો છો. મોટા મોટા સદ્‌ગૃહસ્થો, બ્રાહ્મણો, વ્યાપારીઓ ખેતી કરનાર, નોકરી કરનાર, અને ભિક્ષાવૃત્તિ કરનારા ઇત્યાદિકો તો મનમાં જાણે છે કે અમે તો, નાગપુરી રેશ્મી કોરનાં અને સોનેરી કોરનાં [1]ધોતીયાં ઉચ્ચામાં ઉચ્ચિ કિંમતનાં પહેર્યા છે, ઉમદી જગ-

---

૧ નામ તેવો ગુણ ઘટતો નથી કારણ કે, નામ લક્ષ્મીધર અને હોય દરિદ્રી મૂર્ખ, પણ સમયસૂચક છે.

૨ **रागद्वेष** આમ વિષય છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ત્રાથીનાં અંગરખાં, સાચી ૧૫-૫૦-૧૫૦ રૂપીયાની પાઘડી બાંધી છે, અને ચાર રૂપીયાના ડબ્બલ સંચાના વિલાયતી બૂંટ (જોડા) પહેર્યા છે કયાં અમે નગ્ન છઇએ? એમ કહે તો તેનો પ્રત્યુત્તર એછે, કે અમે ખરી રીતે કહીએ છીએ કે તમે તો તદ્દન નગ્ન છો. વળી જેમ જેમ કલિ વધારે પ્રવેશ કરતો જાય છે તેમ તેમ અજ્ઞાની દ્વિજો જાણે છે કે હું, કોટ, પાટલોન, ટોપી, બૂટ જોડા, હાથમાં છડી વિગેરેથી શોભુ ! કે ઘણા જેમાં પાપ રહેલાં છે એવાં ૨**अधोर्द्ध** વસ્ત્ર પહેરૂં તો શોભીશ, કે અમારાથી હલકા વર્ણનાં જેવાં ફડફાંસ વસ્ત્ર, તેપણ ધોતીયાંની પાછલની કાછડી (લાંગ) પાટલી પાડયા વગર ૧ છેડો લટકતો રાખું, કે કોણી સુધી અંગરખાંની બાંઇના સંજાબવાલા ફડસા (કોણી સુધી લાંબાં) સીવેલ નહિં માથે આંટીદાર યવનના જેવો એક આંખ પણ ન દેખાય તેવો ફેંટા બાંધું તો શોભીશ, કે કોટ પાટલુન અગર ટોપી વિના શોભીશ, આવા તર્કથી ભાઇસાહેબ બુદ્ધિભ્રષ્ટ થયા. અને જુની રૂઢિવાલા બાપદાદા કહે કે ભાઇ વસ્ત્ર ઠીક પહેરો, ત્યારે ભાઇ કહે કે બશ તમારે મને કહીંબી કહેવું નહિં. આ વખત મારી તબીયત ગઇ છે. ચાર છેડે ખોસેલ ધોતીયું અંગરખું તથા ટોપી પાઘડી કે તમારા બ્રાહ્મણના જેવું શાકીયું (હોડી પાઘડી) બાંધતાં આવડે નહિં, તેતો કદાચ ઠીક છે કારણ કે વખતને

૧ ધોતીયાંને ગુજરાતમાં ચેપાડું કહે છે. હિંદુસ્થાનમાં ધોતિ કહે છે.

૨ પેરણ, પાટલોન, મોજાં અને ટોપી.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

અનુસરરીને છે. પણ જે વસ્ત્રાલંકાર ધારણ કરવા જોઈ-એ તેતો પહેરો તમોને હું બક્ષીસ કરૂં છું તે વક્ય વ-સ્ત્રાલંકાર ગૃહણ કરો! કે આ આર્યમાર્તંડ, ગ્રન્થ છે તે-માંથી જેટલાં જોઇએ, જેવાં જોઇએ,જેટલી ઉચ્ચિ કિં-મતના વસ્ત્રાલંકાર લઇ લીઓ હું તમોને બક્ષીસ કરૂં છું.

ब्राह्मणोनाजातिविभाग विषय ૯૧ मो.

પ્રથમ આખી પૃથ્વીમાં બ્રાહ્મણો વસતા તેમાં ૧ જાત હતી. તેમાંથી ત્રણ જાતિ થઇ જેમ કે **सर्वेवि-प्राःकान्यकुब्जामाथुरंमागधंविना**-- માથુર, (ચોબા) માગધ, શિવાય સર્વ બ્રાહ્માણો કનોજીયા હતા. કનોજીયા, ગયાવાળ, ચોબા, આ ત્રણ પ્રકારના હતા. તેઓ જુદે જુદે સ્થલે રહેવાથી તેઓના જુદાં જુદાં નિવાશત ભૂમિ ઉપરથી નામ પડયાં. ત્યારપછી નર્મદા નદીને દક્ષિ-ણ કિનારે, **કાર્નેડ**, **દ્રવીડ**, **તૈલંગ**, **મહારાષ્ટ્ર**, **ગુર્જર**, અને નર્મદાનદીને ઉત્તર કિનારે, **કનોજીયા**, **મૈથલ**, **ગોડ**, **સારસ્વત**, (ઉત્કલ,) એ પ્રમાણે ૧૦ પ્રકારના બ્રાહ્મણોનાં અભિધાન થયાં. તેમછતાં પણ જ્યારે **मूलराज** ઇસ્વીસન ૯૪૨માં ગાદીએ બેઠો. ૫૫ વર્ષ રાજ્ય કરી ૯૯૭ માં મ-રણ પામ્યો. તેમાં તેણે ગાદી વાસ્તે મોશાલપક્ષની ગોત્રહ-ત્યા કરી તેથી ગોત્રહત્યા શાન્ત કરવા વાસ્તે યજ્ઞ કરવાની ઉમેદથી બ્રાહ્મણોને જુદે જુદે સ્થલેથી તેડાવ્યા. તેઓ બધા ગળી ૧૦૦૯ એકહજારનવ આવ્યા તેનું ચક્ર ગોઠવેલું છે તે સ્થળેથી આપણા બાપદાદાઓ આવ્યા હતા.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

આગમન વિપ્ર સંખ્યા ચક્ર.

પ્રયાગ તે ગંગા યમુનાના સંગમ તરફથી આવ્યા.	૧૦૫
ચ્યવનરૂષિના આશ્રમમાંથી.	૧૦૦
કાન્યકુબ્જથી (કનોજીયા) આવ્યા.	૨૦૦
કાશી (બનારસ) થી બોલાવ્યા.	૧૦૦
કુરૂક્ષેત્રથી આવ્યા.	૧૭૨
ગંગાદ્વારથી આવ્યા.	૧૦૦
નૈમિષારણ્યથી બોલાવ્યા	૧૦૦
પુનઃ કુરૂક્ષેત્રથી બોલાવ્યા.	૧૩૨
	૧૦૦૯

તેઓ આ પ્રમાણે સિદ્ધપુરમાં પધાર્યા. યજ્ઞની સમાપ્તી થઈ તો કે દક્ષિણા પ્રસંગમાં દાન દેવા વાસ્તે, ૨૧ પદના જે બ્રાહ્મણોના નિયમ હતા, એપ્રમાણે નાગરવેલના પાનની અંદર ગામ નોંધી ખાનગી આપવા માંડયાં, અને ૯ નવ બ્રાહ્મણોએ લીધાં નહીં. જે તેઓ ટોળકીયા સંપ્રદાય કહેવાય છે તે, અને બીજા ઔદિચ્યસહસ્ત્ર આમ બે વિભાગ પડયા.

પ્રથમ તો પ્રાચીનના ગ્રન્થો જોતાં બ્રાહ્મણ બે પ્રકારના સિદ્ધ થાય છે. (૧) પ્રાચ્ય અને (૨) ઔદિચ્ય એ એજ, ફક્ત પૃથ્વી ઉપર વસતા હતા. જે સરાવતી નદીનો પૂર્વ અને દક્ષિણ કાંઠો છે તે તરફના રહેનારાઓ પ્રાચ્ય બ્રાહ્મણો કહેવાય છે. અને પશ્ચિમોત્તર કાંઠાના રહેનાર તે ઉદિચ્ય બ્રાહ્મણો કહેવાય છે. તેનો દાખલો કે હેમચંદ્રપંડિત પોતાની સ્વોપાત્ત ટીકામાં લખે છે કેઃ—

पाणुदंचौविभजतेहंशःक्षीरोदकेयथा ॥
विदुषांशब्दसिध्यैयासावःपायाच्छरावती

ભાવાર્થ—હંસ જેમ દૂધ પાણીને જુદાં કરે છે, તેમ

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

સરાવતીનદી બ્રાહ્મણોના પ્રાચ્ય અને ઐાદિચ્ય એ બે વર્ગ ને જુદા પાડે છે. તે નદી તમારૂં રક્ષણ કરો. ॥ ૨૮ ॥

પ્રાચ્ય અને **ઐાદિચ્ય** આ બે શબ્દોને પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં સિદ્ધ કરેલા છે. તેમ વ્યાકરણ કર્તા પાણિનીયે જુદે જુંદે સ્થલે સૂત્રોમાં ભિન્ન ભિન્ન જણાવ્યા છે.જેમ કે **उदिच्या:प्राच्येभ्य:पटुतरा:** ઐાદિચ્ય મુનિઓ પ્રાચ્ય મુનિઓથી બહુ મોટા વિદ્વાન હતા. એ બે ભેદમાં ભોજન, તથા કન્યા વ્યવહાર ચાલતો, તેઓ મળી યજ્ઞ કરતા તથા યજ્ઞ કરાવતા. વળી તેમાંથી પણ શંકરાચાર્ય વખતમાં બે વિભાગ પડયા. (૧) **પંચગોડ** તથા (૨) **પંચદ્રાવિડ.** તે બે ભેદમાંથી પણ પંચગોડ, પંચદ્રાવિઢ એવા દશ ભેદ પડયા. નર્મદા નદિની ઉત્તર દિશામાં વસનારા પંચગોડ અને દક્ષિણ દિશામાં વસનારા પંચ દ્રાવિડ કહેવાય છે. પંચગોડનાં નામ (૧) **કનોજ્યા** (૨) **મૈથીલ** (૩) **ગોડ** (૪) **સારસ્વત** (સરવરીયા) (૫) **ઉત્કલ** એ પંચગોડ. પંચદ્રાવિડનાં નામ— (૧) **કાનડે** (૨) **દ્રાવિડ** (૩) **તૈલંગ** (૪) **મહારાષ્ટ્ર** (૫) **ગુર્જર**—એ પંચદ્રાવિડ. હાલમાં પણ તે દશમાંથી પણ ઘણા ભેદ પડયા છે તેમાં ગુર્જર (ગુજરાતિ) માંથી તો અનેક ભેદ પડયા છે તેમ તેઓ મળી બધાની સંખ્યા ૮૪ કરતાં પણ વધારે થઇ છે તેનું કારણ રાગ દ્વેષ વધ્યાનું છે. મુખ્ય ૮૪ નાતના બ્રાહ્મણોનું પત્રક * આ ચિન્હવાળું જુવો.

હવે જ્યારે ઉંચ તથા નીચ કુલના પ્રમાણભૂત વાસ્તે જે ૨૧ પદ સિદ્ધપુરમાં નિર્ણય નિકળેલ છે તેનું ચક્ર ×આ નિશાનીવાલા કોષ્ટકમાં જુવો.

આ ચક્ર વાસ્તે પદની યાદિ કરવા સારૂ કે હું કયા

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

(* पृष्ट ८४ सांधण.)

संप्रदायना ब्राह्मणोनुं कल्पवृक्ष



CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

પડતો છું. તે વિષે વસ્ત્રાલંકાર બક્ષીશમાં-તે ધારણ કરો જેમ કે.

બ્રાહ્મણ મંડલી મળતાં શબ્દોચ્ચાર થાય કે. જે જે **નમસ્कार** છે ત્યારે સુધરેલા ભાઇઓ તો જવાબ આપે કે, મહેરબાન.

अमस्कार, तमस्कार, लपस्कार, કહી બ્રાહ્મણને માન્યહીન કરી દે છે. અને પુછીયે કે તમે શું ભણ્યા છો ત્યારે રા. રાજેશ્રી ભાઇ જવાબ આપે કે હું તો એલ, એલ બીની પરિક્ષામાં પાશ થયો છું. અને હજુ પણ ફર્સ્ટકલાસના વન ૧ નંબરમાં પાસ થવા અભ્યાસ કરૂં છું, પણ મૂર્ખ અજ્ઞાની જાણતો નથી કે મારે ઉપર ગોઠવેલ ચક્રના મથાલાવાલો શ્લોક યાદ કરવો જોઇએ અને તે પ્રમાણે આપણી કુલોત્પત્તિનો ધર્મ પાળવા વાસ્તે તસ્દી લઉ. તેમ નહિં ધારવાથી નગ્ન થઇઅથડાઓ છો. તે વાજબી નથી. વાસ્તે પુનઃ કૃતાંજલિથી શ્રવણ કરવા વાંચવા, શિખવા વિનંતી કરૂં છું. અને તમે તો વર્તશોજ. એ મને પૂર્ણ ખાત્રી છે.

આ વિષય હમેશાં જાણવો કે હું કોણ છું. એતો જાણવું. તોપણ વધારે કહેવા ચાહું છું, કે જ્યારે હું અમુક અટકનો જેમ કે હુંતો આચાર્ય છું, તો કયા ગામમાં પ્રથમ નિવાસ થયો કે અમુક આચાર્ય કહેવાઓછું; તેમજ અમે ઠાકર છઇએ તો કેના ઠાકર કે અમુક ગામ ઉપરથી અમે અમુક ઠાકર કહેવાઇએ છીએ. તે જાણવું એતો પોતાના બાપ દાદા પાસે રહ્યું. અને ભાઇ તો પંશુઓની માફક ઉદરપૂર્ણા કરી, ખોટા કૃત્યથી ખાલી પો-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

તાની આયુ, કાક, શ્વાન, વત્ નિર્ગમન કરે છે. કોઈ પૂછતાં જ્યારે પોતે કાંઇ જવાબ આપે નહિં. ત્યારે છેવટે પોતાનેજ પાછળથી પસ્તાવો થાય છે. જેમ દાસીપુત્ર શું જાણે કે મારો બાપ કોણ છે. તેમ ભાઇ તો બ્રાહ્મણ એટલીજ ખબર વધારે નહિ ત્યારે પસ્તાવો કરવો ન પડે? તેટલા વાસ્તે આ ગ્રન્થનું પુનઃ અવલોકન કરવું ને, ઔદિચ્ય પ્રકાશ, નામના ગ્રન્થમાં સિદ્ધપુર પાછળ અપાયાનાં પત્રક છે તેમાં જોવું.

હવે જે જે ગામો અપાણાં તે ઉપર તેવી બ્રાહ્મણોની અડક પડી, જેમ કે માંડણ અપાયાથી માંડલીયા રાવલ, તેમ જેમ જેમ ભરતખંડના આર્ય ક્ષત્રિ રાજાઓ રાજ્ય માટે પ્રસરતા ગયા તેમ તેઓની સાથે બ્રાહ્મણ પણ પ્રસરતા ગયા. આખા ભરતખંડમાં લગભગ અરધા ઔદિચ્યો છે. તેનાં કાળાંતરે નિવાસ ભૂમિ ઉપરથી જુદાં જુદાં અભિધાનો થયાં છે. જેમ કે વડનગરમાં રહનારને **વડનગરા**, સાઠોદરના વાસિ તે **સાઠોદરા** મોઢેરાના રહિશ **તેમોઢ** ખેડાના તે **ખેડાવાળ**, વળદના તે **વળાદરા**, ડીશાના **ડીશાવળા**, હરસોલના તે **હરસોલા**, ઝાલોરના તે **ઝાલોરા**, ભરૂચના તે **ભાર્ગવ**, નાંદોદના **નાંદોરા**, મોતાના, **મોતાળા**, શ્રીમાળના **શ્રીમાલી**, ગીરનારના પ્રદેશવાલા **ગીરનારા**, વાલ્મિકના આશ્રમવાલા **વાલમ**, શ્રીગોડના **શ્રીગોડ**, ઇત્યાદિ ગ્નાતોના બ્રાહ્મણોનું મૂલ ઔદિચ્યમાંથી નીકળે છે તેમ ઔદિચ્ય નામ આજ કાલનું નથી તે પ્રાચીન અર્વાચીન ગ્રન્થોમાં લખાયેલું છે. જેમ કે.

महातपः कृतासमाजितंयत, पुराह्युदिच्यैऋषि

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

रेवनाम, कालप्रवाहेणसमंप्रयाति, गृह्णंति-धीराःसुतरांप्रयत्नैः

ભાવાર્થ—પૂર્વે, ઔદિચ્ય બ્રાહ્મણોએ ઋષિ એ પ્રકારનું જે નાંમ મોટા તપના પ્રભાવથી જે સંપાદન કરેલું છે, તે કાલપ્રવાહ સાથે ચાલ્યું જાય છે, વાસ્તે હે ? ધીર પુરૂષો ? તમો અસંત પ્રયત્નથી ઝાલી રાખો ! ! અને **उदीच्याः ऋषयः सर्वे ॥** આ વાક્યનો અર્થ એવો છે કે, સર્વ ઋષિઓ ઔદિચ્ય હતા, તેને અને અમુક ગોત્રના જાણવા વાસ્તેજ, બ્રાહ્મણોની જ્ઞાતિ ઉદય વાસ્તે મને બ્રાહ્મણોની ઉત્પત્તિની ખબર તથા ચક્ર કરવાની ખબર પડી તે પ્રમાણે, કરેલ છે. જુવો કે ૪૩ અધ્યાયનું પુસ્તક ન મલવાથી લાચાર છું તોપણ અલ્પ બુદ્ધિના અનુસારભૂત ગ્રન્થાકર્ષણથી આ ગ્રન્થમાં જે જે બાબતો દાખલ કરી છે, તે વાંચી અનુભવ કરવા મારા વડીલો ગુરૂદેવ તસ્દી લેશોજી.

रश्मि ७ मो ॥ विद्याप्रसंशा ॥ विषय ९ ३नो

ગયા રશ્મિમાં કહી ગયા છીએ કે બ્રહ્મચર્ય, સ્વાધ્યાય, અને બ્રહ્મોત્પત્તિ જ્ઞાનચક્ર કરી. હૃદયાકાશમાં નિવાસ કરનાર પરમાત્માને ધૈર્ય આપીને ખુશી કરેલ છે. હવે આ વિદ્યા પ્રસંશા વિષયમાં કહેવાનું કે જે માણસ વિદ્યા ભણતો નથી ને આ લોકમાં અને પરલોકમાં નિંદાપાત્ર થાય છે, તેમાં ભણેલો કેવા સુખમાં આયુષ્ય નિર્ગમન કરે છે તે કે તે માણસ ગમે તે ઠેકાણે ગમે તેવી દુર્દશા કિંવા ગમે તે હાલતે હશે તોપણ પોતાનો મનોર્થ સિદ્ધ કરશેજ, કે **विद्याधनं सर्वधन प्रधानम् ॥** —કે વિદ્યા છે તે સર્વ ધનમાં શ્રેષ્ટ ધન છે. તેજ વાસ્તે નીચે લખેલ વિદ્વાન માન્ય, અવિદ્વાન અપમાન્ય વિષય વાંચી

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

વિદ્યા શિખો.

विषय ५४ मो ॥ विद्वानमान्य ॥

विद्वत्वंचनृपत्वंचनैवतुल्यंकदाचन ॥
स्वदेशेपूज्यतेराजा,विद्वान्सर्वत्रपूज्यते २८

ભાવાર્થ—વિદ્વાનપણું અને નૃપતિ એ બેય માન્ય છે, પણ રાજા તો પોતાના દેશમાંજ પૂજાય છે. અને વિદ્વાન સર્વ સ્થળે પૂજાય છે (અર્થાત્ વિદ્વાન શ્રેષ્ટ છે.

नचौरहार्यंनचराजहार्यं नभ्रातृभज्यंनचभारकारी ॥व्ययेकृतेवर्द्धतएवनित्यं,विद्याधनं सर्वधनप्रधानं ॥ २९ ॥[बृहत्सारंगधर्या.]

ભાવાર્થ– ચોર ચોરી શકે નહિ, તેમ રાજા પણ હરિ શકે નહિં તેમ ભાઇઓ ભાગ પાડી શકે નહિં, તેમ ધારણા કરતાં ભારકર્તા નહિં અને હમેશાં વાપરતાં વધતું એવું વિદ્યારૂપી ધન સર્વ ધનમાં શ્રેષ્ટ છે. ॥ ૨૯ ॥

अजरामरवत्प्राज्ञोविद्यामर्थंचचिंतयेत् ॥
१गृहीतइवकेशेषुमृत्युनाधर्ममाचरेत् ॥३०॥

ભાવાર્થ—હું અજર અને અમરછું. એવો વિચાર સુજ્ઞ માણસે કરી વિદ્યા, અને અર્થ (લક્ષ્મી)નો સંગ્રહ કરવો. તેથી ધર્માચરણ કરતાં, એમ ધારવું કે, કાળ, મૃત્યુના માથાના કેશ પકડી ઉભો છે. ॥ ૩૦ ॥ પંચતંત્રે

सर्वद्रव्येषुविद्यैवद्रव्यमाहुरनुत्तमम् ॥
अहार्यत्वादनर्घ्यत्वादक्षयत्वाच्चसर्वदा ३१

---

१ ज्ञानेदानेविजानीयादल्पमृत्युममांतिकः

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ભાવાર્થ—વિદ્યાધન સર્વધન કરતાં શ્રેષ્ટ છે. તેમ તે અક્ષય, ચોરી ન જવાય અને અમૂલ્ય છે. ॥ ૩૧ ॥ રત.

संयोजयतिविद्यैवनीचगाऽपिनरंसरित् ॥
समुद्रमिवदुर्द्धर्षन्नृपंभाग्यमतःपरम् ॥ ३२ ॥

ભાવાર્થ—વિદ્યા જેની પાસે છે, તે નીચજાતિમાં ઉત્પન્ન થયો હોય તોપણ જેમ સમુદ્રના પાણીમાં નદીનુ જળ જાય છે, તેમ તે વિદ્વાન માણસ, રાજાઓને મળેછે. (અમુટ દ્રવ્ય મેળવે છે) (રત.) ૩૨

सजातोयेनजातेनयातिवंशसमुन्नतिं ॥
परिवर्तिनिसंसारेमृतःकोवानुजायते॥३३॥

ભાવાર્થ—આ સંસારમાં ઘણાં માણસો જન્મે છે, અને ઘણાં માણસો મરે છે, પરંતુ જન્મ્યો તો તેજ કહેવાય કે પોતાના કુળની મોટાઇ વધારે.

मातेवरक्षतिपितेवहितेनियुंक्ते
कान्तेवचाभिरमयत्यपनीयखेदम् ॥
लक्ष्मींतनोतिवितनोतिचदिक्षुकीर्त्ति
किंकिन्नसाधयतिकल्पलतेवविद्या ॥ ३४ ॥

ભાવાર્થ—વિદ્યા માતાની પેઠે રક્ષા કરે છે, બાપની પેઠે હિતમાં જોડે છે, સ્ત્રી માફક ખેદને ટાળી આનંદ પમાડે છે; લક્ષ્મીની વૃદ્ધિ કરે છે, સર્વ દિશામાં કીર્તિ વિસ્તારે છે; માટે કલ્પવૃક્ષરૂપી વિદ્યા શું નથી આપતી ? (અર્થાત્ જે જોઇએ તે આપે છે. ॥ ૩૪ ॥

विद्यानामनरस्यकीर्त्तिरतुलाभाग्यक्षयेचा-
श्रयो, धेनुःकामदुघारतिश्चविरहे नेत्रंतृती

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

यंचसा ॥ सत्कारायतनंकुलस्यमहिमा रत्नं विनाभूषणम् । तस्मादन्यमुपेक्ष्यहेतुविषयं विद्याधिकारंकुरु ॥ ३५ ॥ [रत्न]

ભાવાર્થ—વિદ્યા મનુષ્યને અતુલ કીર્તિ આપનારી, પડતી દશામાં આશ્રયરૂપ, કામધેનુની પેઠે ઇચ્છિત ફલ દેનારી, મિત્રવિયોગથી આનંદ દેનારી, ત્રિજા નેત્રરૂપ, માન આપનારી, કુલોન્નતિ વધારનારી, તેમ રત્ન વિના ભૂષણરૂપ, છે, વાસ્તે સર્વ કર્મ ત્યાગી વિદ્યા સંપાદન કરો.

विद्यारूपंकुरूपाणांक्षमारूपंतपस्विनां ॥ कोकिलानांस्वरोरूपंस्त्रीणांरूपंपतिव्रता ३६

ભાવાર્થ—વિદ્યા કુરૂપવાનનું રૂપ છે, તપસ્વીનું રૂપ ક્ષમા છે, કોયલનું રૂપ સ્વર છે, અને સ્ત્રીઓનું રૂપ પતિવ્રતા છે. ॥ ૩૬ ॥ (રત્ન.)

विद्याददातिविनयंविनयाद्यातिपात्रताम्॥ पात्रत्वाद्धनमाप्नोतिधनात्धर्मस्ततःसुखम् ॥

ભાવાર્થ- વિદ્યા વિનય આપે છે, વિનયથી વિશ્વાસપાત્ર થાય છે, વિશ્વાસપાત્રથી ધન મળે છે, ધનથી ધર્મ સચવાય છે. અને ધર્મથી પરમ સુખ મળે છે.

विद्याविनयोपेतो हरतिनचेतांसिकस्यमनुजस्य ॥ कांचनमणिसंयोगोनो जनयतिकस्यलोचनानंदम् ॥ ३८ ॥ (रत्न)

ભાવાર્થ—વિદ્યા, અને વિનયવાલો પુરૂષ કયાના ચિત્તને હરણ કરતો નથી ? જેમ સુવર્ણમાં જડેલો મણિ કોના નેત્રને આનંદ પમાડતો નથી; તેમ. ॥ ૩૮ ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

कुत्रविधेयोयत्नोविद्याभ्यासेसदौषधेदाने॥
अवधीरणाक्कार्याखलपरयोषित्परधनेषु ॥

ભાવાર્થ—વિદ્યાભ્યાસમાં, સદૌષધમાં, પરોપકારમાં યત્ન કરવો; પણ દુર્જન માણસ, પરસ્ત્રિ, તથા પરદ્રવ્યનો અનાદર કરવો શ્રેષ્ટ છે. ॥ ૩૯ ॥ ભાંડા.

विद्याह्यनंताश्चकलाः संख्यातुं नैवशक्यते॥

ભાવાર્થ--વિદ્યા અને કલાઓ અનંત છે, તેથી તેમની ગણના થઇ શક્તિ નથી. ॥ ૪૦ ॥

यद्यत्स्याद्वाचिकंसम्यक् कर्मविद्याभिसंज्ञकम् ॥ शक्तोमूकोऽपियत्कर्तुंकलासंज्ञंतुतत्स्मृतम् ॥ ४१ ॥

ભાવાર્થ—વાણિથી શિખાય તે વિદ્યા, મુંકો (મુંગો) શિખે તે કલા કહેવાય. ॥ ૪૧ ॥

एकापिविद्यागुणवत्तराणां याचित्तमारोहन्तिसैवधन्या ॥ ४२ ॥

ભાવાર્થ—એક પણ જે પરિક્ષકોના ચિત્તમાં ઠસે તેનું નામ વિદ્યા તે ધન્ય છે ॥ ૪૨ ॥ (બૃહત્સા.)

पुस्तकेषुचयाविद्यापरहस्तेषुयद्धनं ॥
उत्पन्नेषुचकार्येषुनसाविद्यानतद्धनम्॥ ४३ ॥

ભાવાર્થ--પુસ્તકમાં રહેલી વિદ્યા, પરાયા હાથમાં રહેલું દ્રવ્ય, તે, જોઈએ તે વખતે ન મલે, વાસ્તે તે વિદ્યા અને ધન ઉપયોગનું નથી ॥ ૪૩ ॥ **गरथ गांठे विद्या पाठें.**

अन्नदानात्परंदानंविद्यादानमतःपरम्॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

अन्नेनक्षणिकातृप्तिर्यावज्जीवंतुविद्यया ॥४४॥

ભાવાર્થ--અન્નદાન કરતાં મોટું વિદ્યાનું દાન છે, કારણ અન્નવડે ક્ષણિક તૃપ્તિ થાય છે, અને વિદ્યાથી તો જીવીત પર્યંત તૃપ્તી રહે છે. ॥ ૪૩ ॥ સારંગધર.

विषय ५५ मो ॥ अविद्वान अपमान ॥

रूपयौवनसंपन्नाविशालकुलसंभवाः ॥
विद्याहिनानशोभन्तेनिर्गंधाईवकिंशुकाः ॥

ભાવાર્થ--રૂપવાન્, યુવાન, અને મોટા કુળમાં જન્મેલા પુરૂષો વિદ્યા વિના શોભતા નથી, જેમ સુગંધ વગર કેશુડાંનાં ફુલ શોભતાં નથી તેમ. ॥ ૪૫ । બૃહ.

विद्यानामनरस्यरूपमधिकंप्रछन्नगुप्तंधनं । विद्याभोगकरीयशःसुखकरीविद्या गुरूणां गुरुः ॥ विद्याबंधुजनोविदेशगमने विद्याप रंदैवतम् । विद्याराज्यसुपूज्यतेनहिधनांवि द्याविहिनःपशुः ॥ ४६ ॥ भांडाकारे.

ભાવાર્થ--વિદ્યારૂપી પુરૂષનું અધીક રૂપ છે, તેમ ઢાંકેલું ખાનગી ધન છે; વળી ભોગ, વિલાસ, યશ, સુખ દેનારી છે; ગુરૂની પણ ગુરૂ, પરદેશમાં બંધુ સમાન સહાય કરનારી છે, વળી પરમ દૈવત, રાજ્યદ્વારમાં પૂજાતિ એવી વિદ્યા છે; પણ દ્રવ્ય પૂજાતું નથી, અને વિદ્યા હીન પુરૂષ પશુવત્ છે. ॥ ૪૬ ॥

वरमेकोगुणीपुत्रोनचमूर्खशतान्यपि ॥
एकश्चंद्रस्तमोहन्तिनचताराागणोपिच ।४७।

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ભાવાર્થ--એક પુત્ર ગુણવાલો હોય તો શ્રેષ્ટ; પ-ણ શો પુત્ર મૂર્ખ શ્રેષ્ટ નહિં. જેમ આકાશમાં અસંખ્ય તારાઓ છે, પણ એક ચંદ્રના ઉદયથી અંધકાર નાશી જાય છે તેમ ॥ ૪૭ ॥ પંચતંત્રે.

कोऽर्थःपुत्रेणजातेनयोनविद्वान्नधार्मिकः ॥ काणेनचक्षुषाकिंवाचक्षुःपीडैवकेवलं ॥४८॥

ભાવાર્થ--પુત્ર ઉત્પન્ન થસા તેથી શું થયું કે જે, વિદ્વાન અને ધાર્મિક નહિં ? જેમ ફુટેલી આંખ ફક્ત પી-ડા કરનારી છે તેમ. ॥ ૪૮ ॥ પંચતંત્રે.

वरंगर्भस्त्रावोवरमपिचगर्भेषुवसतिर्वरंजातः प्रेतोवरमपिचकन्याचजनिता ॥ वरंवन्ध्याभार्यावरमृतुषुनैवाभिगमनं नचाविद्वान्मूर्खोद्रविणगुणयुक्तोपितनयः ॥४९॥ भांडा०

ભાવાર્થ--ગર્ભસ્ત્રાવ થાય તોપણ શ્રેષ્ટ, ગર્ભમાંજ રહે (છોડ થઇ સુકાય) તેપણ શ્રેષ્ટ, મુવેલ અવતરે તેપણ શ્રેષ્ટ, કન્યા અવતરે તેપણ શ્રેષ્ટ, સ્ત્રિ વાંઝણી રહે તેપણ શ્રેષ્ટ. કદાચ સ્ત્રિસંગ ન કરવો તેપણ શ્રેષ્ટ, પણ પુત્ર મૂ-ર્ખ હોય અને વિદ્યાહીન, પણ દ્રવ્ય, ગુણ, અને રૂપાલો હોય તો તેપણ શ્રેષ્ટ નહિં. ॥ ૪૯ ॥

संगीतसाहित्यकलाविहीनः साक्षात्पशुःपुच्छविषाणहीनः ॥ तृणंनखादन्नपिजीवमानस्तद्भागधेयंपरमंपशूनाम् ।५०। संगीत०

ભાવાર્થ--સંગીતને, સાહિત્યકલા વિનાનો જે પુ-રૂષ છે, તે શિંગડાં પુચ્છ શિવાય પશુવત્ છે, તે નરપશુ

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ત્રણ નથી ખાતો અને જીવે છે. તે પણ પશુઓનું મોટું ભાગ્ય છે (જો તે નરપશુઓ ઘાસ ખાવા લાગ્યા હોત તો પશુઓ શું ખાત ? ॥ ૫૦ ॥

येषांनविद्यानतपोनदानं नचापिशीलंनगुणोनधर्मः ॥ तेमृत्युलोकेभुविभारभूतामनुष्यरूपेणमृगाश्चरन्ति ॥ ५१ ॥ वृद्धचा.

ભાવાર્થ--જે પુરૂષ કોઇ જાતની પણ વિદ્યા, તપ, દાન, શીલ સ્વભાવ, ગુણ, ધર્મ, વિગેરેથી હીન છે, તે પૃથ્વીમાં ભારરૂપ છે; તે મનુષ્ય મૃગરૂપી, વનરૂપ ગામમાં ફર્યા કરે છે. ॥ ૫૧ ॥

ऋणकर्त्तापिताशत्रुर्माताचव्यभिचारिणी॥ भार्यारूपवतीशत्रुःपुत्रःशत्रुरपंडितः॥५२॥

ભાવાર્થ--દેવું કરનાર બાપ શત્રુ; વ્યભિચારી, મા, શત્રુ, રૂપવતી સ્ત્રિ શત્રુ, અને અવિદ્વાન પુત્ર શત્રુ જેવા છે. ॥ ૫૨ ॥ વૃદ્ધચા.

मातावैरिपिताशत्रुर्याभ्यांबालोनपाठितः सभामध्येनशोभन्तेहंसमध्येबकोयथा।५३।

ભાવાર્થ—મા વૈરિ, બાપ શત્રુ, કે જેઓએ બાલકને ભણાવ્યો નહિં, સભાના મધ્યમાં, જેમ હંસની ટોળીમાં બગલો શોભતો નથી, તેમ તે શોભતો નથી.૫૩

विद्यावेदअनेकशास्त्रपठितंकिंतेनभाग्यंविना । गीतंगानतरंगरागरचितंकिंतेनकंठंविना ॥ तांबूलादिसुगंधसर्वरचितं किंतेनका

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

न्ताविना । स्नानंतर्पणहोमजापरचितांकिते नदत्तंविना ॥ ५४ ॥ रत्नभाण्डाकारे ॥

ભાવાર્થ—વિદ્યા, વેદ, અને શાસ્ત્ર ભણે પણ ભાગ્ય વિના નિષ્ફલ છે. ગાયન, ગીત, રંગ, રાગ કરે પ-ણ કંઠ વિના શોભે નહિં, તેમજ તાંબુલ અને સુગંધા-દિ પદાર્થોનું સેવન કરે પણ સ્ત્રી વિના વ્યર્થ છે; તેમ સ્નાન, તર્પણ હોમ જપાદિ કરે પણ દાન વિના વ્યર્થ તેમ. ॥ ૫૫ ॥

धनक्षयेवर्द्धतिजाठराग्निःकुलक्षये पुत्रशठः प्रसूतिः ॥ पुण्यक्षयेनीचजनानुसंगः पापक्ष येभक्तिजनार्दनस्य ॥ ५६ ॥ (सुभाषिते)

ભાવાર્થ—જઠરાગ્નિ વધવાથી ધન ક્ષય થાય છે, તેમ શઠ પુત્ર (અવિદ્વાન) અવતરે છે તો કુલનો ના-શ થાય છે, જેમ પુણ્ય છે તે નીચની સંસર્ગથી નાશ પા-મે છે, અને પાપ છે તે જનાર્દન (ભગવાન્) ની ભ-ક્તિથી નાશ પામે છે તેમ. ॥ ૫૬ ॥

બંધુઓ ! ! ! અવિદ્વાન માણસ પશુવત્ છે; તે જી-વતાં સુધી નિંદાપાત્ર થાય છે. તેમ તેનો ખરાબ કામમાં દાખલો પણ દેવાય છે, માટે ભણો.

प्रसह्यमणिमुद्धरेन्मकरवक्त्रदंष्ट्राङ्कुरात्समु-द्रमपिसंतरेत्प्रचलदुर्मिमालाकुलं॥भुजंगम पिकोपितं शिरसिपुष्पवद्धारयेन्नतुप्रतिनि-विष्टमूर्खजनचित्तमाराधयेत्॥५७॥(भर्तुहरि

ભાવાર્થ—મદોન્મત્ત મગરમચ્છની અતી તીક્ષ્ણધાર

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

વાલી દાઢમાંથી પણ કદાચ બલાત્કારે મણિ પણ લઇ લે-વાય, તેમ બહુજ ઘુઘવાટી મારતો મોટા મોટા મોજા (લોઢ) થી ઉછળતો એવો સમુદ્ર હોય તોપણ તે બળાત્કારે તરી શકાય, બહુ ક્રોધ યુક્ત ઝેરી સર્પને પણ બળાત્કારે, માથા ઉપર પુષ્પની પેઠે રખાય, પણ કોઇ દિવસે મૂર્ખ મનુષ્યના ચિત્તનું આરાધન કરી શકાય નહીં.

આ પ્રસંગમાં જેટલું વિવેચન કરવા ધારિએ તેટલું થઇ શકે પરંતુ મારા ધારવા પ્રમાણે આટલુંજ **अलम्** ॥ (બશ) છે. જો આ પ્રકરણનું અવલોકન પુનઃ પુનઃ કરશે અને અનુભવ લેશે તોજ સર્વે સુખને પામી સ્વર્ગે જશે, નહિંતર કાગ શ્વાન મીદડાં ને અન્ય પશુવત્ નિરર્થક છેજ.

विषय ९६ मो ॥ ब्राह्मणनिंद्यानो दोष ॥

બંધુઓ!!! દ્વિજ શબ્દની વ્યાખ્યા ગયા રશ્મિ ૫ ના વિષય ૩૫ માં કહી ગયા છીએ. વાસ્તે દ્વિજ વર્ણને બ્રહ્મચર્ય, સ્વાધ્યાય, ને વિદ્યા તે સમાન્ય છે. તેમાં પણ બ્રાહ્મણોને તો ઉપલા વિષય પાળવા ધર્મશાસ્ત્ર સૂચવે છે. કેટલાક વિપરીત મતિની સહાયતાથી બ્રહ્મનિંદામાં ખુડી ગયા છે કે જેથી તેઓની (દ્વિજવર્ણ) સ્થિતિ કેવી આ આપણી નજરે પડે છે. વાસ્તે ભૂલચુકથી પણ કોઇની નિંદા નહિં કરવી, કદાચ કલિના નિયમથી તમે ન્યાયમાં બલાત્કારે પણ નહિં આવો તોપણ બ્રહ્મનિંદા તો નજ કરવી? કારણ કે વાંચો!

कुलान्तेबहवोगावःकुलान्तेबहवस्तिलाः ॥
कुलान्तेबहवःपुत्र्योब्रह्मनिंदात्कुलक्षयः ९८

ભાવાર્થ -જે કુળમાં ગાયોનો વેપાર ઘણો હોય,

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

તક્ષનો વ્યાપાર. હોય જે કુળમાં ઘણી પુત્રી હોય, અને જે કુલમાં બ્રહ્મનિંદા થતી હોય તે કુળનો જલ્દીથી નાશ થાય છે. ॥ ૫૮ ॥

વાસ્તે બ્રાહ્મણ નિંદા કુળનો નાશ કર્ત્રી છે એ પ્રત્યક્ષ પ્રમાણ છે. હવે **निंदा** એ પાપવાળું નરકસ્થાન છે. તેમ છતાં પણ બ્રાહ્મણ સર્વ વર્ણમાં શ્રેષ્ટ છે. વિષ્ણુસ્મૃતિમાં કહ્યું છે કે. **वर्णानां ब्राह्मणो गुरुः** અર્થ—ચારે વર્ણના ગુરૂ બ્રાહ્મણ છે. હવે ગુરૂ એ શબ્દ વિષે.

गुरुद्रोहीकृतघ्नश्चयेतुविश्वासघातकाः ॥
तेनरानरकेयान्तियावच्चंद्रदिवाकरौ ॥५९॥

ભાવાર્થ—ગુરૂનો દ્રોહ કરનાર, કૃતઘ્ની, વિશ્વાસઘાતિ છે, તે પુરૂષ સૂર્ય, અને ચંદ્ર, પૃથ્વી ઉપર રહે, ત્યાં સુધી નરકમાં રહે છે ॥ ૫૯ ॥ વૃદ્ધચા.

વાસ્તે **ब्रह्मयोनीनमोस्तुते ॥** બ્રાહ્મણ જાતિને નમસ્કાર કરવો તે અત્યુતમ છે. આ લખવાનું કારણ એ છે, **विनाशकाले विपरीतबुद्धिः**—આ વાક્ય ઉપરથી એવું ધોરણ બાંધવાનું છે કે મુખ્યત્વે આ- આપણી સર્વ આર્ય ભાઇઓની ખરાબ સ્થિતિ કેટલાકોની કેટલેક દરજ્જે જોતાં બ્રહ્મનિંદાથીજ છે, તેથી પીડીત થઇ, થાયછે અને પડતી થવી જોઇએ એ આપણું ભવિષ્ય આપણને બતાવી આપે છે, પણ ધર્મ બુદ્ધિ ભ્રષ્ટથી તે જણાતું નથી. તેપણ ચિન્હિત આ જગત્માં ધર્મ, બુદ્ધિ, યશ, વિદ્યા, કીર્ત્તિ, આયુ, સલક્ષ્મી, કાંતિ, ધૈર્ય, સત્ય વિગેરે સર્વ નાશ પામી છેવટે તાત્પર્ય જોતાં **अस्तप्राय** થઇ ગયું છે. સહસ્રુ લખાણપર ધ્યાન દઇ,

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ધર્માભિમાની થઇ, બ્રહ્મનિંદા ત્યાગી, ધર્મનો રસ્તો પકડો ! અર્થાત્ કે, રાગદ્વેષ, પરનિંદા (ખોદણી) તેનું નામ પાપનું નર્કસ્થાન છે, વિશેષમાં જુઓ કે મિથ્યાવાસુદેવ. વેન રાજાની બ્રહ્મનિંદા, તેઓથી કેવી ગતિ થઇ હતી ? તેવાં દૃષ્ટાંતથી, યાદ લાવી ત્યાગો. તે વિષે પણ વધારે વિવેચન આવતા રશ્મિ ૧૨ ના વિષય ૧૦૩ ' **रागद्वेष,** આ વિષય વાંચો. સારો અનુભવ કરી ધર્મમાર્ગે મતિની સારી ગતિ કરો અને વર્તો.

विषय ૯૭ मो ॥ ब्राह्मणशब्दार्थः ॥

વાંચો ! **ब्रह्मंजानातिब्राह्मणः** ॥**ભાવાર્થ**—પરબ્રહ્મને જાણે તે બ્રાહ્મણ કહેવાય. તેવા બ્રાહ્મણો વિષે ગયા રશ્મિ ૨ ના વિષય ૧૬ માં કહેલ છે. કે-

अथयएतदक्षरंगार्गिविदित्वाऽस्माल्लोकात्प्रैतिसब्राह्मणः ॥ ६० ॥[वृहदारण्योपनिषदे]

ભાવાર્થ—હે ગાર્ગિ ! જે મનુષ્ય આ અક્ષરબ્રહ્મને જાણી, આ લોકમાંથી પરલોકમાં જાય છે, તે બ્રાહ્મણ કહેવાય. ॥ ૬૦ ॥

આ વાક્ય પૂર્ણ મદદગાર થાય છે કે, **द्विज** વર્ણને આ જાણવાની બહુજ આવશ્યક્તા છે, એ દૃષ્ટાંત સિદ્ધ છે. આજકાલમાં ભ્રષ્ટ થયાનું કારણ તેને જાણવાનું છે, વાંચો ? **ब्रा** શબ્દોચ્ચાર થતાં જે પાપો શરીરમાં ગમે તે ઠેકાણે રહ્યાં હોય તેને ત્યાંથી બહાર કાઢે છે, તે કદાચ પુનઃ અંદર પેશવા જાય છે, તેટલા માટે [1] **ह्म** છે, તે, મોટા કમાડરૂપ થાય છે અને અંદર જવા ફકત દૃષ્ટિ કરે તો

---

૧ ઉકાર મકાર એ કહાડનાર છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ણકાર બહુ તરછોડી બલાત્કારથી તે પાપોને એવાં તો બહાર ફેંકે છે કે તે પાપ કયે ઠેકાણે પડયાં હશે તે ચિન્હ પણ દેખાશે નહિં; વાસ્તે બ્રાહ્મણ નામ લેનાર માણસ જેમ સર્પ છે તે કાંચડીમાંથી પવિત્ર થઇ નીકળે છે તેમ તે માણસ પાપથી ભરપૂર આ સંસારરૂપ કાચળીમાંથી તરત બહાર નીકળી પરમ પદને પામછે.

विषय ९८ मो ॥ ब्राह्मणने खेती ॥

હે ભૂદેવો ! આર્યભૂષણો ! મહારાજાઓ ! આપને વિનંતી કરી કહું છું કે, કહેવત છે કે '**उत्तम खेति, मध्यम व्यापार, कनिष्ट नोकरी, अधम भिक्षा,**' વાસ્તે તમો કદાચ આપણા ઉત્તમોત્તમ ધંધાનો ત્યાગ કરી ખેતી કરવા લાગ્યા તે ઠીક છે, કાંઇ નીચ કર્મ નથી, પણ; એટલું તો છે કે ખેતી કરતાં અસંખ્ય જીવ મરે છે, તે પાપ કર્મથી બુદ્ધિભ્રષ્ટ થવાય છે. તેથી ધર્મ ભ્રષ્ટ તો થાયજ. પરંતુ તમો '**खलयज्ञ**' કરતાં ચુકવું નહિં. ખેતી ખુશીથી કરો. પણ, તમરાં હૃદય ૧ શીંકે મુકો નહિં. મતલબ સ્વધર્માચરણી થાઓ, કારણ તેમાં દોષ ઘણા રહેલા છે, તેમાંનો મુખ્યત્વનો ૧ દોષથી ચેતવા ભલામણ કરૂં છું કે તે દોષ તો ખેતી કર્મમાં ભૂલથી પણ થયા વિના રહેજ નહિ.

અગ્નિ ગુરૂ, બ્રાહ્મણ, ગાય, કુંવારી કન્યા, બાલક, વૃદ્ધ, એ સાતનો પગવડે સ્પર્શ કરવો નહિ. કદાચ સ્પર્શ કરે તો ઇંદ્રને ઘેર લક્ષ્મી હોય તેનો પણ નાશ થાય, ત્યારે આપણી તો શી ગતિ.

---

૧ શીંકું સુતર, રેશમ, અગર નાળીયેરના છોટલાનાં ગુંઠીને દુધ દહિં વિગેરે મીંદડાંનાં ભયથી ઉંચા બાંધી લટકાવે છે તે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

પરંતુ ખેતીમાં તો ૪–૫ બાબતો થયા વિના રહેજ નહિં, કારણ તેમાં ધર્મ કર્મ થયાના હેતુનુંજ છે, ખેતી એ બહુજ ઉત્તમ ધંધો છે કે તેથી આખી દુનિયાનું પોષણ તેથીજ થાય છે, તેને મનુસ્મૃતિમાં પણ ' બ્રાહ્મણને ખેતી, આમ લખી છુટ આપી અને ઘણો વિસ્તાર કર્યો છે. તેનો તાત્પર્ય જોતાં એટલુંજ છે કે બનતાં સુધી ધર્મ્માચરણીય થઇ ખલયત્ન કરતા રહેવું, તેમાં આળસ કરવું નહિં કરે તો પોતાના પગમાં કુવાડા માર્યા બરાબર છે. વાસ્તે ખેતીનો ધંધો હોય તેપણ કરવો ને ધર્મ પાળવો.

विषय ५९ मो ॥ ब्राह्मणने व्यापार ॥

હે મહારાજ ! મનુસ્મૃતિમાં પણ વ્યાપાર કરવાની છૂટ અને પારાશર સ્મૃતિની પણ છુટ છે. પરંતુ નીચ વેપાર કરવો નહિં, જેમકે તેલ, મીઠું, તલ, ચામડું, લોઢું, ધાન્ય, સુવર્ણ, મદીરા, માંસાદિક વ્યાપાર નજ કરવો. અરે ! કદાચ ઘરમાં પોષણ વાસ્તે અનાજનો એક પણ કણ (દાણો કિંવા બી) ન હોય તોપણ તે વ્યાપાર કરવો નહિં, પણ મણિ, રત્ન, વૈડુર્ય જવાહીર, હીરા, મોતી, પ્રવાલ, રૂપું, ત્રાંબું, ઘી, શાકર, વસ્ત્રાદિક વ્યાપાર કરવો પણ ધર્મવૃત્તિમાં ખામી ન આવવી જોઇએ. અપૂર્ણ, પણ ' પૂર્ણ માનો,

विषय ६० मो॥ब्राह्मणनेशूद्रत्व॥(નો.કરી.)

હરિ ! હરિ ! આ શબ્દનું વિવેચન કરતાં મારૂં હૃદય કચવાય છે. અને મન કહે છે કે હું કચવાઉં છું એમ નથી। હું તો, રાજી થાઉં છું પણ અજ્ઞાનતાથી તમને એમ લાગે છે. કારણ કે આ શબ્દના વિવેચનથી પરો-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

પકાર થયો જાણજો કે બ્રાહ્મણો આ ધંધો છોડી ધર્મવૃત્તિમાં પ્રવર્તમાન થશે. બ્રહ્મયોનીમાં અવતાર થવો બહુજ મુશ્કેલ છે તે પદવી મળવી તેથી પણ દુસ્તર છે. જુઓ આપણા '**દેવીભાગવત**' માં પણ પ્રત્યક્ષ રીતે સૌના જાણવામાં આવેલ દૃષ્ટાંત કે—

વિશ્વામિત્ર ક્ષત્રિ હતા, તે તપના પ્રભાવથી પ્રથમ ક્ષત્રિ (રાજર્ષિ) કહેવાયા, પણ બ્રહ્મર્ષિ ન કહેવાયા, છેવટે વિશ્વામિત્રે બ્રહ્મર્ષી થવા ૧૦ હજાર વર્ષ વાયુ ભક્ષ કરી દારૂણ, ઉગ્ર તપ કર્યું, તોપણ બ્રહ્મર્ષી આવી સંજ્ઞા ન મળી, વળી પુનઃ ૧૦ હજાર વર્ષ પર્યંત પુનઃ વાયુ ભક્ષ કરી બહુજ તપ કર્યું, કે હું બ્રહ્મર્ષી થાઉં,–કોઇ એક દિવસે ઘણા ઋષિઓ મળી સભા કરી બેઠા છે તેમાં વસિષ્ટ ને પૂછ્યું કે મહારાજ આ **વિશ્વામિત્ર** હવે **બ્રહ્મર્ષિ** થવાને આપણી સભામાં દાખલ કરવા યોગ્ય થયા છે એવાં પ્રશ્ન થતાં તરતવસિષ્ટે ઉત્તર આપ્યો કે હે મહર્ષીઓ રાજર્ષી તે કોઇ દિવસે બ્રહ્મર્ષી થતા હશે વારૂ ? નજ થાય, ૧ ક્ષત્રિને તો બ્રાહ્મણ થવું ઘણું દૂર છે, આ વાક્ય વિશ્વામિત્રને શ્રવણે જતાં તરત ક્રોધ થયો કે હું વિશ્વામિત્ર ખરો કે વસિષ્ટનો વંશ કહાડી નાખું. કોઇ વખત મળવાથી વિશ્વામિત્રે વસિષ્ટના શત પુત્રને મારીનાખ્યા, છેવટ વસિષ્ટને મારવા તત્પર થઇ પ્રયત્ન કર્યો. કોઇ સમે શુક્લપક્ષની ૧૫ પુનમની મધ્યરાત્રે હાથમાં હથિયાર

---

૧ ક્ષત્રિમાં ઘણો ક્રોધ રહ્યો છે, તેથી ચિકિત્સા કરૂં કે ક્રોધ ગયો કે નથી ગયો, જો ક્રોધ ગયો હોવ તો હવે બ્રહ્મર્ષી ખરા પણ ક્રોધ તો ઘણો હતો ગયો નહોતો તેથીજ.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

લઇ વિશ્વામિત્ર વસિષ્ટને મારવા વાસ્તે, આશો પાલવના ઝાડની છાયામાં થડ પાસે ઉભા રહ્યા, તે ઝાડ, વસિષ્ટની પર્ણકુટી (ઝુંપડી) ને પાછળ હતું, ત્યાં ઉભા છે. હવે વસિષ્ટ બ્રાહ્મમુહૂર્તમાં ઉઠી મલ મૂત્ર ત્યાગ કરવા પર્ણકુટીથી બહાર નીકલ્યા, અને ચંદ્રમા તરફ દૃષ્ટિ કરી પોતાની સ્ત્રીને કહ્યું કે અહો પ્રિયા ! સતિ ! આજની રાત્રીના ચંદ્રમાનાં કિરણનું તેજ વિશ્વામિત્રના તપથી પણ હલકું દેખાય છે, કારણ કે ચંદ્રમામાં પણ કલંક છે અને રાજર્ષીમાં ક્રોધરૂપી કલંક છે.

આ વાક્ય શ્રવણ કરતાં તરત વિશ્વામિત્ર દોડી જઇ વસિષ્ટના પાદારવિંદમાં દંડવત્ પ્રણામ કરી ગદગદ કંઠેથી સ્તુતિ કરી ક્રોધ ત્યાગી શત પુત્ર માર્યાનું પાપ વિમોચન કરયું. તે વખતે વસિષ્ટે કહ્યું કે આ ક્રોધથીજ બ્રહ્મર્ષી સંજ્ઞાને પ્રાપ્ત નહિં થયા હતા, પણ જાઓ વિશ્વામિત્ર બ્રહ્મર્ષી,!!! મહર્ષીઓની સભામાં જઇ બેશી ખુશીથી પરબ્રહ્મચર્ચા કરો આવો આશિર્વાદ લઇ વિશ્વામિત્ર ગયા.

જુઓ !!! વિશ્વમિત્ર ક્ષત્રિ હતા તોપણ અતુલ, દારૂણ, ઉગ્રપરાક્રમી તપના, તેજના પ્રભાવથી બ્રહ્માર્ષી સંજ્ઞાને પ્રાપ્ત થયા. વાસ્તે કેવા પુન્યથી કેવા તપથી બ્રહ્મયોની મલે છે તેનો વિચાર કરો ! અને આ અધમાધમ ધંધો જે શૂદ્રત્વ (નોકરી) કરો છો; શિવ ! શિવ ! શિવ ! અફશોષ છે કે અરે ! તમો ઋષિ મહારાજ? આવી પંક્તિમાંથી ભ્રષ્ટ થઇ બ્રામણ, લંગોટા, ભૈડક, ભિખારી, ત્રણ દાણાના માગનાર–બશ છે આવી સ્થિતિએ પહોંચ્યા છો. હજુ પણ જો ચેતશો નહિં અને ધર્માચરણમાં વર્તશો નહિં તો આ કલિકાલમાં આગળ જતાં ભવિષ્ય

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

જોતાં કયા અભિધાનને પામશો તે ગારાથી કહી શકાતું નથી. વાસ્તે વિચાર કરી અન્ય વર્ણકે ક્ષત્રિ, વૈશ્ય, શૂદ્ર વિગેરેનાં ધોતિયાં ધોવાં, બાળકોને રમાડવાં, તેના ઘરનું રસોડું કરવું, તેના હુકમમાં હાજર રહી ગુલામી કરોછો ! તેતો તમારોજ વાંક છે. ! કારણ ધર્મભ્રષ્ટ થયા. તોપણ હજુ કાંઇક ષટ્કર્મ કરવા મન લગાડો તો શ્રેષ્ટ છે અને આપણી જ્ઞાતિના દાખલા જોઇ કુલાભિમાની થઇ ધર્માભિમાની થાઓ-તોજ પૂર્વવત્ થશો હો ? આપણી બ્રહ્મ જ્ઞાતિમાં વેદાભ્યાસ, સર્વ શાસ્ત્રાલોકન, ષટ્કર્મ ષટ્ ઉપકર્મ, ખેતી, વ્યાપાર, શૂદ્રત્વ, ભિક્ષા આ વિષયો છે. તેમાં પણ જે બ્રહ્મચર્ય, સ્વાધ્યાય, વિદ્યાભ્યાસી, વિગેરે સંસ્કારી થઇ ગૃહસ્થાશ્રમમાં લાગ્યા છે; તેની સ્થિતિ આપણા કરતાં કેવી શ્રેષ્ટ છે. તે તમો દૃષ્ટિસિદ્ધ અનુમાનથી ચિકિત્સા કરો કે શેહેરના રાજા, અમીર, ઉમરાવ, સદ્ગૃહસ્થ (ધનવાન), વિગેરેઓ ઉભા થઇ શ્રેષ્ટ સન્માનથી બોલાવી પધારો, પધારો. પધારો શાસ્ત્રિજી, પધારો, (૨) પંડિતજી, પધારો. (૨) મહારાજ, પધારો (૨) રૃષિ, પધારો (૨) બ્રહ્મદેવ, પધારો (૨), આવા અવા આનંદી શબ્દોચ્ચાર તમે સાંભલોછો તથા જુઓછો તેમ જાણોછો પણ ખરા કે તેઓ ધર્માચરણિ છે તોજ આવે દરજ્જે છે. તોપણ જો તમે એમ ધારો કે હું તેનાથી અધિક થઇ વધારે પદવી મેળવી શ્રેષ્ટ થાઉં, આવી ઇચ્છા રાખી વર્તશો તો તમે પૂર્વવત્ થશો [શું નહિતો તમે ખરાબ સ્થિતિમાં છો કે એક જણને જમવાનું આમંત્રણ આવતાં **कलौ चतुर्गुणंप्रोक्तं** ।। આવાં વાક્ય બોલી ચાર જણા જમવા જાઓછો, ને અમાનીતા થાઓ છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

અરે ! બંધુઓ ? હું વધારે વાંચવા તસ્દી દેવા ધારતો નથી, પણ વખતને અનુશરીને તમે નેત્ર ઉઘાડી વાંચો આપણા શાસ્ત્રમાં કહ્યું છે કે.

નवदेद्यावनींभाषांप्राणैःकंठगतैरपि॥ ૬૧ ॥

ભાવાર્થ—કંઠે પ્રાણ આવે તોપણ યાવનિ ભાષાનો શબ્દોચ્ચાર કરવો નહિં. ॥ ૬૨ ॥

અને સંસ્કૃત ભાષા શિવાય અન્ય ભાષા બોલવી નહિં, આવો શાસ્ત્રનિયમ છે.

પરંતુ આજકાલગાં કલિયુગના આધારે તેવી યાવની ભાષાઓ તો ઘરના રસોડામાં પવિત્ર વસ્ત્ર પહેરી ભોજન કરે છે અને ઘરમાં અધિષ્ટિત થઇને જેણે (+ યાવની) ભાષાઓને જન્મ આપ્યો એવી આપણી જન્મમાતા સંસ્કૃત ભાષા છે. તેને શોકની માફક અનાદર કરી બહાર કહાડી મુકે છે; તથા રસોડું કરાવે. ઘરમાં પેશવા પામતી નથી; તોપણ ઇંગ્રેજી ઉપર દયા કરી સંસ્કૃત ભાષા આશ્રય આપે છે તેથી હવે ઘર તરફ વલામણ કરે છે. તે એટલે તો સુધી કે ઘરમાં પ્રથમની પેઠે આવશે કે, યાવનિ ભાષા જે અંતઃપુરમાં ફરે છે, તેના માથાના કેશ (ચોટલો) ઝાલી ઘણા ફિટકારથી, તરછોડી બહાર કહાડી મેલશે. પણ તમે સહાયતા કરો તો જેમ લવારો સુગંધ યુક્ત પણ આશ્રય મળેતો જે ઉપર ચડાવવો હોય તે ઉપર ચડે. તેમ તમે સંસ્કૃત ભણી, સારી પદવીએ ચડો, શૂદ્રત્વપણું મુકી પાછું વાલી જુઓ, એ મારી નમ્રતાપૂર્વક માગણી છે તે સ્વીકારશો કે ! ! ! હા ! ! તથાસ્તુ. ! !

પરિચ્છેદ ૨ તથા રશ્મિ ૭ મો સમાપ્ત.

+ મુસલમાની, ફારશી, અરબી, ઇંગ્રેજી, વિગેરે યાવનિ ભાષા કહેવાય.

CC0. In Public Domain. Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

अथश्री आर्यमार्त्तण्डस्य त्रतीय परिच्छेदे गृहस्थाश्रम विधिनाम अष्टमो रश्मि प्रारम्भः ॥ विषय ६१ मो ॥

આર્ય બંધુઓ !

ગયા રશ્મિ ૬–૭ માં કહી ગયા છીએ કે બ્રહ્મચર્ય, સ્વાધ્યાય, અને વિદ્યાભ્યાસ કરી લૌકિક વ્યવહાર જાણી. ગૃહસ્થાશ્રમ કરવો, તેઓના ધર્મ કહું છું વાંચો કે, પોતાની પત્નિસહ ગૃહસ્થાશ્રમમાં રહી સંતાનોત્પતિ પરમ્પરાના શરૂ ધંધામાં મન લગાડી, ધર્માચરણી થવું અને નીચે દર્શાવેલા ધર્મ પાળવા.

विषय ६२ मो ॥ शरीरनी स्थिति ॥

चतस्रोवस्थाशरीरस्यवृद्धियौवनसंपूता ॥ किंचित्परिहापरिहाणीश्चेतितत्राषोडशाह वृद्धिः । आपंचविंशतेर्यौवनमाचत्वारिंशतःसंपूर्णतां ॥ ततःकिंचित्परिहाणिश्चेति १

ભાવાર્થ—મનુષ્યના શરીરની ચાર અવસ્થા છે. (૧) વૃદ્ધિ, (૨) યૌવન, (૩) સંપૂર્ણતા, (૪) કિંચિત્હાની.

૧૨ વર્ષથી ૨૫ વર્ષ પર્યંત વૃદ્ધિ, તેટલા વખતમાં વીર્ય સ્ખલીત થાય તો જન્મ બગડયો એમ સમજવું. ૨૫ થી ૪૦ વર્ષ પર્યંત યૌવનાવસ્થા. ૧૫ વર્ષથી વૈદિકના નિયમ પ્રમાણે *ધાતુ બંધાય છે. ૪૦ મે વર્ષે સંપૂર્ણ પુષ્ટિ

* આજકાલમાં નવ વર્ષે કન્યાને પ્રસવ થાય છે તેમ પણ ૧૦ વર્ષનો વર ૧૫–૧૭ વર્ષની સ્ત્રી સાથે ભોગ કરે છે. ત્યારે તેમાંથી કેવાં સંતાન થાય ! હરિ ! હરિ !

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ત્રીજી અવસ્થા થાય છે. ત્યારપછી ધાતુની હાની થવા લાગે છે. ૪૦ મે વર્ષે યૌવનાવસ્થા પૂર્ણ થઇ એટલે છેક બાળકના જેવી વૃત્તિ થઇ જાય છે,

સ્ત્રીને ૨૪ વર્ષે યૌવનાવસ્થા પૂર્ણ થાય છે. સ્ત્રીનું બળ પુરૂષથી ઓછું છે. તેમ વિવાહનો કાલ પણ, ઉત્તમ, મધ્યમ, કનિષ્ટ છે. ૧૬ વર્ષથી ૧૮ સુધી કનિષ્ટ, ૧૮ થી ૨૧ વર્ષ પર્યંત મધ્યમ, ૨૧ થી ૨૪ સુધી ઉત્તમ છે. તેના પહેલાં લગ્ન કરવું તે જાણે ભવસાગરમાં ડુબવા જેવું છે. એ બધી બાબત શરીરના સુખને અનુસરીને છે. અને તેમાંથી સારાં સંતાનો ઉત્પન્ન થાય છે. તે વિષે આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં પણ કહ્યું છે કે.

विषय ६२ मो ॥ आयुष्यना चारभाग ॥

चतुर्थमायुषोभागमुषित्वाद्यंगुरोद्विजः ॥
द्वितीयमायुषोभागःकृतदारोगृहेवसत् ।१॥

ભાવાર્થ—આયુષ્યના ચાર ભાગમાંના પહેલા ભાગમાં ગુરૂગૃહે વિદ્યાભ્યાસ, બીજા ભાગમાં ગૃહસ્થાશ્રમ, ત્રીજા ભાગમાં વાનપ્રસ્થ, ચોથા ભાગમાં સન્યાસી- એમ ચાર ભાગ છે. એ વિષે પણ મનુસ્મૃતિનો ટીકાકાર કુલ્લુક ભટ્ટ કહે છે કે, આયુષ્યના નિશ્ચિતકાલનું પ્રમાણ જણાતું નથી તેથી તેની આયુષ્યના ચાર ભાગમાંહેનો પહેલો ભાગ શી રીતે જણાય; કોઇ કહેશે કે ૧૦૦ વર્ષનો પુરૂષ છે એવું વેદવાક્ય છે કે-**शतसंवत्सरं दीर्घमायु:** ત્યારે ૨૫ મે ચોથો ભાગ થયો, અને મનુએતો, ૪૮, ૩૬. વર્ષ સુધી બ્રહ્મચર્ય કહ્યું છે ત્યારે તેની સાથે વિરોધ આવે છે; વાસ્તે તેનો નિર્ણય એવો નિકળે છે કે

CC0. In Public Domain Kirikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

જેટલા વર્ષ બ્રહ્મચર્ય પળાય તેટલા વર્ષ આયુષ્યનો ચોથો ભાગ છે. એમ સમજવું. જેમ જેમ બ્રહ્મચર્ય ઓછું થતું ગયું તેમ તેમ આયુર્દા ઓછી થતી ગઇ છે. આથી બ્રહ્મચર્ય અવશ્ય છે એ સિદ્ધ થાય છે, માટે જન્મપત્રિ કરાવવાથી કાળ પ્રમાણ સિદ્ધ થયું તેનો ચોથો ભાગ બ્રહ્મચર્યમાં લેવો.

विषय ६४ मो ॥ गृहस्थाश्रम चालवो ॥

गुरूणानुमतःस्नात्वासमावृत्तोयथाविधि ॥
उद्वहेताद्विजोभार्यांसवर्णांलक्षणान्विताम् ३

ભાવાર્થ—વિદ્યાર્થી (બ્રહ્મચારી) એ ગુરૂની આજ્ઞાલઇ સ્નાન કરવું, પછીથી સમાવર્તન કરી ઘેર આવવું, પછી પોતાના વર્ણની, સારાં લક્ષણવાળી, સ્ત્રી સાથે લગ્ન કરવું. ॥ ૩ ॥ (યાજ્ઞ.)

यावन्नविन्दतेजायांतावदर्धोभवेत्पुमान् ॥
यन्नबालैःपरिवृतंस्मशानमिवतद्गृहम्॥ ४॥

ભાવાર્થ—પુરૂષ જ્યાં સુધી સ્ત્રિ પરણે નહિં, અને કુંવારો રહે ત્યાં સુધી અર્ધ શરીરવાળો કહેવાય. જે ઘરમાં બાળકો નથી તે ઘર સ્મશાન જેવું છે. ॥ ૪ ॥

षिषय ६५ मो ॥स्त्रीपरणयाथीघरनीशोभा॥

प्रजनार्थंमहाभागाःपूजार्हागृहदीप्तयः ॥
स्त्रियःश्रियश्चगेहेषुनविशेषोऽस्तिकश्चन॥५॥

ભાવાર્થ—સંતાનોત્પત્તિ વાસ્તે, સ્ત્રી ઘણી કલ્યાણી, પાત્રી ને વિવેકી છે. તે ઘરને શોભાવે છે. સ્ત્રી ઘરની લક્ષ્મીરૂપ છે, વાસ્તે સ્ત્રીમાં, ને શ્રીમાં કાંઇ ફેર નથી ॥૫॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

विषय ६६ मो ॥ पैसा आपि परणेल स्त्री पत्नी नहि ॥

सर्वावयवसंपूर्णांसुवृत्तामुद्वहेन्नरः ॥
क्रयक्रीताचयाकन्यापत्नीसानाभिधीयते ६

ભાવાર્થ—પુરૂષે સર્વ અવયવ સંપૂર્ણ વાલી, સુશીલ, સ્ત્રી સાથે લગ્ન કરવું, જે કન્યા, પૈસા આપી પરણ્યા, તે વિધિપૂર્વક પત્ની ન કહેવાય. ॥ ૬ ॥ મિતા.

આ વાકયને- આ વિષયમાં વ્યાકરણાચાર્ય પાણિનિ પોતાની અષ્ટાધ્યાયીમાં લખે છે કે, ' **पत्युर्नोयज्ञसंयोगे** ' એ સૂત્રમાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પરણેલીનેજ, પત્ની, શબ્દ આપે છે. તેવી પત્ની (પતિવ્રત્તા) એ પોતાના સ્વામી (પતિ) ની આજ્ઞા શિવાય ગૃહનાં કોઇ પણ કર્મમાં પ્રવર્તવું નહીં, અને પોતાની ઇચ્છાથી કોઇ પણ કામ કરવું નહિ, પોતાના પતિની આજ્ઞા લઇ ગૃહકર્મમાં પ્રવર્તવું. પોતાના પતિની આજ્ઞા શિવાય, પત્ની, કદાચ વ્રતાદિક કરે તો તે નિષ્ફલ જાય છે. જે સ્ત્રી પોતાના પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તે, સ્ત્રી રૈરવ નર્કમાં પડી ઘણાં કષ્ટથી નીચમાં નીચ યોનીમાં અવતરે છે. સ્ત્રીએ દિવસે, રાત્રીએ પોતાના પતિને આનંદમાં રાખવો. તેને, જેમ લક્ષ્મી, પોતાના પતિ વિષ્ણુ ભગવાનની સેવા બજાવે છે તેમ પોતાના પતિને વિષ્ણુ ભગવાન તુરૂપ માની તેની સેવા યથા વિધિ બજાવવી.

विषय ६७ मों पतिवृता धर्म

આ વિષે શ્લોકો નહિ લખતાં તદન ભાષાંતરમાં લખું છું કે—

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

એક દિવસે નંદજીએ શ્રીકૃષ્ણને પતિવ્રતા ધર્મ પૂ-
છતાં નંદજીને કહે છે કે, હે વ્રજેશ્વર! તમોને પતિવ્રતા-
ના ધર્મ કહું છું તે સાંભળો. કુલીન કાંતાઓએ હમેશાં
પતિને વિષે ભક્તિ રાખી તેના ચરણકમલ ધોઇ ચર્ણોદક
માથે ચડાવવું. તથા પીવું અને પતિને ભક્તિથી જ-
માડી પશ્ચાત્ પોતાને જમવું તથા પતિવ્રતાઓએ વ્રત,
તપશ્ચર્યા અને દેવપૂજનને મુકી પોતાના પતિનીજ પ્રયત્નથી
પૂજા કરવી, તેનીજ સ્તુતી કરવી અને તેનેજ પ્રસન્ન કર-
વા. સતી સ્ત્રી પોતાના પતિને નારાયણથી અધિક ગણી તે-
નું ધ્યાન કરે છે. પતિવ્રતાસ્ત્રી વસ્ત્ર આભૂષણ ધરનાર પ-
ર પુરૂષની સામું જોતી નથી. યાત્રા મહોત્સવ (મેળા વિ-
ગેરે ઉત્સવો) જોવા જાતી નથી. નાચ, ગાયન અને પા-
રકી રમત જોતી નથી. જે પોતાના સ્વામી જમે તેજ
પાત્રમાં રહેલું અન્ન પવિત્ર પ્રસાદ માની આનંદથી જમે
છે તથા ક્ષણમાત્ર પતિથી જુદી પડવા ઇચ્છતી નથી. પો
તાના સ્વામીને કટુ વાક્ય નહીં કહેતાં ક્રોધથી પતિ, મા-
રે તોપણ તેના ઉપર ગુસ્સો નહિં કરતાં અમૃત દૃષ્ટિથી
સામું જોઇ કંઇ ઉત્તર આપતી નથી. પતિ પરમ દૈવતરૂપ
ગતિરૂપ પતિજ છે. જેમ અમૃત પીતાં તૃપ્ત ન થાય
તેમ પોતાના પતિને જોતાં સતી તૃપ્ત થતી નથી. યથા
દેવનું પૂજન પંચોપચાર ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, ફલાર્ઘ,
નૈવેદ્ય, સ્તુતીપાઠ, વડે થાય છે તેમ પોતાના પતિની પૂ-
જા કરી નીચે લખેલ મંગલ સ્તોત્રનો પાઠ કરવો.

॥ अथ मंगलस्तोत्रम् ॥

ॐनमः कांतायभर्त्रेचशिरश्चंद्रस्वरूपिणे ॥
नमः शांतायदांतायसर्वदेवाश्रयायच ॥ १॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ભાવાર્થ—મારૂં ભરણુ પોષણુ કરનાર, મારા મસ્તકના ચુડામણિરૂપ, મનને શાંત રાખનાર, ઇંદ્રિઓને જીતનાર, અને સર્વ દેવના આશ્રયરૂપ મારા પ્રાણવલ્લભને હું પ્રણામ કરૂં છુ. ॥ ૧ ॥

नमोब्रह्मस्वरूपायसतिप्राणपरायच ॥
नमस्करायपूज्यायहृदाधारायतेनमः ॥ २ ॥

ભાવાર્થ—બ્રહ્મારૂપ, શિવરૂપ, નમવાલાયક, પૂજવાલાયક, અને હૃદયના આધારરૂપ મારા પ્રાણપ્રિયને હું પ્રણામ કરૂં છુ. ॥ ૨ ॥

पंचप्राणाधिदेवायचक्षुषस्तारकायच ॥
ज्ञानाधारायपत्नीनांपरमानंदरूपिणे ॥

ભાવાર્થ—મારા પાંચ પ્રાણના અધિદેવરૂપ, મારા નેત્રના રત્નરૂપ, મારા જ્ઞાનના આધારરૂપ અને પરમાનંદરૂપ મારા પ્રાણપ્રિયને હું પ્રણામ કરૂં છુ.(૩)

पतिर्ब्रह्मापतिर्विष्णुःपतिरेवमहेश्वरः ॥
पतिश्चनिर्गुणाधारोब्रह्मरूपनमोस्तुते ॥ ४ ॥

ભાવાર્થ—પતિબ્રહ્મા, વિષ્ણુ, શંકરરૂપ છે, નિર્ગુણના આધારરૂપ પરબ્રહ્મ પણ પતિજ છો. માટે આપને હું પ્રણામ કરૂં છું. ॥ ૪ ॥

क्षमस्वभगवन्दोषंज्ञानाज्ञानकृतंचयत् ॥
पत्नीबंधोदयासिंधोदासीदोषंक्षमस्वमे ॥५॥

ભાવાર્થ—હે ભગવાન્! જાણતાં અજાણતાં જે કંઇ મારાથી દોષ થયો હોય તે ક્ષમા કરો. હે પત્નીબંધો! હે દયાસિંધો! હું આપની દાસીછુ માટે મારો અપરાધ ક્ષમા કરો. ॥ ૫ ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

विषय ६८ मो ॥ पतिनी आज्ञा ॥

તેમ પુરૂષે પણ પોતાની સ્ત્રીને ગૃહકર્મ, ભોજન કરવું ઇત્યાદિકમાં આજ્ઞા આપી તેને પસંદ રાખવી અને ઇશ્વરી પાશે સ્તુતિ કરવી કે–

पत्नींमनोरमान्देहिमनोवृत्तानुसारिणीम् ॥
तारिणींदुर्गसंसारसागरस्यकुलोद्भवाम् ।७।

भावार्थ—હે દેવી! અમારા કુલને દુઃસંસારરૂપી સમુદ્રમાંથી તારે તેવી મનોહારિણી તથા મારી મનોવૃત્તિને અનુસરનારી સ્ત્રી આપ! એવી સ્ત્રી તેજ સ્ત્રી સતી કહેવાય અન્ય તો છતિ સમજવી. **अलम्.**

રશ્મિ ૮ મો સમાપ્ત.

विषय ६९ मो ॥ गृहस्थनां लक्षण ॥

॥ रश्मि ९ मो ॥

संतुष्टोभार्ययाभर्त्ताभर्त्राभार्यातथैवच ॥
यस्मिन्नेवकुलेनित्यंकल्याणंतत्रवैध्रुवम् ॥१॥

भावार्थ--જે કુળમાં સ્ત્રી પુરૂષ એક બીજાથી હમેશાં સંતુષ્ટ રહે છે. તે કુળમાં હમેશાં અચળ કલ્યાણ રહે છે. ॥ ૧ ॥

साभार्यायापतिप्राणासाभार्यायाप्रजावती
मनोवाक्कर्मभिःशुद्धापतिदेशानुवर्तिनी २

भावार्थ—તે સ્ત્રી કહેવાય કે જે પોતાના પતિને પ્રાણ સમાન વહાલી છે. સંતાનવાલી છે. જેનુ મન, વાણિ, કર્મ શુદ્ધ છે, જે પતિને તાબે રહેનારી છે. ॥ ૨ ॥

गृहस्थः पालयेद्दारा न्विद्यामभ्यासतेयसु-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

तान्॥गोपयेत्स्वजनान्बंधून्नेषधर्मःसनातनः॥

ભાવાર્થ—ગૃહસ્થ લોકોએ પોતાની સ્ત્રીનું પાલણ પોષણ હમેશાં કરવું પુત્રોને ભણાવવા, ને સ્વજન, બંધુનું રક્ષણ કરવું એ સનાતન ધર્મ છે. ॥ ૩ ॥

विषय ७० मो ॥ केवी कन्याथी लग्न ॥

कन्याप्येवंपालनीयाशिक्षणीयातियत्नतः॥
देयावरायविदुषेधनरत्नसमन्विता ॥ ४ ॥

ભાવાર્થ—પુત્રીનું પણ પુત્રની પેઠે પાલન કરવું ઘણા યત્નથી શિક્ષણ આપી, ઘણા રત્નની સાથે, સુપંડિતને પાત્ર જોઇ સંપ્રદાન કરવી. ॥ ૪ ॥ (મનુ)

अज्ञातपतिमर्यादामज्ञातपतिसेवनां ॥
नोद्वाहयेत्पिताबालामज्ञातोधर्मशासनां

ભાવાર્થ—જ્યાં સુધી પતિમર્યાદા તથા પતિસેવા ન જાણે, ને ધર્મશાસ્ત્રથી અજાણ હોય, ત્યાં સુધી પિતાએ પોતાની કન્યાને પરણાવવી નહિં ॥ ૫ ॥ (પારાશર.)

अव्यंगांगींसौम्यनाम्नींहंसवारणगामिनीम्
तनुलोमकेशदशनांमृद्वंगीमुद्वहेत्स्त्रियम् ६

ભાવાર્થ—અંગે ખોડવારી, કાંણી, કુબડી, લુલી, હુંઠી, ન હોય; સુંદર નામ વાલી હોય, હંસ હાથીના જેવી ચાલ હોય, કેશ, રૂંવા, ને દાંત સૂક્ષ્મવાલી કન્યા સાથે વિવાહ કરવો ॥ ૬ ॥ (પારાશર.)

यस्यास्तुनोभवेत्भ्रातानविज्ञायेतवापिता॥
नोपयच्छेततांप्राज्ञःपुत्रिकाधर्मशंकया॥७॥

ભાવાર્થ—જે કન્યાને ભાઇ ન હોય ને તેનો પીતા

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

બરાબર જણાતો ન હોય, ત્યારે તે કન્યા ધર્મ પૂર્વક શંકા વાલી થઇ, વાસ્તે સમજુ પુરૂષે ગૃહણ કરવી નહિ. ॥૭॥

ભાઇ ન હોય ત્યારે જે સમયે તે કન્યાને પુત્ર થાય તે સમયે તે કન્યાનો બાપ પોતાની મરણક્રિયા કરવા સારૂ દીકરીના દીકરાને દત્તપુત્ર કરી લે એમાં શંકા નથીજ.

असपिंडाचयामातुरसगोत्राचयापितुः ॥
साप्रशस्ताद्विजातीनांदारकर्मणिमैथुने॥८॥

ભાવાર્થ—જે કન્યા વરના મોશાલ પક્ષની તરફ સપિંડિની અંદર ન હોય તે, પીતા તરફના એક ગોત્રની ન હોય તેવી કન્યા સાથે વિવાહ કરવો. ॥ ૮ ॥ (મનુ)

यादृग्गुणेनभर्त्रास्त्रीसंपूज्येतयथाविधि ॥
तादृग्गुणासाभवतिसमुद्रेणेवनिम्नगाः॥९॥

ભાવાર્થ—જે સ્ત્રી પોતાના સ્વામીના ગુણ સાથે મળી જાય, તે સ્ત્રી તેના સ્વામીના જેવી ગુણવાલી થાય છે, જેમ નદીનું જળ સમુદ્રમાં મળતાં ખારૂં થાય છે તેમ. ॥ ૯ ॥ (મનુ.)

छायेवानुगतास्वच्छासर्वावहितकर्म्मसु ॥
सदाप्रहृष्टयाभाव्यंगृहकार्येषुदक्षया॥ १० ॥

ભાવાર્થ—છાયાની માફક પોતાના સ્વામીની સાથે રેહનારી, સખીના સ્નેહ માફક પોતાના સ્વામીનું હિત કરનારી, પવિત્રતામાં, આનંદમાં, ઘરના હરેક કામમાં હુશીયારીથી કામ કરવાવાલી. ॥ ૧૦ ॥ (મનુ)

विषय ७१ मो ॥ आठ प्रकारना विवाह ॥

ब्राह्मोदैवस्तथैवार्षःप्राजापत्यस्तथासुरः ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

गांधर्वोराक्षसश्चैवपैशाचश्चाष्टमोधमः ।११।

ભાવાર્થ—વિવાહ આઠ પ્રકારના છે તેઓનાં નામ (૧) બ્રહ્મ (૨) દેવ (૩) આર્ષ (૪) પ્રાજાપત્ય (૫) અસુર (૬) ગાંધર્વ (૭) રાક્ષસ (૮) પિશાચ. ॥૧૧॥ (મનુ)

विषय ७२ मो ॥ चार उत्तम विवाह ॥

ब्राह्मादिषुविवाहेषुचतुर्ष्वेवानुपूर्वशः॥
ब्रह्मवर्चस्विनःपुत्राजायन्तेशिष्टसंमता ।१२।

ભાવાર્થ—બ્રહ્મ, દેવ, આર્ષ, પ્રાજાપત્ય આ ચાર ઉત્તમ વિવાહથી પ્રજા સારી થાય છે. આસુર, ગાંધર્વ, રાક્ષસ, પિશાચ, આ ચાર અધમ. ॥ ૧૨ ॥ (મનુ.)

अद्भिरेवद्विजाग्राण्यांकन्यादानंविशिष्यते
इतरेषांतुवर्णानामितरेतरकाम्यया ॥ १३ ॥

ભાવાર્થ—બ્રાહ્મણોએ અગર બીજાઓએ, વરના હાથમાં જલ મુકી કન્યાદાન આપવું તે બ્રહ્મવિવાહ તે ઉત્તમ છે. ॥ ૧૩ ॥ (મનુ.)

॥ चार अधम विवाह ॥

पैशाचश्चासुरश्चैवनकर्तव्यःकदाचनः ॥१४॥

ભાવાર્થ—પિશાચ ને આસુર રાક્ષસ ગાંધર્વ એ ચાર વિવાહ તે અધમ, વાસ્તે ન કરવા. ॥૧૪॥

ज्ञातिभ्योद्रविणंदत्वाकन्यायैवशक्तितः ॥
कन्याप्रदानंस्वाच्छिद्यादासुरोधर्मउच्यते॥

ભાવાર્થ—કન્યા વાસ્તે શક્તિ પ્રમાણે દ્રવ્ય આપવું, અથવા ઝોંટી ઝડપીને કન્યા લેવી (કન્યાની મરજી શિવાય) તો કન્યા મટી વિક્રય થયો તે આસુરવિવાહ જા-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ણવો. ॥ ૧૫ ॥ (મનુ.)

विषय ७३ मो ॥ स्त्रीनो सत्कार॥

पितृभिर्भ्रातृभिश्चैताःपतिभिर्देवरैस्तथा ॥
पूज्याभूषयितव्याश्चबहुकल्याणमिप्सुभिः॥

ભાવાર્થ--મા, બાપ, ભાઈ, પતિ, દેર, વિગેરે સર્વ સગા સંબંધીઓએ સ્રીનો *સત્કાર કરવો, ખરૂં કલ્યાણ કરનારા પુરૂષે પોતાની સ્રીને વસ્રાભૂષણ, મધુર વચનથી પ્રસન્ન રાખવી. ॥ ૧૬ ॥ (મનુ.)

विषय ७४ मो स्त्रीओनेदुःखथीथतीहानी।

यत्रनार्यास्तुपूज्यंतेरमंतेतत्रदेवताः ॥
यत्रैतास्तुनपूज्यंतेसर्वास्तत्राफलाःक्रियाः ॥

ભવાર્થ--જે કુળમાં સ્રીઓનો સત્કાર થાય છે ત્યાં દિવ્ય ગુણો નિવાશ કરે છે, જે કુળમાં સ્રીઓ દુઃખી થાય છે તેના પુરૂષોની ક્રિયા નિષ્ફલ જાય છે. ॥ ૧૭ ॥

शोचंतिजामयोयत्रविनश्यत्याशुतत्कुलं ॥
नशोचंतितुयत्रैतावर्द्धतेताद्धिसर्वदा ॥ १८॥

ભાવાર્થ--જે કુળમાં સ્રી સદા શોકાતુર રહે તે કુળનો જલ્દીથી નાશ થાય છે, ને જ્યાં સદા પ્રસન્ન રહે છે, ત્યાં તે કુળ સદા વૃદ્ધિ પામે છે ॥ ૧૮ ॥

जामयोयानिगेहानिशपंत्यप्रतिपूजिताः॥
तानिकृत्याहतानीवविनश्यंतिसमंततः।१९

---

* પુરૂષે એક સ્રીથી લગ્ન કરવું, તેની સાથે પ્રીતિ રાખવી, પરસ્રી વેશ્યાગમન કરવું નહિં, તેજ સ્રીનો સત્કાર છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ભાવાર્થ--જે સ્ત્રી પોતાના ધણીના દુઃખથી, હાય, વોય, શબ્દોથી શ્રાપ દે છે, તેનું કુળ જલ્દીથી નીચું પડી નાશ થાય છે, જેમ કૃત્યા (કોઇને કરવાની ક્રિયાથી) તેમ જલ્દીથી નાશ પામે છે. ॥ ૧૯ ॥ (મનુ)

तस्मादेताःसदापूज्याभूषणाच्छादनाशनैः
भूतिकामैर्नररैर्नित्यंसत्कार्येषूत्सवेषुच॥२०॥

ભાવાર્થ--એટલા વાસ્તે જે પુરૂષો પોતાના કુળની ચડતી થવા ઇચ્છતા હોય, તેઓએ પોતાની સતી (પતિવ્રતા) સ્ત્રીને વસ્ત્રાભૂષણ, ને મધુર વચનથી આનંદમાં રાખવી, દુઃખી કરવી નહિં. ॥ ૨૦ ॥ (મનુ.)

તેમ જે ઘરમાં જોડું સ્ત્રી પુરૂષનું યોગ્ય ઉમરે હોય ને વર વિદ્વાન, સ્ત્રી પતિવ્રતા હોય તોજ ' **धन्यो ग्रहस्थाश्रम**, કહેવાય, અન્ય પશુવત્ .

विषय ७९ मो ॥ वेदेकहेलगृहस्थनाधर्म ॥

प्रातारत्नंप्रातरित्वादधातितंचिकि त्वान्प्रतिगृह्यानि धत्तेतेनप्रजां वर्धयमानआयुराय स्पोषेणसचतेसुवीरः २१ [ऋग्वेदाध्याय]

ભાવાર્થ--જે હમેશાં ઉત્તમ પદાર્થ મેળવે, એટલે જે વિચાર, શીતલતાથી તથા અત્યંત પુરૂષાર્થથી (ઉદ્યોગથી) ઉત્તમ વસ્તુ પેદા કરે છે તેણેકરી આયુષ્ય, ધનથી પોતાના કુટુંબનું પોષણ કરે છે. તેવા શૂરવીર પુરૂષ ને ગૃહસ્થ કહેવો ॥ ૨૧ ॥

सगुरुंसत्सुहिरण्यःस्योश्वोवृहदस्मैवयइंद्रो-
दधातियत्स्वायंतं वसुनाप्रातरित्योमुक्षीज

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

येवयादिमुत्सिनाति ॥२२॥ [ऋग्वेदाध्याय]

ભાવાર્થ--જેની સારીસ્થિતિ, ચાલ, વિનયવાળો, સુવર્ણાદિ ધાતુ સંગ્રહ કરનાર છે, ઘેર ગાય, ભેંસ, બળદ, ઘોડા ઇત્યાદિ પશુ પાળે છે, જીતેંદ્રિય, ઉદ્યોગી તેવો પુરૂષ ગૃહસ્થ કહેવાય ઇશ્વર તેને ઘણી આયુષ્ય આપે છે.

आयमद्यस्तुसुकृतंप्रातरिच्छान्निष्टेःपूत्रंवसुमतारथेन अंशोःसुतंपाययमत्सरस्यक्षयंद्वीरंवर्धयंसुनृताभिः ॥२३॥ [ऋग्वेदेऽध्याय १)

ભાવાર્થ—અન્નાદિક પદાર્થોથી નિત્ય ભરપુર રહેવું, ગૃહસ્થ લોકોએ ઉત્તમ પદાર્થનો સંગ્રહ કરવો.

उपक्षरंतिसिंधन्वोमयोभुवइजानंचयक्ष्यमाणंत्तधनेचः कृणंतंचपपुरिंचश्रवस्यवोघृतस्यधाराउपयंतिविश्वतः ॥ २४ ॥ [ऋग्वेदे.]

ભાવાર્થ—જે સત્ય ધર્મને ઇશ્વરની આજ્ઞા માને છે. ને ઇશ્વરારાધનમાં તત્પર રહે છે. તે ગૃહસ્થ કહેવાય આસંસારમાં ગૃહસ્થાશ્રમ ઉત્તમ નિર્માણ કરેલ છે.

नाकस्यपृष्टेअधितिष्टतिश्रियोयःपूण्यातिसहदेवेषुगच्छाति ॥तस्माआपोघृतमर्षन्तिसिंधवस्तस्माइयंदक्षिणापिन्यतेसदा॥(ऋग्वे.)

ભાવાર્થ—જે ગૃહસ્થ સદાચરણ વાળો હોય તેને ઈશ્વર પોતાની કૃપા વડે સર્વ સંપતિ આપે છે, પરંતુ તે કોનેકે! ઉદ્યોગીને? આલશુ ને નહિં.

दक्षिणावतामिदिमानिचित्रादक्षिणावतां-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

दिविसुर्वासः ॥ दक्षिणावंतोअमृतंभजंतेद
क्षिणावंतःप्रतिरतआयुः ॥ २६ ॥ (ऋग्वेदे.)

ભાવાર્થ--જે વિદ્વાન્ ગૃહસ્થ ધર્માત્મા છે તે ઉત્તમ પ્રદાર્થ આ સંસારમાંથી જલ્દી મેળવી શકે છે, ને સદ્ગુણથી સૂર્યની પેઠે પ્રકાશમાન્ થાય છે તથા પૂર્ણાયુષી થઇ મોક્ષ મેળવે છે; દુષ્ટને તે મળતો નથી ॥ २५ ॥

यजुर्वेद अध्याय २ मां विषय ७६ मो

॥ गृहस्थना आवश्य धर्म ॥

भूर्भुवःस्वःसुप्रजाःप्रजाभिस्याᳬंसुविरोविरैः
सुपोषःपोषैर्मः ॥ नर्यप्रजांमेपाहिशᳬंस्यपशू
न्मेपाहिअथर्वपितुंमेपाहि ॥ २७ ॥ गृहामा
विभीतमावेपध्वमूर्ज्जंविभ्रतएमसि ॥ २८ ॥
उर्ज्जंविभ्रद्वःसुमनाःसुमेधागृहानैमिमनसा-
मोदमानः एषामध्येतिप्रवसन्येषुसौमनसो
बहु ॥ गृहानुपह्वयामहेतेनोजानंतुजानतः ॥
उपहूताइहगावउपहूतागृहेषुनः क्षेमायवः
शांत्यैप्रपद्येशिवᳬंशग्मᳬंशंयोःशंयोः ॥३०॥

ભાવાર્થ--હે નર્ય ! નૃપુ ! સાધો ! મારી પ્રજા તથા પશુઓની તું રક્ષા કર હે અર્ય ! સ્વામી ! ઇશ્વર ! મારા અનાદિ પદાર્થની યથાવત્ રક્ષા કર, આપની કૃપાથી ત્રણ લોકમાં મારા પરાક્રમથી ઉત્તમૈશ્વર્યને પામું; તથા ઉત્તમ પ્રજાથી શોભિત થાઉં, ઉત્તમ વીર (શાર્યાદિ ગુણયુક્ત) પુરૂષોથી પણ વીર હોઉં; સર્વ સુષ્ટિયો આ-

CC0. In Public Domain. Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

નંદમાં સુપુષ્ટ હોઉં.

હે ગૃહસ્થ! સ્ત્રી પુરૂષો! તમો ગૃહસ્થાશ્રમ ધારણ કરીને કોઇ પણ પ્રકારનો ભય રાખશો નહિં, કંપશો નહિ, પરાક્રમી થઇ સર્વ સુખ ભોગવો, હું તમોને પુરૂષાર્થ આપીશ કે જેથી તમે સર્વ સુખ ભોગવો.

વલી તે હું ગૃહસ્થ અત્યંત શ્રેષ્ટ મેધાયુક્ત મનથી આનંદની સાથે ઘરમાં વાસ કરૂંછું એ પ્રમાણે હમેશ મોટા ઉમેદવાલા ગૃહસ્થોએ રહેવું શોકાતુર તેવા ગૃહસ્થોએ રહેવું નહિં.

જે ગૃહસ્થોમાં વાસ કરવો તેમાં અત્યંત સુહૃદયને ભાવયુક્ત રહેવું. સારા સારા પુરૂષોનો મેલાપ કરવો, તથા તેમનું માન્ય કરવું, પરિક્ષાથી પોતાની જ્ઞાતીને ઓળખાવવાને પોતાના જ્ઞાનમાં હમેશાં વૃદ્ધિ કરવી.

હે પરમાત્મા અમે ગૃહસ્થ લોકો આપના અનુગ્રહ પૂર્વક ઉદ્યોગ કરીએ છીએ, તેથી આ સંસારમાં પૃથ્વિ, ગાય, રાજ્યાદિ ભંડાર અમો ચાહીએ છીએ, તેમ મારા ઘરમાં ચક્રવર્તી; ક્ષેમ, નિર્વાહ, શાંતિ, કલ્યાણને વાસ્તે આકાંક્ષી છું માટે સર્વ લોકો મારા ઉપર પરસ્પર પ્રીતિ રાખે કે જેથી અમે ગૃહસ્થ ચક્રવર્તી ગૃહસ્થાશ્રમ રાજ્ય ભોગવીએ. ॥ ૩૦ ॥

अवज्यामिवधन्वनोमन्युन्युतंनोमितेहृद:॥
यथासंमनसोभूत्वासरवायाविवसचावहै:

ભાવાર્થ—સ્ત્રી પુરૂષ બન્નેનું ભાષણ—જે પ્રમાણે ધનુષ્યની જ્યા (દોરી) ઉતારે છે. તેમ તારાહૃદયનો મન્યુ (ક્રોધ) હું ઉતારૂંછું એ પ્રમાણે પુરૂષ પોતાની સ્ત્રીને કહે છે, તથા સ્ત્રી પોતાના પતિને કહે છે, કે આં પ-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

માણે આપણે બન્ને એક મન થઇ મિત્રતા યુક્ત, રહિ દિવસો નિર્ગમન કરિયે કે જેથી ગૃહકૃત્ય સિદ્ધ થાય. ૩૧

सखायाविवसचावहाअवमन्युतनोमिते ॥ अधस्तेअश्मनोमन्युमुपास्यामसियोगुरुः ॥

ભાવાર્થ—જેમ મોટા પથ્થરની નીચે દબાવીએ કિંવા બહાર ફેંકી દઇએ, તેમ સ્ત્રી પુરૂષે પરસ્પરના ક્રોધને દબાવી દેવો અગર દૂર ફેંકી દેવો. ॥ ૩૨ ॥

अथर्वेद कांड १२ प्र. १६ अनु. १

सत्यंब्रहदतमुग्रंदीक्षातपोब्रह्मयज्ञपृथिवींधारयति ॥ सानोभूतस्यभव्यस्यपत्न्युरुंलोकंपृथिवीनःकृणोतु ॥ ३३ ॥

ભાવાર્થ—જે સત્યને યથાર્થ છે. તેજ ઉત્તમ ચીજ છે, માટે તેનુ સંધાન કરવું, જે દીક્ષા બ્રહ્મચર્યાશ્રમ, તપ, ધર્માનુષ્ટાન, બ્રહ્મ, (શ્રેષ્ટ વિદ્યા) યજ્ઞ (ઉત્તમક્રિયા) એટલામાં જે કરે છે તે પૃથ્વીનું રાજ્ય કરે છે. તે પૃથ્વીની વિભૂતિ, ભૂત, વર્તમાન, ને ભવિષ્યકાળમાં મારી પત્ની ને હું શ્રેષ્ટ સુખને મેળવીએ, વર્તમાન ને ભવિષ્યકાળમાં મનુષ્યોએ બહુજ ઉદ્યોગ કરવો જોઇએ. ॥ ૩૩ ॥

असंबाधंबध्यतोमानवानांयस्यउद्वतःप्रवतःसमंबहु ॥ नानावियोओषधीर्याबिभर्तिपृथिवीनःप्रथतांराध्यांनः ॥ ३४ ॥ पूर्ववत् ॥

ભાવાર્થ—માણસોના અસંબાધ્ય વિઘ્નોનો નાશ કરવાવાલો, જે મનુષ્ય હોય છે તેનેજ સર્વ સુખની પ્રાપ્તી થાય છે, નાના પ્રકરણના ગુણવાલી, ઓષધીઓ; ઉંચ ની-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection.

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ચ સમાન સ્થળમાં પૃથ્વી ધારણા ઉત્પન્ન કરે છે. તે*પૃ-
થ્વી અત્યંત સુખરૂપને ઋદ્ધિરૂપ અમારે વાસ્તે હો. ૩૪.

श्रमेणतपसासृष्टाब्राह्मणावितऋताश्रिता॥
सत्येनावृताश्रियाप्रावृत्यायशसोपरिवृता:॥
स्वधयापरिहिताश्रद्धयापर्यूढादीक्षया गुप्ता
यज्ञेप्रतिष्ठितालोकेनिधनम् ॥ ३७ ॥

ભાવાર્થ--જે મનુષ્ય, શ્રમ, ધર્માનુષ્ઠાન, વિદ્યા, એ ત્રણ પદાર્થને ગ્રહણ કરી પોતાનું કૃત્ય યથાર્થ સત્યાચારથી કરેછે. ॥૩૫॥ તે માણસ સત્ય બ્રહ્મને સુખ છાંયાતલે રહે છે ને ઝાઝી લક્ષ્મીવાન્ થાય છે, જે પોતે ખરા વ્યવહારના કુશળ શ્રદ્ધાવાલા, દીક્ષાથી રહિત, (બ્રહ્મચર્યાદિ) વખતે વીર્યાદિનું રક્ષણ કરેલું છે તે) યજ્ઞમાં, પ્રતિષ્ટિત લોકોમાં ધનરૂપ, એવા મનુષ્ય ગૃહસ્થાશ્રમ કરવાને યોગ્ય છે, બીજા નથી. ॥ ૩૬ ॥

विषय ७८ मो ॥ गृहस्थने पालवना धर्म ॥

ओजश्चतेजश्चसहश्चबलंचवाक् चेंद्रियंचश्री
श्चधर्मंच ॥ ३७ ॥

ब्रह्मचक्षत्रंचराष्ट्रंचविशश्च त्विषियशश्चवर्च
श्चद्रविणंच ॥ ३८ ॥

आयुश्चरूपंचनामचकीर्तिश्चप्राणश्चपानश्चच
क्षुश्चश्रोत्रंच ॥ ३९ ॥

परश्चरसश्चान्नंचान्नाद्यंचऋतंचसत्यंचेष्टंचपु-
र्तिचप्रजापशवश्च ॥ ४०॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ભાવાર્થ—પદાર્થઃ **ओज** અત્યંત પરાક્રમ-**तेज**-ગરીબ પણું નહિં તે **सह** શક્તિવાન્ **बल** શરીર સુદ-ઢ **वाक्** સત્ય મધુર વાણી **इन्द्रिय** સર્વે ઇંદ્રિઓની રક્ષા **श्रीधन** શોભા- ધર્મે પક્ષપાત રહિત વર્તવું- **ब्र-ह्म**- વિદ્વાન્ બ્રાહ્મણ સાથે વિદ્યા પ્રચાર **क्षत्रयि** શૂર-વીર પુરૂષોને શાસ્ત્રાભ્યાસથી ભીક્ષા **राष्ट्र**રાજ્યનું યથા-વત્ પાલન **विशा**- વૈશ્ય, શૂદ્રાદિક પ્રજાનું રક્ષણ. **त्वि षि** સત્યવાનનો પ્રકાશ **यश** શૌર્યને ન્યાયથી વર્તવું **व-र्च** બ્રહ્મચર્યાદિ આશ્રમોનું યથાવત્ અનુંષ્ટાન **द्रविण** નાના પ્રકારના દ્રવ્યોનું શોધન યથાસ્થિત ઉ-પયોગ કરવો **आयु** શરીરની આરોગ્યતા વધારવા ઉપા-યો યોજવા **रूप** વીર્યાદિ ધારણ કરી સુંદર રૂપ રાખવું **नाम** અવસ્થા વધારી કીર્તિમાન થવું **पान, अपा-न, चक्षु.श्रोत्र**, ભક્ષણ કરવાનો, શરીરમાંથી બહાર કહાડવાનો, શ્વાસો શ્વાસનો વાયુ. આંખ, કાન, સારાં નિ-યમમાં રાખવાં, સારાં ઔષધોનું શેવન, ઉત્તમ શીલતાથી શરીરનું રક્ષણ કરવું. **पय** દૂધનો ઉપયોગ કરવો. **रस** ગોલ, શાકર, ઘી, મીઠું તેલ ખાંડ વિગેરે. **अन्न** ઘઉં, જાર, બાજરો, તુવર, વિગેરે ધાન્યોની યથા રૂચિ રસોઇ કરી ભોજન કરવું. **ऋत** એક નિરાકાર ઇશ્વરનું સ્મરણ. **सत्य** ખરા ધર્મનો ઉપદેશ. **इष्ट** વાયુને જલની શુદ્ધિને અર્થે હોમ કરવો તે. **पूर्त्ति** સર્વે વ્યવહાર સત્યતાથી પુ-ર્ણ કરવો. **प्रजा** સંતાનોની શિક્ષાથી પાલન કરવું **प-**

CC0. In Public Domain. Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

શુ ગાય, ભેંસ, બળદ, ઘોડા, વિગેરેનું પાલન, તેમ તેનો યથાવત્ ઉપયોગ કરવો ઇત્યાદિ શ્રેષ્ટ ગુણવાલા ગૃહસ્થ કહેવાય છે.

यथावायुंसमाश्रित्यवर्त्ततेसर्वजंतवः
तथागृहस्थाश्रमाश्रित्य वर्त्ततेसर्वआश्रमाः

ભાવાર્થ— જેમ પ્રાણીમાત્ર વાયુના આશ્રયથી જીવે છે, તેમ બ્રહ્મચર્યાદિ આશ્રમોવાલા ગૃહસ્થાશ્રમી લોકોના આશ્રયથી જીવે છે. ॥ ૪૧ ॥ (મનુ.)

यस्मात्त्रयोप्याश्रमिणोदानेनान्नेनचान्वहम्॥
गृहस्थेनैवधार्यंतेतस्माज्जेष्ठाश्रमोगृही ॥४२॥

ભાવાર્થ—ગૃહસ્થ લોકો હમેશાં બ્રહ્મચર્યાદિ આશ્રમોને હમેશાં અન્ન, વસ્ત્રાદિ આપીને પાલન પોષણ કરેછે, તેથી ગૃહસ્થાશ્રમ સૌથી શ્રેષ્ટ ગણાય છે એ નિઃસંદેહ છે.

આ ઉપર જણાવ્યા પ્રમાણે દરેક ગૃહસ્થો વિદ્યા ભણી, ઘેર આવી, લગ્ન કરી, ગૃહસ્થાશ્રમ ભોગવે; તે ગૃહસ્થોની ધર્માચરણી, મનોવૃત્તિ થાય, તો તેનો જન્મ દુનિયામાં સાર્થક છે. પરંતુ તેવી સ્થિતિ આજકાલમાં રહેવાની લાગતી નથી, ને રહેવાની પણ નથી-- જો કે કદાચ તે પ્રમાણે વર્તી, બાળલગ્ન, અનભ્યાસ અને રાગ દ્વેષાદિકોને દૂર કરી ધર્મયુક્ત રહેશે તો તેઓને વાસ્તે પરલોકમાં ઉત્તમ સુખ તૈયાર છે.

પરિચ્છેદ ૩ જો તથા રશ્મિ ૯ મો સમાપ્ત.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

परिच्छेद चोथो रश्मि १० ॥ ब्राह्मणनी छेल्ली अवस्था ॥ विषय ७७ मो ॥

બંધુઓ ! વાંચો કે ચાર આશ્રમ આપણી મનુસ્મૃતિમાં બતાવેલ જે.

ब्रह्मचारिगृहस्थश्चवानप्रस्थोयतिस्तथा ॥
एतेगृहस्थप्रभवाश्चत्वारःप्रथगाश्रमाः ॥

એ પ્રમાણે બ્રહ્મચર્ય તથા ગૃહસ્થાશ્રમ પૂર્ણ થતાં વાનપ્રસ્થ, કિંવા પરમહંશ વ્રત ધારણ કરી છેવટ પ્રભુના પદમાં તલ્લીન થવા નીચે પ્રમાણે વર્તવું.

एवंयःसर्वभूतेषुपश्यत्यात्मानमात्मना ॥
ससर्वेनमतामेत्यब्रह्माभ्येतिपरंपदम् ॥

તદ્વત્ વર્તણુકના પ્રયાસથી જેમ ખટ્વાંગ રાજાએ ફક્ત બે ઘડી ઇશ્વરાધન કર્યું ને મોક્ષ મલ્યો તેમ પરંતુ મોક્ષની ઇચ્છા ન રાખતાં ભગવંતના ચરણારવિંદની ઇચ્છા રાખવી ને **सर्वंब्रह्ममयंजगत्** ॥ તેમ જાણવું ને ઇંદ્રિઓ પોતે પોતાનું કર્તવ્ય કર્મ કર્યા કરે છે. મારે અને દેહને સંબંધ નથી. તે વિશે નીચે દર્શાવેલ વિષયમાં-નિરાલંબ સૂત્રમાંથી પાંચ શંકા નિરૂપણ કરી આંહી સ-ટીકા ટીપણે, ટકાવી સિદ્ધ કરેલી છે તે વાંચો.

विषय ७८ मो ॥ ब्रह्मज्ञानम् ॥

ॐ किंब्रह्म (१) कःइश्वरः (२) कोजीवः (३) कोमोक्षः (४) किंपरमंपदमितिशरसंख्या संकयानिरूप्यते ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

किंब्रह्मेतिआशंक्याहः ॥ अखिलोपाधिविनिर्मुक्तमनाद्यंतंशुद्धंशांतंनिर्गुणं निरवयवंनित्यानंदमयमद्वितीयंचैतन्यंब्रह्म ॥

ભાવાર્થ--સઘળી ઉપાધીથી મુક્ત, આદિ અંતથી રહિત, શુદ્ધ શાંત ગુણોથી રહિત, અવયવોથી રહિત, નિરંતર આનંદ જેથી બીજુ કાંઇ નથી, એવું ચૈતન્યરૂપ બ્રહ્મ છે ॥ ૧ ॥

कःइश्वरश्चेतिआशंक्याहः ॥ एतलक्षणंब्रह्मैवस्वप्रकृतिशक्त्याऽभिलेशमाश्रित्य लोकान्सृष्ट्वांतर्यामि त्वेनंप्रविश्यब्रह्मादीनांबुध्यादींद्रियनियामकत्वादीश्वरः ॥ २ ॥

ભાવાર્થ--ઉપરનાં લક્ષણ કહ્યાં એવું બ્રહ્મ છે, તેજ પોતાની માયાએ કરીને સાકારપણાને પામી, લોકોને સૃજી, અંતર્યામિરૂપે તેમાં પ્રવેશ કરીને બ્રહ્માદિ દેવોની બુદ્ધિ, ને ઇંદ્રિયોને જે નિયમમાં રાખે છે તે ઇશ્વર. ૨

कोजीवश्चेतिआशंक्याहः ॥ ब्रह्माविष्णुविश्वेशांद्यादिनामरूपद्वाराहमित्यध्यासवशात्स्थूलोजीवः सोयमेकोपिदेहोहंभेदवशादंशाबहवोजीवाः ॥ ३ ॥

ભાવાર્થ--બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, ઇત્યાદિ નામ તથા રૂપવાલો હું છું, એવા અધ્યાસથી સ્થૂલ થયેલા, જીવ કહેવાય છે, તે જીવ એક છતાં પણ હું દેહ છું; એવા ભેદથી અનેક હોય તેમ જણાય છે. (જીવ) ॥ ૩ ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

कोमोक्षोतिआशंक्याह ॥ नित्यानित्यवस्तु विचारसंसारसमस्तसंकल्पनामोक्षोमोक्षः

ભાવાર્થ—નિત્ય અને અનિત્ય વસ્તુના વિચાર પૂર્વક સંસાર સંબંધી સઘળી કલ્પનાઓથી છુટી જવું તેનું નામ મોક્ષ. ॥ ૪ ॥

किंपरमंपदतिआशंक्याह ॥ प्राणेंद्रियांतःकरणादेः परतरंसच्चिदानदंमयमद्वितीयंसर्वसाक्षिसर्वगतंनित्यमुक्तंब्रह्मस्वरूपंपरमंपदम्

ભાવાર્થ—પ્રાણ, ઇંદ્રિય, ને અંતઃકરણાદિકથી પર, સત્ ચિત ને આનંદમય અદ્વિતીય (ભેદ રહિત) સર્વનું સાક્ષી સર્વ વ્યાપક, નિત્યમુક્ત એવું જે બ્રહ્મસ્વરૂપ, તેનું નામ પરમપદ ॥ ૫ ॥

આ પ્રમાણે સંસારની વૃત્તિથી ચિત્તને સ્થિર રાખી મનને ખેંચી લઇયે તોજ પરમપદ પ્રાપ્ત થાય તેનું નામ **ब्रह्मदर्शन** આ પ્રમાણે બ્રાહ્મણોત્પત્તિ, વર્ણાશ્રમ, ને છેવટે પરમપદ પ્રાપ્ત વિષય સુધી જે મારી બુદ્ધિ પ્રમાણે વિસ્તાર કરી લખેલું છે તે વાંચી અનુંભવ કરો.

આર્યભૂષણાય, બ્રહ્મણે નમોનમઃ ॥ બ્રહ્મવિષય સમાપ્તઃ

विषय ८० मो ॥ क्षत्रिनायुगधर्म ॥

१ युगेयुगेचयेधर्मास्तत्रतत्रचयोद्विजाः ॥

ભાવાર્થ--યુગ યુગના ધર્મ પ્રમાણે દ્વિજ (વિપ્ર, ક્ષત્રિ, વૈશ્ય) થતા આવે છે. હવે ક્ષત્રિ લોકોના મુખ્ય ધર્મ સવિસ્તર લખું છું. પ્રાચીન કાળના ક્ષત્રિઓની

૧ વિષય ૯ માં શ્લોક ૭ મો આખો છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

નીતિ રિતિ તદન બ્રાહ્મણવર્ગ જેવીજ હતી. પણ ધર્મ અને બુદ્ધિમાં ફેરફાર થવાથી ભ્રષ્ટ થઇ ગઇ હાલમાં ક્ષત્રિઓના ધર્મ ને સ્થિતિ તપાશીશું તો વિપરીત દેખાશે. તેમ ક્ષત્રીઓના રાજ્ય પણ બળવાન યવન રાજાઓને આધીન થઇ ગયાં.

આહા ! હા ! હા ! શિવ ! શિવ ! આ કેવો ક્રુર કાળ, કંપાયમાન કરી, કપટથી કારાગ્રહમાં કચરી કારો કેર કરી કેદખાનામાં કુદાવે છે ! પણ અરે ! ક્ષત્રિઓ ! તમો પણ જો; ખરેખર ! ખરા ખડગને ખૂબ ખંખેરી, ખોંખારી ખણુખણાટીથી ખુદવી અવનિને ખોદો તો ખરખર થઈ હે ક્ષત્રિઓ ખરેખર ખુશીનું કારણ બને પણ તમે તો તીખી તરવારને તણુતણાટ તપાવી તપાશી તતકાલ તો ખુરૂ (મોઢું) તાણી તુંને તારા સહાયભૂતોના ટુકડેટુકડા કરી નાખું. આવાં વાકયથી ભરપુર છો.

પણ તમારૂં શૂર (બળ) ને સુવર (નીચ યવનથી) થી સંતાઇ, સરમાઇ, સરસ, શોભાયમાન, સુંદર સૂર (દેવતા લોકો) નું સુખસમાજ સ્વર્ગમાં જઇ વાસ કર્યો. પણ ક્ષત્રિઓ ! તમો તે શું સાવધાન થઇ, શાણા બની, શૂરવીર થઇ સુતા છો. કદાચ છેવટે હવે તો હયની હણુહણાટીથી, હાક મારી, હમીરના હઠની પેઠે હડેડાટ હુકમ હમકાવો ને રાજ્યગાદી શોભાવો. જુઓ ! તમારા બાપદાદા કેવા હતા તમે વળી આજકાલમાં તમારો ધર્મ ને ધંધો કેવો છે તે વિષે વિચારી નજર કરો.

अव्रत्ताह्यनधीयानायत्रभैक्षचराद्विजाः
तंग्रामंदंडयेद्राजाचौरभक्तप्रदोहिसः ॥

CC0. In Public Domain. Kirtikant Sharma Najafgarh Delhi Collection.

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ભાવાર્થ--વ્રત વગરના વેદાભ્યાસથી રહિત, ફક્ત ભિક્ષા માગી આજીવકા ચલાવનારા બ્રાહ્મણો જે ગામમાં રહેતા હોય તો તે ગામને રાજાએ દંડ દેવો કારણ કે તે ગ્રામ ચોર બ્રાહ્મણને આશ્રય આપનાર છે. ॥ ૬॥ પારા.

क्षत्रियोहिप्रजारक्षन्शस्त्रपाणिःप्रदंडवान् ॥
निर्जित्यपरसैन्यानिक्षितिंधर्मेणपालयेत्

ભાવાર્થ--હથિયારને ધારણ કરનાર, પ્રજાનું રક્ષણ કરનાર, શત્રુના સૈન્ય (લશ્કર) ને જીતિ તેમજ ધર્મપૂર્વક પૃથ્વિનુ પાલન કરે તે ક્ષત્રિ કહેવાય ॥ ૭ ॥

पुष्पंफलंविचिनुयान्मूलच्छेदंविवर्जयेत् ॥
मालाकारइवारामेनयथांगारकारकः ॥ ८॥

ભાવાર્થ--બગીચામાં જેમ માલી વૃક્ષોના પુષ્પ ફલને વીણી લઇને વૃક્ષના મૂલનો છેદ થવા દેતો નથી, તેમજ રાજાએ પણ બગીચા માફક પુષ્પ ફળ સમાન, કર, વિગેરે લઇ તેનું રક્ષણ કરે. તે ક્ષત્રિ જેમ કોલસાને કરવાવારો મૂળમાંથી વૃક્ષને કાપી નાખે છે તેમ ન કરવું. ॥ ૮ ॥ (પારાશર.)

असद्ब्राह्मणकेग्रामेशुनास्पृष्टोद्विजोत्तमः ॥
वृषंप्रदक्षिणीकृत्यसद्यःस्नात्वाशुचिर्भवेत् ॥

ભાવાર્થ--નીચ બ્રાહ્મણો જેમાં રહે છે એવા ગામમાં જઇને તથા કુતરૂં અડકવાથી ઉત્તમ બ્રાહ્મણાદિકે વૃષભને પ્રદક્ષણા કરી સ્નાનથી શુદ્ધ થાય છે ॥ ૯ ॥

—o—

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

વિષય ૮૧ મો ॥ ક્ષત્રિને ખેતી ॥

ક્ષત્રિને ખેતી કરવી એવું મનુસ્મૃતિ વાક્ય છે પણ ખેતીની સાથે ખલ યજ્ઞ શરૂ રાખવો. તેમ ક્ષત્રિ ગૌ બ્રાહ્મણ પ્રતિપાલક, આવી ઉપમા યોગ્ય છે. વાસ્તે ક્ષત્રિઓએ ગૌબ્રાહ્મણની સેવામાં તત્પર રહીને સેવા બરાબર બજાવતાં પોતાના ધર્મમાં ચુસ્ત રહેવું અને બ્રાહ્મણને કચવાવવા નહી.

વિષય ૮૨ મો ॥ ક્ષત્રિને વ્યાપાર ॥

ક્ષત્રિઓને વ્યાપાર કરવો એવું મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય સૂત્ર, ને પારાશરસ્મૃતિ તથા મિતાક્ષરા વિગેરેનો મત છે, તે પણ વ્યાપારમાં બ્રાહ્મણના વ્યાપારવત વેપાર કરવો તેપણ બ્રાહ્મણને વ્યાપાર એમ ગયા રશ્મિ ૭ ગાના વિષય ૫૭ માં છે તે વાંચો.

વિષય ૮૩ મો ॥ ક્ષત્ર્યાહ્નિક ॥

ક્ષત્રિઓએ બ્રાહ્મ+મુહૂર્તે ઉઠી સ્નાન કરી સંધ્યા ને જપ કરવો.

આજ કાલમાં ક્ષત્રિઓએ આ ધર્મ મુકી દીધેલ છે. અને કેટલાકે ધર્મ ચાલતો પણ રાખ્યો છે. તોપણ જેઓને ખબર ન હોય તેઓને જાણવા વાસ્તે સંધ્યા વિષય પરિપૂર્ણ લખું છું. જે જે ઠેકાણે આ પુસ્તકની અંદર **દ્વિજ** આવા શબ્દ વિષે વિવેચન આવે ત્યાં ક્ષત્રિઓએ

+ ચાર ઘડી રાત્રી પાછલી રહે તેનું નામ બ્રાહ્મ મુહૂર્ત તે વિષે બ્રાહ્મણાન્હિકમાં ઉત્થાનવિધિમાં સબબ ગયા રશ્મિ ૪ ના વિષય ૨૭ માં જોવું.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

પણ સમજવું ને વર્તવું. વાસ્તે આ ઠેકાણે લખતાં નથી, સર્વ આન્હિક બ્રાહ્મણનાં જેવું છે તેથી તથા જે-ટલું બની શકે તેટલું નિરૂપણ કરી કલિયુગના આધારથી આ પુસ્તકની અંદર દાખલ કર્યું છે.

विषय ८४ मो ॥ क्षात्रजनसंध्या ॥

પ્રથમ સ્નાન કરી પવિત્ર વસ્ત્ર પહેરી ભસ્મ ધાર-ણ કરી પૂર્વાભિમુખે *શુદ્ધાસન ઉપર બેશી પંચપાતર, ત્રભાણી, આચમની, જલનો લોટો, ગૌમુખી, આસનીયું, વિગેરે ઉપચાર રાખવા. ડાબે હાથે આચમની જલની ભરી જમણા હાથમાં નાખીને ભણવું કે.

अत्राद्येतिवा, अथश्री क्षात्रजनकर्माधिका-रार्थे प्रातःसंध्या महंकरिष्ये ॥ गंगादिस-म्यक्तीर्थेस्नात्वाधौतेवाससीपरिधाय॥आ सनेउपविश्य तिलकंकृत्वा ॥ आचमनं के-शवायनमः नारायणायनमः माधवायनमः त्रिराचमनं ॥ ततःतूष्णीं सजलेन हस्तेन शिरसि । नेत्रयोः । कर्णयोः । नाभौ । हृ-दयश्चेतिस्पृशेत् ॥ ताम्रादिपात्रस्थजले॥ प-ठित्वा ॥ ब्रह्मांडोदरतीर्थानि करलायानि-तरवे ॥ करेणतेनमेदेवतीर्थंदहीदिवाकर॥

---

* પ્રથમ મૃગચર્મ, તે ઉપર દર્ભ તે ઉપર પવિત્ર વસ્ત્ર તે શુદ્ધાસન કહેવાય.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

इतिमंत्रेण सूर्यमंडलात्तीर्थान्यावाह्य प्रार्थयेत् ॥ गंगेच यमुनेचैव गोदावरी सरस्वती ॥ नर्मदे सिंधुकावेरी जलेऽस्मिन्सन्निधिंकुरु ॥ इतिप्रार्थयेत् ॥ ततःसंकल्पः मम क्षात्रजनकर्माधिकारार्थं दुरितक्षयार्थं श्री बालकृष्ण प्रीतये प्रातःसंध्या महंकरिष्ये॥ ततोमार्जनं ॥ अपवित्रः पवित्रोवा सर्वावस्थां गतोपिवा ॥ यःस्मरेत्पुंडरिकाक्षं सबाह्या भ्यंतरःशुचि ॥ इति शिरसि मार्जयेत् अथकरन्यासः ॥ गोविंदायनमः अंगुष्ठाभ्यां नमः महीधराय तर्जनीभ्यांनमः हृषीकेशाय मध्यमाभ्यांनमः ॥ त्रिविक्रमाय अनामिकाभ्यांनमः॥ वासुदेवाय कनिष्ठिकाभ्यांनमः ॥ माधवाय करतलकर पृष्टाभ्यांनमः ॥ अथ षडंगन्यासः ॥ ह्रिंगोविंदाय हृदयाय नमः विद्महे शिरसेस्वाहा गोपिजन वल्लभाय शिखायैवषट् धीमहिकवचायहूं ॥ तन्नःकृष्णः नेत्रत्रयायवौषट् ॥ प्रचोदयात् अस्त्रायफट् इतिषडंगः ॥ अथध्यानं ॥ प्रातः संध्यां कुमारीं रक्तांगांरक्तवस्त्रां हंसवाहनांध्यात्वा ॥ प्राणायामः ॥ ह्रिं गोविंदाय

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

।विद्महेगोपिजन वल्लभायधीमाहितन्नोकृष्णः प्रचोदयात् ॥ इति त्रिवारं पठित्वा ॥ प्राणवायु समाकृष्येतिपूरकं ॥ पुनस्त्रिवारवायुर्निरुध्येतिकुंभकं ॥ पुनस्त्रिःकृत्वा वाम नासया शनैर्वायुं विसर्जयेत् ॥ इति रेचकं एवंप्राणायामंकृत्वा ततःत्रिराचमनं पूर्ववत् ॥ ततो सूर्यस्यार्घप्रदानं गोविंदायविद्महे गोपिजनवल्लभायधीमाहि तन्नोकृष्णःप्रचोदयात् ॥ इतिमंत्रेणार्घत्रयंदद्यात् ॥ ततो सूर्याभिमुखं बद्धांजलीनो पस्थानंकुर्यात् ॥ तन्मन्त्रः ॥ नमःसावित्रे जगदेकचक्षुषे जगत्प्रसूति स्थितिनाशहेतवे ॥ त्रयीमयाय त्रिगुणात्मधारिणे विरंचिनारायणशंकरात्मने ॥ इतिरविमंडलस्थाय गोपगोपीपरिवृताय श्रीकृष्णायनमः इतिसूर्योपस्थानं ॥ अथजपः ॥ अस्यश्रीकृष्ण गायत्री महामंत्रस्यनारदऋषिः गायत्रीछंदः श्रीकृष्णःपरमात्मादेवताक्लींबीजं विद्महेशक्तिः प्रचोदयादितिकिलकं ॥ ममधर्मार्थ कामनासिध्यर्थे जपेविनियोगः ॥ गायत्रीजपमंत्रः क्लींगोविंदायविद्महे गोपिजनवल्लभायधीमाहि तन्नोकृष्णःप्रचोदयात् ॥ १०८-३२४ जपःइतियथा

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

शक्तिजपित्वा मयाकृतेन प्रातःसंध्यांग भूतेनजपेन श्रीबालकृष्णः प्रीयतांनमम ॥ पूर्वे इंद्रायनमः दक्षिणे यमायनमः पश्चिमे वरुणायनमः उत्तरे कुबेरायनमः ॥ आकाशायनमः पृथिव्यैनमः सवित्रेनमः देवेभ्यो नमः मुनिभ्योनमः गुरुभ्योनमः ब्राह्मणेभ्यो नमः ॥ इतिनमस्कृत्य पूर्ववदाचमनं कृत्वा गुर्वादीन्प्रणमेत् ॥ इतिप्रातः संध्या ॥

अथ मध्यान्हसंध्या ॥ गंगादितीर्थेस्नात्वा धौतवासःपरिधाय आसनेउपविश्य ॥ तिलकंकृत्वा ॥ पूर्ववदाचमनं विधायततः तूष्णीं सजलेनहस्तेन मार्जनंकुर्यात् ॥ ततः मध्यान्हसंध्यांगभूतेन श्रीकृष्णगायत्रीजप कृतेन श्रीबालकृष्णःप्रीयताम् ॥ अन्यत्प्रातःसंध्यावत् ॥ इतिमध्यान्हसंध्या ॥

આ પ્રમાણે સંધ્યા ગોખી મોહોડે કરી, બ્રાહ્મણોની આજ્ઞા લઇ નિર્મલ શુદ્ધાંતઃકરણથી બ્રાહ્મણને ગુરૂ કરી ભણવી. ન્યાસ, ધ્યાન શીખી સંધ્યા જપ કરી પોતાના ધર્મ પ્રમાણે ધંધો કરવો, ને દેવપૂજન કરવું. મુખ્ય ધર્મમાં ગૌબ્રાહ્મણની સેવામાં તત્પર રહેવું એજ ક્ષત્રિનો ખરો ધર્મ છે.

वापीकूपतडागानामारामसुरवेश्मनाम् ॥

CC0. In Public Domain. Nirikant Sharma Najafgarh Delhi Collection.

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

च्छेदनेनिराशंकःसक्षत्रीम्लेच्छउच्यते ॥

ભાવાર્થ—વાવ, કુવો, તળાવ, બાગ બગીચા, ને દેવમંદીર એઓને નાશ કરવામાં શંકા વગર જે ક્ષત્રી પ્રવર્તે તોતે મ્લેચ્છ કહેવાય ॥ (મિતા.)

ક્ષત્રિઓ ! બાકી જે ધર્મની નીતિની રિતી પાળવા કહીશું તો તે બનશે નહિં કારણ ! વખતમાં કલિ પ્રવેશ થયો છે વાસ્તેજ મારા ધારવા પ્રમાણે બશ છે.

વિષય ૮૯ મો ॥ ક્ષત્રિનેશૂદ્રત્વ (નોકરી)

ધર્મ કર્મમાં ભ્રષ્ટ થવાથી ખરાબી હાલતે પહોંચ્યા એટલે બળવાન્ યવન રાજાઓએ તમોને તાબે કર્યા. ને છેવટે પોતાના જેવા ડ્રેશ (પોશાક) પહેરાવ્યા, તેમ તમો તમારૂં પોષણ કરવા વાસ્તે મુસલમાની પોશાકો પહેર્યા. વળી સિપાઇભાઇ જેવા થયા તેપણ ફકત ધર્મભ્રષ્ટ થવાનુ કારણ છે—સબબકે.

युगेयुगेचयेधर्मास्तत्रतत्रचयेद्विजाः ॥

ભાવાર્થ—યુગ યુગના જેવા ધર્મ તે પ્રમાણે દ્વિજ (વિપ્ર, ક્ષત્રિ, વૈશ્ય,) થતા આવે છે. એમાં શી નવાઇ. પરંતુ આ કલિના સમયમાં **यावान्समय स्तावा-न्विधिः** જેવો સમય તેવી વિધિ (ધર્મ પાળવો) મારે તેની તરવાર અધર્મરૂપી શત્રુને મારવા પાળે તેટલો ધર્મ છે. વાસ્તે ધર્મમાં ચાયત્ન લગાડી ઇશ્વરારાધન કરવું.

વિષય ૯૦ મો ॥ ક્ષત્રીનેશ્રાપમોચન ॥

ક્ષત્રિ લોકો પ્રાચીનકાળમાં બહુજ સાત્વિકી, રાજસિ પ્રકૃતિવાલા હતા. તેમજ તેઓમાં શાંતિ, ક્ષમા, સત્ય, ધૈર્ય, ધર્મ, દયાળુતા હતાં, તેથી તેઓ શ્રાપ મોચન કરવા

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

આતુર થતા ને થયા છે તે વિષે જુઓ. આપણા શ્રીમદ-ભાગવતના પ્રથમ સ્કંધના ૧૭ મા અધ્યાયમાં લખેલ છે કે-જ્યારે પરિક્ષત રાજાએ મરેલ સર્પ **शर्मा** ઋષિના કંઠમાં નાખ્યો ને તેનો પુત્ર **शृंगी** તલાવમાં નાવા ગયેલ હતો તેને ખબર પડતાં આશ્રમમાં આવી જુએ છે તો પીતાના કંઠમાં મરેલ સર્પ જોઇ એકદમ ક્રોધથી શ્રાપ આપ્યો કે મારા પીતાના કંઠ (ગળામાં કિંવા કંડ)માં મરેલ સર્પ નાખવા વાલાનું મૃત્યુ **तक्षक** નાગ ડસવાથી સાત દહાડાની અંદર થજો. એવો શ્રાપ આપ્યો. તે વખતેજ ઋષિ સમાધિમાંથી વ્યુત્થાન પામ્યા. ને કહે છેકે પુત્ર ? તું શા વાસ્તે રડે છે. પુત્ર કહે-પીતાજી તમારા ગળામાં મરેલ સર્પ પડયો છે તે જોઇને રડું છું ને સાપ નાખવા વાલાને મેં શ્રાપ આપ્યો છે. પિતા કહે અરે પુત્ર ! હું પાપીષ્ટ થયો. ક્ષત્રિરાજા વિના પૃથ્વીમાં લુંટફાટ, ચોરી, વ્યભિચાર, હિંસા, સાહસાદિક કુરકર્મ થશે. તે પાપમાં તું પણ ભાગીદાર થયો છે. પણ હે પુત્ર તું એ ધર્માત્મા પરિક્ષિત રાજાને ચેતવણી કરી તર્ત આવ, પુત્રે જઇ રાજાને શ્રાપ વિશે સર્વ બીના નિવેદન કરી ત્યારે **परिक्षत** રાજાએ **शृंगी** ઋષિના પુત્રની અત્યાનંદે પૂજા કરી સર્વોત્તમ સન્માનથી સંતુષ્ટ કર્યાં ને કરેલ અપરાધ યાદ આવ્યો ને મુને શ્રાપ થયો. એમ જાણી ગંગાને કિનારે જઇ સત્પુરૂષને મહાત્મા ઋષિઓના સત્સંગતિના ફળથી સાતમે દહાડે મોક્ષને પ્રાપ્ત થયા-જુઓ કહ્યું છેકે **सत्संगतिः कथयाकिन्नकरोतिपुंसाम्** ॥ પુરૂષોને સત્સંગથી શું

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

નથી મળતું-મતલબ કે મનવાંછિત ફળ મળે છે. આવા ક્ષત્રિના ધર્મ જોઈએ. પરંતુ કવચિત સ્થળે ધર્મ ભિન્ન જણાય છે વાસ્તે ધર્મે ચુસ્ત રહો.

રશ્મિ ૧૦ મો સમાપ્ત.

विषय ८७ मो ॥ वैश्यनायुगधर्म ॥

પ્રથમ કહ્યુંછે કે-યુગયુગના જેવા ધર્મ તે પ્રમાણે દ્વિજ (વિપ્ર, ક્ષત્રિ, વૈશ્ય) થાય છે પરંતુ આજના વખતમાં તો

अर्थविशेषः આ ધર્મ વધારે કે પોતાનો ધર્મ છે તેનો ત્યાગ કરી વિપરીતપણે વર્તે છે. પણ વૈશ્યો ધર્મ પ્રશંસા વાંચો. વૈશ્યોએ બ્રાહ્મમુહૂર્તે ઉઠી સ્નાન સંધ્યા જપ કરી; દેવપૂજન બ્રાહ્મણ દર્શન કરી વિષ્નુ સ્મરણ કરતાં પોતાના કુળનો જે પરંપરાનો ધંધો હોય તેમાં હાજર થવું.

लाभकर्मतथारत्नगवांचपरिपालनं ॥
वाणिज्यंकृषिकार्यंचवैश्यवृतिरुदाहृता॥२॥

ભાવાર્થ—લાભ, કર્મ, રત્ન, ગાયની રક્ષા, વ્યાપાર, ખેતી, એટલી વૈસ્યની વૃત્તિ (આજીવકા) છે ॥ ૨ ॥

लौकिकेकर्मणिराति:पशूनांपरिपालकः ॥
वाणिज्यकृषिकार्यंचवैश्यवृात्तिरुदाहृता ।३।

ભાવાર્થ—લોકીક કર્મમાં પ્રીતિ રાખે પશુ (ગાય, ભેંસાદિક) નું પાલન કરે વ્યાપાર, ખેતી સ્વધર્મ કર્મ એ વૈશ્યનો ખરો ધર્મ કહ્યો છે ॥ ૩ ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

विषय ८८ मो ॥ वैश्यनेखेति ॥

વૈશ્યને ખેતી કરવા મનુસ્મૃતિના ટીકાકાર કુલ્લુક, ભટ્ટ પણ વૈશ્યને ખેતી વિશે લખે છે. પરંતુ ખલયજ્ઞ કરવો. કારણ ખેતીથી થયેલા દોષો ખલયજ્ઞથી નાશ પામેછે. પણ **पदाभ्यांनस्पर्शेत ॥** વાકયાર્થ પ્રમાણે વર્તી ધર્મ પુર્વક ખેતી કરવી.

विषय ८९ मो ॥ वैश्यनेव्यापार ॥

વૈશ્યોને વ્યાપાર કરવો એજ તેનો ખરો ધર્મ છે. પણ લોઢું ચર્મ, દારૂ, માંસાદિકનો વેપાર કરવો નહિં. આજ કાલમાં તે બાબત ઉપર ધ્યાન આપ્યા જેવું નથી, પરંતુ પૂર્વની સ્થિતિ સારી હતી તેનું કારણ ધર્મનિષ્ટાજ.

विषय ९० मो ॥ वैश्यसंध्याह्निक ॥

વૈશ્યની સંધ્યામાં પણ ઝાઝો ફેરફાર જોવામાં આવતો નથી. તેમાં ફક્ત **वैश्यकर्माधिकारार्थे** તથા ચ **जपकृतेनश्री विष्णुः प्रीयताम्** આટલોજ ફેરફાર ક્ષાત્ર સંધ્યાથી છે બાકી સર્વાન્હિક ક્ષત્રિની પેઠેજ કરવું. પરંતુ આજકાલમાં તદન નીચે દરજ્જે વૈશ્યોની વૃત્તિ ને ધર્માદિક જોવામાં આવે છે, પણ જો તેઓ ધર્માભિમાની થશે તોજ પરમપદ મળશે. પણ સુધારામાં ગરકાપ થઇ ગયાના હેતુથી ધર્મ શું છે ને ધર્મ તે શું. એ જણાતું નથી. ને વર્તતા પણ નથી. આહાહાહા !!! ખેદની વાત છે કે ઉંચ વર્ણ વૈશ્યો થઇ પોતે ધર્મભ્રષ્ટ થઇને નીચ કર્માધિકારે પહોંચ્યા. પણ ખરા વૈશ્યો તો પોતાના ધર્મપૂર્વક વર્તે છે. તો આપણી નજરે જોતાં તે-

CC0. In Public Domain Kurukant Sharma Malafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ઓ કેવા સુખી છે. તે જુઓ પણ જે વૈશ્યો હજુ ચેતી કર્તવ્ય કર્મનો આધાર રાખી આ ગ્રન્થનું પુનઃ પુનઃ અવલોકન કરી અનુભવ કરશે તોજ મનોર્થ સિદ્ધ કરી પરમપદને પ્રાપ્ત થશે.

विषय ९१ मो ॥ वैश्यनेशूद्रत्व ॥

વૈશ્યો! આ તમોને ઉચિત નથી. તોપણ યુગના આધારથી ધર્મભ્રષ્ટ થયા ને વૃત્તિ કનિષ્ટ થઇ એટલે નીચ ધંધામાં દાખલ થયા ને નોકરી વાસ્તે નીચ અભ્યાસ કરવા લાગ્યા અને ધર્માભ્યાસ ત્યાગો હશે! તમારાં પ્રારબ્ધ પણ ધર્માભ્યાસ શરૂ રાખશો. એજ ભલામણ છે.

विषय ९२ मो ॥ शूद्रनाधर्म ॥

શૂદ્રો! તમો તમારા ધર્મમાં વર્તો છો ને કાંઇ યુગના પ્રબલથી ધર્મભ્રષ્ટ થયા. તો તમારી બુદ્ધિ મ્લેચ્છથી પણ હલકી થઇ ગઇ. વાસ્તે પ્રાચીન કાલના ધર્મમાં ને ચાલતા ધર્મમાં કેટલો ફેર છે તે વાંચો!!!

शूद्राणांद्विजशुश्रुषापरोधर्मःप्रकीर्तितः ॥
अन्यथाकुरुतेकिंचिद्भवेत्तस्यचनिष्फलम्

ભાવાર્થ—શૂદ્રોને વિપ્ર, ક્ષત્રિ, વૈશ્યની સેવા કરવી એ પરમ ધર્મ છે. બીજી રીતે કરે તો બધું નિષ્ફલ જાય છે ॥ ૪ ॥ (પારા.)

विक्रीणयमद्यमांसानिअभक्ष्यस्यचभक्षणं॥
कुर्वन्नगम्यागमनंशूद्रःपततितत्क्षणात् ॥५॥

ભાવાર્થ—મદીરા (દારૂ) અને માંસનો વ્યાપાર, અભક્ષ્યાભક્ષ્ય, ને પરસ્ત્રીગમન, કરે તો શૂદ્ર તર્ત નરકમાં પડે છે. ॥ ૫ ॥ (પારા)

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

लवणंमधुतैलंचदधितक्रघृतंपयः ॥
नदुष्येच्छूद्रजातिनांकुर्यात्सर्वेषुविक्रयं ॥६॥

ભાવાર્થ--શૂદ્ર જાતિવાળાઓને મીઠું, મધ, તેલ, તલ, દહી, છાશ, ઘી, દૂધ, વિગેરે વેચવાથી દોષ લાગતો નથી ॥ ૬ ॥ (પારા.)

कपिलाक्षीरपानेनब्राह्मणीगमनेनच ॥
वेदाक्षरविचारेणशूद्रस्यनरकंध्रुवम् ॥ ७ ॥

ભાવાર્થ--કપિલા ગાયનું દૂધ પીવાથી, બ્રાહ્મણી સાથે ગમન કરવાથી, વેદ ભણવાથી શૂદ્ર જરૂર નરકમાં જાય છે ॥ ૭ ॥ (પારા)

विषय ९३ मो ॥ शूद्रनेशूद्रत्व [નોકરી]

पद्भ्यां ॐ शूद्रो अजायत ॥ પગથી શૂદ્રોને ભગવાને પેદા કર્યા. પછીથી બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્યની સેવા માં હાજર રહી તેનો હુકમ ઉઠાવવો; તેના હિતાહિતના ભાગીદાર થવું. એ કામ સોંપેલું છે. તો ઘણાખરા શૂદ્રો તે પ્રમાણે વર્તે છે; ને કેટલાક મ્લેચ્છ જેવા થઇ ગયાછે. પણ ખરેખર ધર્મતો તેજ છેકે **द्विज** વર્ણની સેવામાં હાજર રહેવું ને પોતાના દેવનું ધ્યાન કરવું ને ધર્મમાં બતાવ્યા પ્રમાણે વર્તે તોજ સદ્ગતિ મળવાની છે તે મળશે.

રશ્મિ ૧૧ મો સમાપ્ત.

रश्मि १२ मो गौरीकन्या विषय ९४ मो.

अष्टवर्षाभवेद्गौरीनववर्षातुरोहिणी ॥
दशवर्षाभवेत्कन्याअतऊर्ध्वंरजस्वला ॥१॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ભાવાર્થ--આઠ વર્ષની કન્યા થાય તે વખતે વિ-વાહમાં કન્યાદાન કરે તો ગૌરી (પાર્વતિ) જેવી જાણવી, નવ વર્ષે રોહિણી જેવી, ૧૦ વર્ષે શાસ્ત્રવિધિ કન્યા કહેવાય તે ઉપરાંતના વર્ષમાં રજસ્વલા કહેવાય ॥ ૧ ॥ મુ-હૂર્તતત્વ

વાસ્તે ૧૦ વર્ષની અંદર વિવાહ થવાથી સર્વને શ્રેષ્ટ ફલ મલે છે.

विषय ९४ मो । बारवर्षमांनपरणावेतो ॥

प्राप्तेतुद्वादशेवर्षेयःकन्यांनप्रयच्छाति ॥
मासिमासिरजस्तस्याःपिबंतिपितरोनिशं

ભાવાર્થ—બાર વર્ષે કન્યા રજસ્વલાને તેનાં માબા-પો દેખે ને વિવાહ ન થયો હોય તો તેના પિત્રુ મહિને મ-હિને રજ (લોહી) પીએ છે ॥ ૨ ॥ (મનુ.)

माताचैवपिताचैवज्येष्टोभ्रातातथैवच ॥
त्रयस्तुनरकेयान्तिदृष्ट्वाकन्यांरजस्वलां ॥३॥

ભાવાર્થ—કદાચ પોતાની કન્યા (દીકરી) રજસ્વ-લાવાળીને વિવાહ પહેલાં તેના મા, બાપ, કે તેનો ભાઇ એ ત્રણે નજરે દેખે તો ત્રણે નર્કમાં પડે છે ॥ ૩ ॥

આ લખવાનું કારણ એછેકે પૈસાના લોભથી કેટ-લાક કન્યાદાન દેતા નથી. તેથી તેની આવી ગતિ થાયછે વલી પણ કન્યાવિક્રય વિષય વાંચો.—

विषय ९५ मो ॥ कन्याविक्रय.

कन्यायाःपिताविद्वान्नगृहणीयात्शुल्कमण्व-
पि।गृहणन्यःशुल्कलोभेनसनरोपत्यविक्रयी।

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ભાવાર્થ--જ્ઞાનવાન્ પિતાએ કન્યાદાન આપવામાં કાંઇ પણ દ્રવ્યાદિક લેવું નહિં, ને લોભથી કંઇ લેતો તે દીકરી વેચનારો (કન્યાવિક્રયી) કહેવાય ॥ ૪ ॥ પારા.

કન્યાવિક્રય કરનારા આજકાલમાં એટલા બધા વધી પડ્યા છેકે કન્યાદાન દેવાવાલા કરતાં, 'કન્યાવિક્રય' કરનારા લગભગ ¾ પોણા ભાગના વધારે દેખાય છે. જેમકે.

कन्याभरणमौल्याचसमर्थोपरिसेवनात् ॥
स्पर्शास्पर्शोविवाहादौचतुर्धाकन्यविविक्रयः

ભાવાર્થ—વર પાશેથી કન્યા વાસ્તે વસ્ત્ર, પૈસા, લેવા, અથવા જામાત્ર પાશે સેવા કરાવવી તથા એક કન્યા લઇ બીજી કન્યા આપવી આ ચાર પ્રકારનો કન્યા વિક્રય છે.

પણ દૂષ્ટ સમજતા નથી કે હું શું કામ કરૂં છું. અરે કન્યાવિક્રયનું દ્રવ્ય માંજારી (બિલાડી) ના રૂવાં માફક છે. તેતો જાણતા છતાં અજાણ્યા થાય છે. તેમ તેના કુટુંબની પાયમાલી થતી જાય છે. વળી વરના ઘરનાં નાણું લેવાથી તેઓ દેવાદાર થાય છે ને જ્યારે કન્યાના બાપ પાસે હજાર રૂપીયા મલે છે સારે ભોજરાજા બની ખુબ ઉડાવે છે. પાછળથી ઘરમાં ખાખ ઉડે છે ને એટલો બધો ગરીબ સ્થિતિએ પહોંચે છે કે જેટલા કન્યાવિક્રયના પૈસા લીધા હોય તેથી બમણા પૈસાનો દેવાદાર થાય છે. વલી કોઇ કોઇ નાતમાં દેય લેવાનો ઠરાવ છે ને વરવાલા કદાચ ગરીબ સ્થિતિએ હોય ને પૈસા ન મળવાથી વૃદ્ધ થાય છે ને છેવટે કુંવારા પણ મરે છે. કદાચ ઇસકના માર્યા ગાજરાં ખાય ને ૪૦, ૫૦ વર્ષે જુવાનીની કમાણીના કંઇ થોડા ઘણા રૂપીયા ૧૦૦૦, ૨૦૦૦

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

પેટે પાટા બાંધીને મેળવ્યા હોય. ને ભાઇસાહેબ કન્યાને પરણે તે જ્યારે કન્યા થાય વર યોગ્ય; ત્યારે વર થાય ઘોર યોગ્ય ને બિચારી અબળા રંડાય છે ને સગપણ કરનાવાળાને ગાળો ભાંડે છે, શ્રાપ આપે છે, તે જીવતાં સુધી બહુ દુઃખી થાય છે કારણ, વરના ઘરમાં તો પૈસા રહ્યા હોય નહિં તે તેના બાપના ઘરમાં રહ્યા હોય પણ બાપે તો ભોજરાજાની પેઠે ખુબ ઉડાવ્યા હોય એટલે બે કુળ નિર્ધન થાય છે ને બિચારી અબળાને ભવ દુઃખથી કહાડવો પડે છે.

અરરર!!! આ કેવું ક્રૂર કર્મ કરવા ઉંચવર્ણ પણ જ્યારે પોતાના મનમાં કાંઇ પણ વિચાર કરતા નથી. ને આજકાલમાં કેટલાક બ્રાહ્મણ, વાણિયા પણ આવું કર્મ કરે છે. ને બ્રાહ્મણો ગળે ચતે ચુંથાના ભાગમાંથી જુદા પડી આવું કર્મ કરવા લાગ્યા ત્યારથીજ બુદ્ધિ ભ્રષ્ટ થયા ને તેથી ધર્મ ભ્રષ્ટ થયા ત્યાંથીજ ભરડક, લંગોટા ભામણ ને હલકા તુચ્છાભિધાની થઇ ગયા. બુદ્ધિભ્રષ્ટ થયા એટલે કર્મભ્રષ્ટ થયા, કર્મભ્રષ્ટ થયા એટલે ધર્મભ્રષ્ટ થયા ધર્મ ભ્રષ્ટ થયા એટલે નરકના દ્વારનો રસ્તો તેને માટે નિર્માણ કરાણો. અરે દ્વિજો? તમે કસાઇનું કામ કરવા બેઠા. પણ જો તમે શાસ્ત્ર ધર્મમાં પ્રવર્તતા રહેશો તો આવી સ્થિતિથી ભ્રષ્ટ થઇ બહુજ શ્રેષ્ટ ગતિ મળશે. વાસ્તે ચેતો! કન્યા વિક્રય કર્મકાંડના હેમાદ્રિ નામના ગ્રંથમાં ચાલુ મુકો? આપણી પારાશર સ્મૃતિમાં પણ કહ્યું છે કે કન્યા વિક્રયાન્ન નિષ્ટાવત છે ને હેમાદ્રિમાં પણ કહ્યું છે કે क-

न्याविक्रयान्न गुणिकान्नस्नातिकान्नोति જુઓ તેથી કેટલું પ્રાયશ્ચિત થાય છે. વાસ્તે દરેક નાતના

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

મુખ્ય આગેવાનો એ (પટેલે) એવો ઠરાવ બાંધવો જોઇએ કે, 'કન્યાવિક્રય,' કરનારને જ્ઞાતિ બહાર મુકવો. વાસ્તે તેવી દુષ્ટમતિ ત્યાગ કરો? કેટલેક ઠેકાણે એટલે લગભગ **आंमरण** થી તે જામ **खंभालीया** સુધીના પ્રદેશમાં નિવાસ કરનારા બ્રાહ્મણોમાં ' કન્યાવિક્રય, ' ચાલ થોડો છે. કદાપિ તે ગુપ્ત રીતે કરે; તેપણ પ્રત્યક્ષ થયે તેને તુચ્છ ગણી તેની બહુ નિંદા થાય છે. અને જ્યાં ત્યાં મેણાં (કડવો ઠપકો) ખાય છે. પોતે વિદ્વાન્ કુલવાન્ હોય તોપણ નીચ પંક્તિમાં દાખલ થાય છે તેથી તે સરમાઇ તેવું કામ કરવા મન કરતો નથી. તો તે કેવાં સુખી રહે છે તે આપણી નજરે જોઇએ છીએ. કેટલાક બ્રાહ્મણોની નાતમાં તો બહુ લેવાનો ચાલ છે. ખેડવાળ બ્રાહ્મણમાં તથા કહેવત છે કે, ' પૈસાની ભરાય ગાગર ત્યારે પરણે નાગર, ' તેમજ ભાટીયા વિગેરે ઘણામાં પૈસા લેવાનો ચાલ છે તેથી કન્યાના બાપને જે ઝાઝા પૈસા આપે તેને પરણાવે. કદાચ ૮૦ વર્ષનો હોય ને કન્યા ૧૦-૧૨ વર્ષની હોય ને કન્યાનો બાપ ઘણા પૈસા લઇ પરણે એટલે ગણ્યાદાડામાં બાઇ રંડાય છે નેવ્યભિચારી થાય છે કદાચ ન રંડાયેલ હોય પણ તેટલી ૮૦ વર્ષની ઉમરના સ્વામીનાથથી કંઇ જુવાનીના કામના રંગ ભોગવિલાસ ન આપી શકાવાથી તે વ્યભિચારી થાય છે ને ખરાબ સંતાનોત્પત્તિ થાય છે તે વિષે ગીતાજીમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કે.

स्त्रीषुदुष्टासुवार्ष्णेयजायतेवर्णसंकरः ॥

संकरोनरकायैवकुलघ्नानांकुलस्यच ॥

ભાવાર્થ—સ્ત્રીઓ દુષ્ટ થવાથી વર્ણસંકર પ્રજા પે-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

દા થાય છે. તેથી જાતિધર્મ કુળધર્મ વગેરે નષ્ટ થાય છે અને તેમ થવાથી સઘળાઓનો નરકમાં નિવાશ થાય છે.

વાસ્તે પૈસાનો લોભ નહિં કરતાં તુલશીપત્રાર્પણ કરી શ્રેષ્ટ ગતિ પામો ! આ વિષે કલિયુગમાં તો બાંધે તેની તરવાર (પાળે તેનો ધર્મ) છે વાસ્તે કન્યા વિક્રય ચાલ દૂર કરી તે સ્વેચ્છા ત્યાગ કરો. એ મારી નમ્રતાપૂર્વક આપ સર્વને કૃત્ય કરનારાઓ પાસે આજીજી સાથ માગણી છે.

।વિષય ૯૬ મો ॥ વરાવિક્રય ॥

બંધુઓ ?

इदमाश्चर्यम् ॥ આપણ એક નવાઇની બીના કે, ' વરવિક્રય, ' આ રિવાજ કાંઇ સારો છે તેમ પણ કહી શકાતું નથી તેમ અમદાવાદને સિદ્ધપુરના ઔદિચ્યોમાં તથા ઉનાવાલા દેશાઇ પાટીદારો (લેવા કણબી) તેમાં તો વરવિક્રયનો ચાલ ઘણોજ છે એ દેખાવ મારી નજરે દૃષ્ટિસિદ્ધ છે કે રૂા. ૫૦૦-૭૦૦-૧૦૦૦ રો. સુધી લઇ કન્યા પરણે છે. અને જ્યારે નાણાં ખૂટે છે ત્યારે પ્રથમની પરણેલ સ્ત્રીને કહાડી મેલી ૨-૩ જી સ્ત્રી પરણે છે. તેપણ માત્ર પૈસાના લોભથીજ હશે.

કહાડી મુકેલી બાઇ બિચારી ગરીબ નિરાશ્રયી અબળા બાળા બહુ દુઃખી થાય છે ને છેવટે દુષ્ટ કર્મ વ્યભિચારાદિક કરી ગુજરાન ચલાવે છે. તે પાપ ઉભય (૨) કુળને લાગે છે. અધધધધ ! ! ! આ કેવું નીચ કર્મ થાય છે ! વાસ્તે આ ચાલ જલ્દીથી દૂર કરવા તેપણ ગરીબ કન્યાનાં માવતરો હોય કન્યા મોટી થાય પણ પૈસા-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ના લોભથી કોઇ પરણે નહીં ત્યારે કેટલાક બાળહત્યા (ક- ન્યાને મારી નાખે)કરે છે. વાસ્તે પુનઃ પુનઃ તમોને ચેતવણી આપું છું કે તમો તમારૂં શ્રેય ઇચ્છતા હો તો આ ચા- લ દૂર કરો એ મારો મત છે. હવે સૂજ્ઞેષુ કિમધિકમ્ પ- શ્ચાત્ સ્વેચ્છા હરીહર !

विषय ९७ मो ॥ बाललग्न ॥

બંધુઓ. ?

આ, બાળલગ્ન, ચાલ અતિ અધમ છે. વળી કોઇ કોઇ દેશની શૂદ્ર જાતિમાં (કણબી કડવાં, કુંભાર) ગ- ર્ભમાંજ પરણાવે છે. અને જન્મ થયા પછી એટલે લગ- ભગ ૩-૪-૫ વર્ષની અંદર પરણાવે છે તેપણ શાસ્ત્રવિ- રૂદ્ધ છે કારણ કે વિદ્યાભ્યાસ પણ પુરો કરી શકે નહિં. ને સમાવર્તન કરે ત્યારેજ સ્નાતક થાય છે તે વિષે આ- શ્વાલયન ગૃહસૂત્રમાં કહ્યું છે કે. **स्नातकाय वराय प्रातिज्ञाबलम् ॥** સ્નાતક થયેલા વરથીજ લગ્ન સં- બંધી ક્રિયામાં સર્વ પ્રકારની સઘળી પ્રતિજ્ઞાઓ લઇ શકા- ય છે. બીજા અભણને પ્રતિજ્ઞા લેવાનો ને કરવાનો અધિ- કાર નથી. તેમ ઘણે ઠેકાણે લગ્ન થાય છે તે શાસ્ત્ર પ્રમાણે કિંવા વિરૂદ્ધ પણ થાય છે. ને વરના વર્ષ કરતાં કન્યા ૧૦ વ નાની ઉમરની જોઇએ. જુઓ બાલલગ્નથી કેટલા ગેરફા- યદા છે જેમ વર વર્ષ ૮-૧૦ વર્ષની ઉમરનો કન્યા ૧૪- ૧૫ વર્ષની તે પ્રત્યક્ષ કજોડું કહેવાય. વર ભણી શકે ન- હિં સ્ત્રીના વ્યવહારમાં અજ્ઞાત હોય એટલે બરાબર રી- તે સ્ત્રીનુ મન પ્રસન્ન કરી શકે નહિં મૂર્ખ રહે, એટલે નિર્ધન પણ થાય છે ને ધર્મ વિરૂદ્ધ ઉભય દંપતિ કૃત્યો

CC-0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

કરે છે. તેમ જીવે ત્યાં સુધી કલ્લેશ ! ને કલેશ કર્યા કરે છે
સ્ત્રીઓ વ્યભિચારી થાય છે. વળી બ્રાહ્મણ, વાણિયા,
ભાટીયામાં કદાચ મૂર્ખતાઇથી તેઓ બાલલગ્ન કરે છે." પણ
ઇશ્વરી ઇચ્છાથી કન્યા રંડાય છે એટલે બાળકી વિધવા-
કેવી ગતિ. અફશોષ છે ! દિલગીર છું. પણ શું ઉપાય
અરે ! મૂર્ખો ! બાલલગ્ન જોતિષ શાસ્ત્ર વિરૂદ્ધ છે. જુઓ
આપણા જોતિષ શાસ્ત્રાના **બૃહજ્જાતક** નામના ગ્રન્થમાં
પણ કહ્યું છે કે. ૫-૭-૧૦ વર્ષે આયુનું પ્રમાણ બંધાય
છે. ત્યારપછી જન્મોત્રી કરવી આમ લખે છે. વાસ્તે શા-
સ્ત્રાધારે ૧૦ વર્ષની કન્યા ૨૦ વર્ષનો વર સાથે વિવાહ ક-
રવો ઉચિત્ત છે તોજ સુપુષ્ટ લાંબી આયુવાળાં રત્નવત બા
ળકો અવતરે છે. પરંતુ જુઓ આજ કાલના જુવાનીયા
૨૦-૨૫-૩૦ વર્ષની ઉમરના છે તેનાથી મહેનતનું કામ
બની શકે નહિં તેજ કામ ઘરડા ડોશા ડોશી વૃદ્ધ માણ-
સો વર્ષ ૬૦-૭૦-૮૦ જલ્દીથી કરી શકે છે. કારણ કે
તેઓની ધર્માભિમાની વૃત્તિ, સત્યવક્તા સારી ચાલના કા-
રણોથીજ વાસ્તે બાલલગ્ન ત્યાગ કરશો તો સારી પાંયરી-
એ પહોંચશો એ મારો મત છે.

विषय ९८ मो ॥ पुनर्विवाह ॥

॥ ઉપજાતિ વૃત ॥

વિનષ્ટ સ્વાગી લહી કર્મ અન્યા, અવિધ્યયોની રહી
હોય કન્યા; કુલે વરારીત્ય રૂદે ધરે તે, પ્રિયાપતિ અન્ય સુ-
ખે વરે તે ॥

બંધુઓ—

આ રિવાજ આગલનો છે એ નકી કહેવાતું નથી.
કેટલાક એમ પણ કહે છે કે સ્વયંવર, 'અર્થાત્ એક થ-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

યા પછી નષ્ટ થયે વા અન્ય કારણોથી તેજ પુનર્વિવાહ ના ના આવત તદન જુઠીએ તેઓનું વ્યર્થ વાકયો ચાર છે. એ વાત મનાતીજ નથી. પરંતુ આગળ એમ તો હતું કે અમુકની પુત્રીને અમુકના પુત્ર સાથે વિવાહ કર્યો તે કદાચ ભાગી જાય. ખોવાઇ જાય, અગર સ્વેચ્છાઇથી સ્વયંવર કરતા. તે વાત સિદ્ધ ખરી સિદ્ધાંતિ દ્દષ્ટાંતિક વાત પ્રમાણ ભૂત છે સૌને યાદિનોને જાણેલ સ્વયંવરનું દ્દષ્ટાંત.

માહારાજા નળને દમયંતાંનો દાખલો કે.

તેઓનો પ્રથમ સ્વયંવર વિવાહ કરેલ હતો. જ્યારે દંપતિ જોડું શિકાર કરવા વનમાં વિનોદવાકયના વિલાસથી ફરતાં હતાં અને માછલી સજીવન થવાથી ને કલિયુગે નળમાં પ્રવેશ કર્યો કે તરત સ્ત્રીની વાણી અસત્ય માની તેને ફિટકાર આપી સુતેલ પતિવૃતા સતી 'દમયંતીનું', અર્ધ વસ્ત્ર હરણ કરી ભાઇસાહેબ નળનૃપ વિદાય થયા ને અયોધ્યાના રાજા પાસે અષ્ટાગંવક્ર નામથી રહ્યા. હવે દમયંતી પોતાના પીતા ભીમક રાજાને ત્યાં આવી તેને પીતાએ સ્વયંવર કર્યો. તેવા બાનાથી દમયંતી પુનઃનળને પ્રાપ્ત થઇ પરંતુ આ વાતમાં એમ હતું કે દમયંતીને પ્રતિજ્ઞા હતી કે નળરાજા શિવાય અન્ય બ્રહ્માદિક દેવતાઓથી પણ મારૂં પુનઃપાણિગૃહણ થવાનું નથીજ તો સ્વેચ્છા પ્રમાણે થયું. પણ પુનર્વિવાહ કહેવાય નહીં. પરંતુ બીજી શુદ્ર જાતિમાં ઘરઘરણું એટલે રંડાયેલ સ્ત્રી સાથે અગર કજોડા વગેરેના પ્રસંગથી ઉભય જોડાંને અણબનાવના બાનાથી અગર વ્યભિચારાદિકથી પ્રીતિ કરી માથાં ભેગાં ભટકાવી ચોખ્ખા ખાઇ કાંઇક ઠરાવ કરી ઘરમાં બેસાડે છે. તે કંઇક વિચાર કરતાં પુનર્વિવાહ જેવું ખરૂં કે નહીં?

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

નાના વિવાહ નહિ પણ એક ઘર ભાંગી બીજું ઘર કરવું (ઘરવાવર ગૃહણ) કહેવાય ને ઉંચવર્ણમાં પુનર્વિવાહ (ઘરગૃહણ) ઉપરના પ્રસંગની પેઠે રંડાયેલ વિધવા કન્યાનો પુનવાહ કરવો એમ કેટલાક દેશાવર ખાતાના બ્રાહ્મણ, વાણિયા, ભાટિયા વગેરેનો મત છે ને કદાચ તેઓ તે પ્રમાણે કરતા હશે તો તે જ્ઞાતી બહાર રહે છે. કારણ નાત મત નથી તેથી તેને જ્ઞાતિ બહાર કરે છે આ ઉપરથી એમતો સિદ્ધ થાય છે કે શાસ્ત્રમાં તો નથી ને આગળ પણ પુનર્વિવાહ નહિં થતો હોય એમ જણાઇ આવે છે. શુદ્રજાતિમાં છુટી છે. પુનર્વિવાહ શુદ્રજાતિમાં ગાંધર્વ વિવાહથી થાય છે. તે વિષે મુહૂર્ત ગણપતિમાં કહ્યું છે કે.

शूद्रादिनांविवाहर्क्षेपुनरुद्वहनंस्त्रियाः ॥
रात्रौकुर्यान्नतत्रास्ततिथीमासाद्यदूषणम् ॥

ભાવાર્થ—શૂદ્રાદિક વર્ણને વિવાહના નક્ષત્રમાં સ્ત્રિનો પુનરૂદ્વાહ થાય તે પણ રાત્રીમાં કરવો તેમાં પણ ગુરૂ શુક્રના અસ્ત તથા તિથી માસ વગેરે દોષો જોવા નહિ.

કદાચ **युगेयुगे चये धर्मोति** યુગયુગના ધર્મ પ્રમાણે દ્વિજો વર્તે છે તે સ્વેચ્છા-જુઓ વર રાંડે ત્યારે બેત્રણ સ્ત્રિ પરણે. ત્યારે સ્ત્રિ રાંડે તો ૨-૩ વરતો નહિં પણ એકતો જોઇએ કે નહિં. આ શંકાનો પ્રત્યુત્તર એટલોજ છે કે બીજા યુરોપ, આફ્રિકા, અમેરિકા વગેરે દેશોમાં તે ચાલ છે. પણ મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કયસૂત્ર, પારાશરસ્મૃતિ, મિતાક્ષરા, ધર્મ વગેરે શાસ્ત્રથી વિરૂદ્ધ છે. પરંતુએમતો ખરૂં કે પરણેલ પતિ પરદેશ ગયો હોય ને તે

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ના શત્રુના અગર બીજા ઉપચારોથી મૃત્યુ થયું તેમ જાણી સધવા બાઇ ચુડા કર્મ કરે, પાછળથી ધણી જીવતો ઘેર આવે તો પુનર્વિવાહ થાય ને પુનર્વિવાહ કરવો ને થાયજ એમ શાસ્ત્રમત છે પણ અન્ય રીતે પુનર્વિવાહ કરવો તેવો મત નથી. પશ્ચાદ્ યદૃચ્છયા અપૂર્ણ પૂર્ણ માનો.

विषय १९ मो ॥ भोजन ॥ (કાર્ય,વરા)(નાતખર્ચ.)

આર્ય પ્રમુખ બંધુઓ !

જનોઇ, વિવાહ, અધરણી, (સીમંત) મરણાદિક પ્રસંગોમાં ઘણીખરી નાતોમાં ઘણેખરે ઠેકાણે હદ કરતાં વધારે નાત ખર્ચ કરવાનો રિવાજ હોય છે. તે પણ છેક. ઘર, ઘરેણું. કે જમીન વેચી અગર વ્યાજે કહાડીને પણ નાત ખર્ચ કર્યા વિના ચાલે નહિં, એવી અજ્ઞાનતાથી ઘણાખરા બ્રાહ્મણ અને અન્યવર્ણો ઘર વીગેરેથી શુન્ય થઇ ભિખારીની હાલતે પહોંચ્યા છે ને થતા જાય છે. કારણ ઉપજ થોડીને ખર્ચ ઘણું તેથીજ ઉપજ થોડી સબબ દુર્વ્યસન, દુઃસંગતિ, ક્રુરકુકર્મ, જેવાં કે (કન્યાવિક્રય, બાળલગ્નાદિ) આચારભ્રષ્ટતા ને અવિદ્યા વગેરે કારણોથી છે. તેનો ત્યાગ કરે તોજ ઉપજ વધારે ને ખર્ચ ઓછુ થાય. પણ મુર્ખાઓ ! કાર્ય અવસરમાં તો ભોજરાજા બની લાજે ભાલાં ખાય છે. તેથી અતિ દુખી થાય છે. કહેવત છે કે "ઘરમાં ન મળે ખાવાને બાવાજીને બે જોઇએ" બાળકો અન્ન વિના મરતાં હોય ને માથે દેવું કરીને પણ અવસર કરે. કદાચ ગરીબી અવસ્થાથી ન બની શકે તો **लोके भवति निंदितः** લોકમાં નિંદાપાત્ર થાય છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

જુઓ રે ? હેઠો બેશ બેશ તારે બોલવું નહિં તારો બાપ. તો અગર અમુકતો ખર્ચ વિના ખાલી ગયો. આવાં વાક્યથી બિચારો નિર્ધન અગર ધનવાન સમય સાચવે ને મરી જાય ત્યારે છોકરો ખર્ચ કરી દેવાદાર થયો હોય તે પણ મરી જાય ને માથે ઘણું દેવું હોય તેથી તેનો છોકરો તેને શત્રુ ગણે છે તે વિષે વાક્ય પૂર્તી વાંચો વૃદ્ધચાણાક્યમાં કહ્યું છેકે.

ऋणकर्तापिताशत्रुर्माताचव्यभिचारिणी॥
भार्यारूपवतीशत्रुर्पुत्रः शत्रुरपंडितः ॥

ભાવાર્થ—દેવું કરનાર બાપ શત્રુ, વ્યભિચારિણી મા શત્રુ, રૂપવાન સ્ત્રિ શત્રુ ને અવિદ્વાન પુત્ર શત્રુવત છે.

વાસ્તે દેવું કરી કાર્ય કરવું નહિં. પોતાની યથાશક્તિ મુજબ ને **यावत्समय स्तावद्विधिः** પ્રમાણે ન્યાતીના મુખ્ય આગેવાનો પાસે આજીજી (સ્તુતિ) સાથ રસોઈની વસ્તુઓ નિવેદન કરવી. હવે જ્યારે રસોઇ થવા લાગી અને નોતરાં પહોંચ્યાં, અગર ન પહોંચ્યાં હોય તોપણ અમુકને ઘેર જમવાનું છે. તેથી જન્મારો સફલ થયો ને વિવાહથી અધીક ઉછરંગ થાય છે અને જ્યારે પાતળ ઉપર જમવા બેઠો તો ૪ વેદ, ૭ પારાયણ, ૧૮ પુરાણ, ને છેવટે ૨૪ અવતાર લાડુ સંખ્યાએ પહોંચે છે. વળી પણ ઘીમાં કંઇક, સા આવે છે. અગર રસોઇમાં કંઇક દોષ કહાડયા વિના રહે નહિં. હવે પોતે તો અન્નપ્રાચી પશુવત ખાઇને આવાં ભાષણો કરતાં ચાલ્યા જાય છે. તે સાંભલી બિચારો ગરીબ માણસ કે જેણે તાણીતુણી માંડ માંડ ખર્ચ કર્યું હોય તે બિચારો આવા શબ્દો સાંભળીઉદાસ

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

થાય છે. અને જમનારાઓ તો પ્રાતઃકાલમાંજ સહાયભૂત થયા હોય કે શાક સુધારવામાં લોટ ઘી ગોલ ઇત્યાદિ પદાર્થોનું માપ કહાડી ભોજન સંખ્યા કહાડી ઇર્ષાકરતા થકા ક્લેશાદિકથી રસોઇ સુધારે કિંવા બગાડી પણ નાખે કેટલાકો તો નાતોમાં ઉમદાં ઉમદાં વસ્ત્ર પહેરી ફર્યા કરે ને સારી ચર્ચા કરે. શ્લોકો બોલે ને વાતુ કરતાં મશ્કરીમાં પણ કહે છે કે વાહવાહ ભાઇ તમોએ તો ખર્ચ બહુજ સારૂં કર્યું અમુકની નાત કરતાં આજનું જમણ તો બેહદ છે. આપનું આદ્ય ઘર છે તમારે તો આમજ જોઇએ આવા શબ્દ સાંભળી કાર્ય કરનારા ભાઇ સાહેબ ફુલાય છે કોઇ ધર્મની નાત જમાડતો હોય તોપણ તેમાં કજીયા કરી અમસ્તો ક્લેશ કરી રસોઇ બગાડવામાં ભરપૂર મગ્ન રહે છે. બિચારો નાતવાલો તો ભુખે મરી મરી અર્ધરાત્રી જતાં અન્નનાં દર્શન કરે છે જેવો નાતધારો જોઇએ તેવો બાંધતા નથી અને અલ્પ મતિવાલા અથવા મૂર્ખ ધનાઢ્યો પટેલ બની નાતને ડોળી નાખી ખરાબ કાયદા બાંધે છે. પણ નાત સર્વેએ મળી ૧ સભા કરવી તેમાં પણ શાસ્ત્રને જાણનાર, સત્ય, ધૈર્ય, શાંત, ક્ષમા, વૃદ્ધ, વિદ્વાન, ચતુર માણસોને અધ્યક્ષ ઠરાવી રીવાજ કહાડવો તેપણ શાસ્ત્ર પ્રમાણના સભાસદો (આગેવાન પટેલ) જોઇએ. તે વિષે ભારતના સભાપર્વમાં દર્શાવે છે કે.

नसासभायत्रनसंतिवृद्धावृद्धाननतेयेनवदंन्ति धर्मः ॥ सनोयत्रनसत्यमास्तिसत्यंनतदयच्छ्रय मभ्युपैति ॥

ભાવાર્થ—જેની અંદર વૃદ્ધ લોકો ન હોય તે સભા

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ન કહેવાય. જે ધર્મનો ઉપદેશ કરતા નથી તે વૃદ્ધજ ન કહેવાય. જેની અંદર સત્ય નથી તે ધર્મજ ન કહેવાય, જે કરવાથી ભય થાય તે સત્યજ કહેવાય નહિં. આ પ્રમાણે સભા કરવાથી નાત સુધરી સારી પાયરીએ ચડે ને સુધરી કાર્ય અવસર વખતે વિચારી ચાલે સારા નિયમાનુસારે વર્તે ને બધા માણસો પોતાને ઘેર સમય વખતે યથાશક્તિ મુજબ કાર્ય કરે.

વિષય ૧૦૦ મો ॥ ભિક્ષાવૃત્તિ ॥

અરે સ્વબંધુ !

मामुंचमानरत्नानि, त्वम्माकुर्वधमांमतिं ॥
अप्रार्थितःसमायातिरोगोमृत्युस्तथाधनम् ॥

ભાવાર્થ—માનરૂપી રત્નને છોડ નહિ અને નીચ બુદ્ધિ કરીશ નહિ, કારણ કે રોગ મૃત્યુ, અને ધન પ્રાર્થના કર્યા શિવાય આવે છે ॥ ૮ ॥ વળી પણ.

भिक्षुकोभिक्षुकंदृष्ट्वाश्वानवत्घुर्घुरायते ॥
कलौविप्राभविष्यंतियाचकागद्गदस्वराः ।

ભાવાર્થ—એક ભિખારી બીજા ભિખારીને જોઇ શ્વાન (કુતરા) ની પેઠે કજીયા કરે છે ને કલિયુગમાં બ્રાહ્મણો ગદગદકંઠે રૂદન કરતા યાચના કરવાવાળા થાશે.

જુઓ આપણે શ્રેષ્ટ બ્રાહ્મણો થઈ કેટલાક ભિક્ષાવૃત્તિએ પહોંચ્યા, તોપણ તેમાં આનંદ ગુલ્તાન કરી રહ્યા છે. કેટલાક ગામના બ્રાહ્મણો ભણવું ગણવું છોડી દઇ ભિક્ષાવૃત્તિ કરવા ગૃહે ગૃહે રટણ કર્યા કરે છે. તોપણ પ્રાતઃકાલમાં સ્નાન કરી અગર વાશી શરીરે છરકો (આડ) તાણી અનાચારી ભિક્ષુકો વરૂણાભાવે થુંક સાથે કંકુ મે-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ળવી પોતાના તાવડીના તળા જેવા કપાળમાં બ્રહ્મચિન્હ (ચાંડલો) કરી ભિક્ષાની લડાઇ કરવા ચડે છે. તેપણ સવારમાંથી પ્રારંભે તે બારવાગા સુધી માગી ઘેર આવી ભષ્ટાન્નને સુધાન્ન કરવાના પ્રકારને નહિ જાણી આહાર કરી ભાઇ પોઢે છે પાછલી સાંજે ઉઠી બધા મળી ચોટામાં નિંદા કરવા બેશે છે. તેથી સદાય ભિખારીના ભિખારીજ રહે છે તેમ તેઓ કહે છે કે ભિખ માગવી એ અમારા બાપ દાદાઓનો ધર્મ છે. પણ કયા શાસ્ત્રમાં ભિખ માગવાનું કહ્યું છે. ભિક્ષા માગવી એ વાત ખરી છે પણ બ્રહ્મચારી, સન્યાસીને પણ ગૃહસ્થાશ્રમીને નહિં. ભિખ માગવાનું ગુપ્ત કારણ છે ખરૂં કે તેરમી સિદ્ધિમાં બ્રાહ્મણો ષટ્કર્મથી ભૃષ્ટ થઇ ભિક્ષુકી વૃત્તિથી પોતાનું ગુજરાન ચલાવશે. તેમ શ્રાપ થયો છે તેપણ સૌ કોઇના જાણવામાં તો હશે કે—વાંચો દૃષ્ટાંત **ગર્ગસંહિતા** નામના ગ્રન્થમાં કહ્યું છે. કોઇ એક સમયે યશોદા, ને નંદજીએ માનતા લીધી હતી કે અમોને પૂત્ર થાશે તો એક બ્રાહ્મણને જમાડીશું. ઇશ્વરી ઇચ્છાથી કૃષ્ણાવતાર થયો ને પ્રભુ બાળકૃષ્ણ ષટ્ માસના થયા ત્યારે નંદજી ભોજન કરાવવા વાસ્તે યમુનાના કિનારા ઉપરનાં આશ્રમોગાં રૂષિઓને આમંત્રણ કરવા ગયા. ઋષિમંડળી પાસે જઇ દૂરથી ઘણી સ્તુતિ કરી. ત્યારે ઋષિઓ મળી આ ભૃગુવંશના છે એમ શાસ્ત્રવલોકનથી ભૃગુને નંદજીની સાથ મોકલ્યા. નંદજી પુરોહિત (ગોર) ને તેડી ઘેર આવ્યા ઋષિએ રસોઇ તૈયાર કરી જમવાને તત્પર થઇ પ્રભુનું ધ્યાન ધર્યું અને જુવે છે તો બાળકૃષ્ણને જમતા જોઇ કહે અરે! નંદ આ તારો પૂત્ર રસોઇને અડી ગયો અને અભડાવી મા-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

રે નથી જમવું. ધણીક આજીજી નંદજીએ કરી પુનઃ ર· સોઇ કરી પૂર્વવત્ ધ્યાન ધર્યું તોપણ પ્રભુને જમતા જોઇ અરે ! અરે ! નંદ ! તારે છોકરે (છૈયે) બીજી વખત રસોઇ અભડાવી તું સાચવી રાખતો નથી ! વળી નંદજી· ઘણી સ્તુતિની સાથ રસોઇ કરાવી પ્રભુને ઓરડામાં પુરી માથે સાચવણું વાસી કુંચી રૂષિને આપી.. પુનઃ રૂષિએ સુવર્ણના પાત્રમાં અન્નપૂર્ણાનું +ધ્યાન ધર્યું તોપણ જ્યાં નેત્ર ઉઘડયાં ત્યાં પ્રભુને જમતા જોઇ અતિ ક્રોધ આવવાથી રૂષિએ પ્રભુના વૃક્ષસ્થળમાં પાદ પ્રહાર કર્યો: પ્રભુએ જા· ણ્યું કે આ રૂષિને ખબર નથી હશે એમ જાણી પ્રભુએ દર્શન દીધાં. ને માફી માગી અરે ગોરજી રૂષિમાહારાજ મેં ઘણા દૈત્યોને માર્યા છે તેથી મારૂં હૃદય વજ્રમય થ· ઇ ગયું છે. ને મારી છાતી આપના. કોમળ ચરણકમલમાં અથડાણી હશે વાસ્તે માફ કરજો મહારાજ—રૂષિમાહારાજને બહુજ નીચું જોવું થયું ને કૃતાંજલીથી ઘણી સ્તુતિ કરી કહ્યું કે પરમાત્મા મને શ્રાપ આપો. ત્યારે પ્રભુએ કહ્યું કે તમારા પ્રતાપથીજ વિશ્વંભર મારૂં નામ પડયું છે તે વખતે ઇશ્વને કહ્યું કે તમો આવા સુખને યોગ્ય નથી જાઓ તેરમી સિદ્ધિમાં ઘેર ઘેર ભિક્ષાવૃત કરશો ત્યારે ત· મારૂં પૂરતું પોષણ થશે. આ પ્રમાણે કહી ઇશ્વરાંતર્હિત થયા. તે દિવસના શ્રાપના પ્રભાવથી બ્રાહ્મણો આવી નિંઘ સ્થિતિમાં આવી પડ્યાછેએવી· **किंवदान्ति** ॥ આનુ કથન છે. પરંતુ. ભણો તોજ સારૂં શ્રાપનો દાખલો

÷ **अन्नब्रह्मेति** ॥ ગયા રશ્મિ ૪ ના વિષય ૪૪ ભોજન વિધીમાં ધ્યાન ભોજન વખતે છે તે જોઇ લેવું.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

બ્રાહ્મણ દીવાન થાય નહિં. કદાચ થયો તો પ્રથમ પોતાની નાતને દુઃખ દેનારો થશે. ને ત્રણ પચાશીઓ (૧૫૦ રૂ. કિંવા કોરી) થાય તો બીજાં ગરીબ કિંવા તવંગરને પણ મહેણાં મારે. તેવો પણ ક્વચિત હોય તે વિષે સુભાષિતમાં કહ્યું છે કે——

नागराःकुक्कुटाःकाकास्वजातिपरिपालकाः।
स्वजातिपरिहंतारःसिंहःश्वानोगजाद्विजाः

ભાવાર્થ—નાગર, કુકડા, ને કાગડા એ ત્રણ જાત પોતાની જ્ઞાતીનું પોષણ કરે છે, પણ સિંહ, કુતરાં, હાથી, બ્રાહ્મણ એ ચાર પોતાની નાતને હણનાર છે.

કદાચ રાજાની મીલાખાતવાલો હોયને સોનાની અંબાડી માથે બેઠેલ બ્રાહ્મણની કંઇ પણ ભિક્ષામાં વૃત્તિ ગયા વિના રહેજ નહિં. વળી રાજાને કહે મહારાજ મારે ઘેર નાત છે તેપણ આપણી વતીને આપનુંજ વપરાય છે. અર્થાત્ ભિક્ષાવૃત્તિ થઇ તેમજ દુષ્ટ વૃત્તિથી ઘણીખરી પ્રજા (આર્ય) પણ ભિખારી થઇ ગયા છે. પણ હે દ્વિજો! વિદ્યા ભણો ભિક્ષાવૃત્તિ છોડો. ને પુનઃપુનઃ સ્થળે સ્થળે આ ગ્રન્થાવલોકન કરી વિદ્યા સંપાદન કરવા પ્રયત્ન કરો. તો સારી સ્થિતિએ પહોંચશો. વળી છેવટે આ ભિક્ષાવૃત્તિ ન કરવી ને વિદ્યાસંપાદન કરવી તે ઉપર જે કંઇ તિક્ષ્ણ દારૂણ ભયંકર ગોચર, અપ્રિય શબ્દોચ્ચાર તમોને અપ્રિય લાગેને સ્વેચ્છાથી મનસ્વી બુદ્ધિવડે વર્તવા ઇચ્છા અર્થાત (દીવો લઇ કુવામાં પ્રવેશ કરો) તો **यावत्समयस्ता वद्विधिः** પ્રમાણે વર્તે પણ હું તો હે પરમ કૃપાળુ ઇશ્વર અમારા બંધુઓની ભિક્ષાવૃતી મલીન બુદ્ધિથી ભ્રષ્ટ

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

કરી સદ્ગુણુધી આપો એ મારી હે વિશ્વંભર અનાથંતા દેવા તમારી પાસે દંડવત પ્રણામ પૂર્વક માગણી છે.

તથાસ્તુ.

વિષય ૧૦૧ ॥ રાગદ્વેષ ॥

બંધુઓ !

આ દુષ્ટ રાગદ્વેષ વૃક્ષરૂપ થઇ વૃદ્ધિ પામી ગગન પર્યંત પોતાની શાખાઓને પહોંચાડી છે. કે તેનાં મૂળ કેવાં જાડાંને કેટલાં ઉંડાં હશે તે અનુમાન નજ થઇ શકે તેની છાયા આખી પૃથ્વીમાં પડી ચુકી છે. તેનુ દૃષ્ટાંત કે તેની છાયાનુ ચિન્હ સર્વ નાતોનાતમાં, રાગદ્વેષ, એટલોતો મચી રહ્યો છે કે જાણે હુંજ ચક્રવર્તી રાજાછું. તે પણ જુઓ મિથ (પરસ્પર) દેખાદેખી (અદેખાઇ) કરે છે કે જુઓ ભાઇએ લુગડાં લટકાવ્યાં છે. ઘરેણાં પહેર્યાં છે આવી વાક ચાતુરી છે. ભાઇ ભણાવે છે. શું તેના બાપદાદા તો ભીખ માગતા અગર અમુક દોષવાળા હતા ને તેઓ આવી રીતે મૃત્યુ પામ્યા. તેતો વિચાર નહિં કરતાં આવી રીતે વર્તે છે પણ ભાઇ અમારી માફક વર્તો,ને નહિં, ઝાડ ત્યાં એરડો રૂખ(વૃક્ષ) બનોમાં, તે આવો ધંધો કરે છે ને આવા છે. આવાં કર્મ કરે છે. તે સાંભળી ભોળી મતિવાળો ધર્માભિમાની પૂરૂષ જગતમાં તેવા રાગ દ્વેષી નાતમાં નિંદાપાત્ર થાય છે. તેથી ભણવું ને ષટ્કર્મનો ત્યાગ કરી તેની નાતમાં ભળે છે. તોપણ અરે ? હે ઇશ્વર ! આ ધર્માભિમાની સદનુષ્ટાની, વિવેકચક્ર ચુડામણી ભક્તિજન પ્રિય સુઘડ, સુજ્ઞ વિદ્વાનો મળી સભા કરી, તે રાગદ્વેષને મૂળથી કાપવાને વાસ્તે ધર્મના ભાષણ શ્રૃતિ સ્મૃતિ વાક્યરૂપી તરવાર હાથમાં ધારણ કરી કાપવા મંડયા છે.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

તો તેમ તેમ તે ઝાડ વૃદ્ધિ પામતું જાય છે. વાસ્તે હે જગતનિયંતા નાથ ગરીબના અસરણુ સરણુ ! કૃપાવંત ! આ નિરાશ્રયી વિદ્વજ્જન સુજ્ઞ ભક્ત ભોળા સભાસદોને સહાયભૂત થાઓ કે જેથી પોતાના ધર્મમાં વધારો કરે ને તે ઝાડને જલ્દી કાપીને એવાંતો દૂર ફેંકી દે કે જેમ અજગર છેતે કંઇ વસ્તુ ગળી જાય છે ને છેવટ તે પચી પડવાથી તેનો પત્તો મળતો નથી તેમ તેનો પણુ પત્તો મળે નહિં. પરંતુ મારૂં વાક્ય હે ભગવન્ અસત્ય થાયછે જુઓ **दाननतेषी फलपत**—પરંતુ આતો વિપરીત ફળ મળે છે. એ નવાઇ કે શું. અરે ! આર્ય બંધુઓ ! તમે રાગદ્વેષના સંગના સહવાસથી તમો આવી સ્થિતિએ આવી પહોંચ્યા.છો વાસ્તે તેનો દાખલો કે સ્વાતિ નક્ષત્રના વર્ષાદનું બુંદ છે તે તપેલાં લોહપાત્ર ઉપર પડે તો તર્ત બળી ભસ્મ થાય છે. તેજ જળબીંદુ કમળના પત્ર ઉપર પડતાં રત્નવત દીપે છે. તેજ બીંદુ છીપના મુખમાં પડતાં સવાલાખ રૂપિયાથી. પણુ અધીક કિંમત થાયછે અર્થાત્ સંગતનું ફળ. વાસ્તે તેવો સંગ ત્યાગ કરી સત્સંગ કરવો એ મારી ભલામણ છે. જે જે રાગદ્વેષ યુક્ત છે તેને ઇશ્વરના નિયમાનુસારે તેઓને ફળ તર્ત મળતું આવે છે. પણ સમજતા નથી. અફ્શોષ ? હશે તેનાં પ્રારબ્ધ. પણુ વિદ્વજ્જનતો પોતાની ફરજ શાસ્ત્રાધારે પુરે પુરી બજાવે છે. ને છેવટે વિપરીત ફળ ઉતરે ત્યારે ઇશ્વરોગતિ આપણુાજ **श्रीमद्भागवत** ના દશમસ્કંદના પહેલા અધ્યાયમાંના ૪૮ શ્લોકમાં કહ્યું છે કે.

मृत्युर्बुद्धिमताऽपोह्योयावद्बुद्धिबलोदयम्॥
यद्यसौननिवर्तेतनापराधोऽस्तिदेहिनः ॥

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

ભાવાર્થ—બુદ્ધિમાન પુરૂષેં પોતાની બુદ્ધિને બળના અનુસારે દરેક કષ્ટમાંથી છૂટવું તેમ કરતાં પણ કષ્ટ ન મટે તો પછી તેનો અપરાધ નથી. કારણ **यत्नेकृतेयदि न सिध्यति**–આવી રીતે વસુદેવે, દેવકીને કંસે મારી નાખવાના પ્રયત્નથી કર્યો હતો. ત્યારે કહ્યું હતું. પરંતું તેઓતો તે પ્રમાણે વર્તી શારી પાયરીએ ચડાવવા બનતો પ્રયત્ન કરે છે. પરંતુ તેઓને વાસ્તે (રાગદ્દેષવાળા) કયું નરક નિર્માણ કરાણું હશે– અને તેમપણ આપણેતો ધર્મચુસ્ત થઇ ધર્મ માર્ગમાં પ્રવર્તાવવા ધર્મવાક્ય પ્રહાર કરવો. છેવટે ઇશ્વરેચ્છા.

विषय १०२ मो ॥ नवासुधारा ॥

મિત્રો ! વાંચો નવા સુધારાનો અર્થ–નિત્ય નવો સુધારો દિનપ્રતિદિન સુધારો વધારે વૃધિ પામતો જોવામાં આવે છે. આગળ પ્રાચીન કાળ એટલે લગભગ ગયા કાલ પહેલાં આવા સુધારા નહોતા. અને તેઓની સંખ્યા સુધારા કરતાં સાર્દ્ધભાગે જોવામાં આવે છે. તેઓ જુની રૂઢીનાં માણુસો આજના સુધરેલા જેવા આછકડા, અસત્યવાદી નિર્દયી, અનાચારી, કપટી, લુચ્ચા, વિશ્વાસઘાતી, નથી તેઓ એક ઠરાવ કરી તે પ્રમાણે વર્તતા ને જે જે કર્મ કરતા તેમાં સત્યભાવ હતો તેથીજ ઇંદ્રાદિક દેવો તેની પાસે યાચના કરવા આવતા તેજ આપણે દ્વિજો કેટલે નીચથી નીચ દરજ્જે ઉતરી ગયા ! હર ! હર ! ખેદની વાત છે કે તેમાં આકાશ ને જમીનના અંતર જેટલો ફેર થયો ! તેઓ બીચારા ધર્મની નીષ્ટાવાળા સત્યવાન્ શમ, દમવાળા વેદશાસ્ત્રના વિશ્વાસુ, પૂર્ણ ધર્માચરણી, તો તેનાજ વંશ જે આજ દુરાચારી થઇ ભ્રષ્ટ થ-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

યા કે ઘણું જેમાં પાપ રહેલું છે તેવાં **અધોદર્ધ** વસ્ત્ર કે પાટલોન, પેરણ, ખપની ગુડકી (ચોરણો, ચોરણી) ધારણ કરીને કંઠપ્રાણુ જાય પણ યાવનિ ભાષા ન બોલવી. તેમાં તો અરબી, ફારશી, ઇંગ્લિશાદિ યાવનિ ભાષામાં હુશીયાર થયા તેઓ મલી કમીટી કરે તેમાં પણ કેટલાક મેનેંજર, સેક્રેટરી, મેમ્બર, બની નીચે પ્રમાણે ભાષણ કરે છે.

બંધુઓ ! સાંભળો !

આપણે ધર્મ, અને સદનીતિ વિદ્યામાં પ્રવીણ રહેવું જોઇએ સત્ય વચન બોલવું કોઇ દીવસથી જુઠું બોલવું નહિં. કુકર્મ, દુર્વ્યસન, વ્યભિચાર વગેરે કરવું નહિં જેઓ તે કર્મ કરે છે તેઓ સાલા ડોગ Dog (કુતરા) જેવા છે. તેમજ પોતાના ફાધર Father (બાપ) મધર Mother (મા) બ્રધર Brother (ભાઇ) ફ્રેન્ડ Friend (મિત્ર) Master માસ્તર (ગુરૂ) વગેરેની આજ્ઞા માનવી. જુઓ આજ કાલની વાઇફ Wife (સ્ત્રી) આવી છે. તથા આવા ગુણવાલી છે. આપણા સર્વ બાળકોને નાનપણથીજ ઇંગ્લીશાદિ ભાષામાં પ્રવર્તાવવા જોઇએ. તેપણ ઠેઠ L. L. B. એલ એલ બીમાં નંબર ૧ વને પાસ થવો જોઇએ ને પાશ થશે તેને હું મારા તરફથી અગર અમુક ગવર્નર જનરલ તરફથી ભલામણ કરાવી આપીશ ને તે સબડેપ્યુટી એજ્યુકેશનલ, ઇન્સપેક્ટર, બાલિસ્ટર, ડાક્ટર, હેડમાસ્તર Head Master વગેરે બની અમુક ભાઇની માફક અમુક દરજ્જો (ડીગરી) Degree થશે તેને હું આવતી સભાએ વન્ ટુ ટી ફોર One Two Three Four Rupees રૂપીઝ (રૂપીયા)

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

બક્ષીસ આપીશ આવાં ભાષણો કરે પણ તેઓ પોતાના બાળકોને પોતાને ઘેર નાનપણુમાંથીજ શીખવે છે કે ઓ માઇ ડીયર My dear કમ હિયર Come here આઇમ્ ગોઈંગ ટુ સ્કુલ Iam going to School હાઉ આરયુ, માઇ ફ્રેન્ડ How are you my friend ક્વાઇટ્વેલ Quitewell ગુડમોર્નિંગ Good morning વોટર Water (પાણી) આવા શબ્દો શીખવે છે અને સંસ્કૃતના તો શીખવતા પણ નથી કે.

भो पुत्रः कुत्र गच्छसि, अहं गच्छामि, दुग्धमानियताम्, वरूणं पिबामि, भवतां को कर्म कुरूते, अहं मोंदकान् भक्षयामि.

આવા આનંદ કારી શબ્દોને પાતાળમાં ખોસી દેછે ને ઇગ્લીશ ભાષણમાં ચિત્ત લગડાવે છે પણ તેનો વાંક નથી કેમકે વખત પ્રમાણે તેઓ ચાલે છે. પણ તેઓને એટલોજ ઠપકો છે કે સુધરેલા બીજા કેટલાક લોકોની પેઠે પોતાના ધર્મમાં ભ્રષ્ટ થઇ હાલ બેહાલ થઇ વરતે છે ને પોતાના દેવતું પૂજન નહિં કરી અનાદર સાથે મિથ્યાભિમાની ને નાસ્તિક બની ફર્યા કરે છે જુઓ! સુધારાથી ફાયદો કેટલો છે. કે આગળના કરતાં આજ કાલમાં પ્રવર્તી રહી એવી આગગાડી, આગબુટ, તાર વિગેરે નહીં હતાં કે એક દહાડામાં હજારો ગાઉ ઉત્તરી પડીએ પણ કેટલાક સુધરેલા આપણા શાસ્ત્રાવલોકન કરવા વાલા વિદ્વાન શાસ્ત્રિ, પંડિતો વગેરેની પાસે ઘણીજ નમૃતાથી ભાષણ કરે છે. પણ હે ભૂદેવો? બ્રહ્મવંશી દ્વિજો? તમારૂં કર્તવ્ય કર્મ મૂકી દઇ સ્તબ્ધ (ગાંડા જેવા) બની તમારા ધર્મનો અનાદર કરી વિપરીત વૃત્તિથી દુરાચરણી થઇ ગ-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

યા છો વાસ્તે નેત્ર ઉઘાડી દ્રષ્ટિ કરો. અરે! તમારૂં રસોડા સહિત ઘર ગયું. અરે! તમો બ્રહ્મચર્ય, સ્વાધ્યાય પરિપાટ ત્યાગી અઘોર નિદ્રાને વશ્ય થઇ સંસાર રૂપી અંધારી ઓરડીમાં અધર્મ ઉપાશી નિશ્ચિંત્ય નિદ્રા કહાડો છો. એ તમોને ઘટાંયે નથી તમારી મુખ મુદ્રા તાવડીના તલા જેવી પ્રદીપ્યમાન થઇ ગઇ છે. તમો નીચથી નીચ સ્થિતિએ પહોંચી ચુકયા છો તમોને તમારાં સ્ત્રિ બાળકો અનાજ વાસ્તે સંતાપે છે પહેરવા વસ્ત્ર નહિં, રહેવા ઘર નહીં ધરતો જાણે ગીરનારી બાવાની ઝુંપડી, ખાવા અન્ન નહિં એવી સ્થિતિએ પહોંચ્યા આપણે રાજથી અધિક પૂજાતા તે આપણે આજ ધર્મ ભ્રષ્ટ થયાથી પારકી રસોઇ, ધોતિયાં ધોવાં, બાળકો રમાડવાં તેનો હુકમ ઉઠાવી તાબેદાર રહેવું ને મજુરી કરી તમો માંડ માંડ ગુજરાન ચલાવો છો તમારો ધર્મ ચક્ષુનો બારીક પડદો ખુલતો નથી વાસ્તે અફશોષ આહાહાહા?? આ કેવો વખત સંતાપ જનક છે બંધુઓ! આપણોજ વાંક છે કે આપણે આપણું કર્તવ્ય કર્મ મુકી દઇ બીજા કુકર્માધીન થયા છીએ તે પણ દેવતાઓના શ્રાપથીજ પણ બંધુઓ? આપણો ભાગ્યોદય સમય નજીક આવ્યો છે તેનાં ચિન્હ જુઓ આખા જગતમાં સારાં સારાં કર્મમાં (વિવાહ, મરણાદિ) પણ **अग्रेअग्रे विप्रः** છે મોટા મોટા શેહેર. ગામડા ઓના વિદ્વાન લોકો સ્વજાતી સુધારણાર્થે જાગ્રત થઇ પ્રયત્ન કરવા લાગ્યા છે હવે તે પ્રમાણે વર્તવા વિલંબ છે વિદ્યા, ધર્મ, સદાચારને પકડી સદુપયોગ કરો જ્યાં ત્યાં બ્રહ્મચર્ય, સ્વજાતિ હિતેચ્છક, સભાઓ બ્રાહ્મણોનું અગર બીજાં અન્ય વર્ણોનું કયા ઉપાયથી કલ્યાણ

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

થાય તેવા ગ્રંથો રચી રચી છપાયા કરે છે ને રચાય છે રચાશે પણ સુધરી ધર્મ પંકિત બહારના દ્વિજો આપણી ધર્માચરણી નાતોમાં પ્રવર્તતા જાય છે નેજાશેજ તો- આપણે પરલોકમાં શ્રેષ્ટ થઇ ઇશ્વરની પ્રસન્નતા સંપાદન કરીશું વાસ્તે ઉપર પ્રમાણે જય મેળવવા તત્પર થવું અને તેમાં પણ આ ગ્રંન્થ સમાપ્તી કરતાં મારી મુખ્ય-નાત ઔદિચ્ય સહસ્ત્ર કે ચોરાશી નાતમાં અગ્રણી, સુદ્‌-સ્તર ગંગાવત પવિત્ર કરતારીને નમન કરૂં છું કે

॥ वसन्ततिलका वृतम् ॥

ग्रन्थैसबाधमपियन्मनुजस्वभाव वैचश्यतो भवतिचेसुधियोविलोक्य ॥ संशोतत्रगुण गौरवमादधाना: संन्तोभवन्तुमयिचात्रद-यार्द्रभावा: ॥

ભાવાર્થ—હે પંડિતો ? આ ગ્રન્થને વિષે મનુષ્ય જાતિના સ્વભાવથીજ જે કાંઇ દોષવાળું હોય તે સુધારીને ગૌરવપણાનું ધારણ કરી મારે વિષે અને આ ગ્રન્થને વિષે દયાર્દ્ર હૃદયવાળા થજો.

એ, મારી આપ વિદ્વજ્જન કુળ સમુહ પાસે મારી નમૃ વિનન્તિ છે તે સ્વીકારશો આ ગ્રન્થમાં મારી જ્ઞાતિ, ઔદિચ્ય સહસ્ર, નાતને પ્રણામ કરવાનું ગુહ્ય કારણ છે કે કૃષ્ણ પ્રભુએ યુધિષ્ઠિરને કહ્યું હતું કે.

ज्ञातिभिर्विग्रहस्तत्रनकर्तव्य:शुभार्थिना ॥
सुखानिसहभोज्यानिज्ञातिभिर्भरतर्षभ ॥

ભાવાર્થ—હે ભરત કુળમાં શ્રેષ્ટ ! પોતાનું શુભ ઇચ્છતા હોય તેણે પોતાની જ્ઞાતી સાથે વીરોધ કરવો ન-

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

હિં. કેમકે પોતાનાં સઘળાં સુખ જ્ઞાતિ સાથે રહી ભોગવવાનાં છે. ॥

ज्ञातयस्तारहंतोहज्ञातयोमज्जयंतिच ॥
सुवृत्तातारयंतोहदुर्वृत्तामज्जयंतिच ॥

ભાવાર્થ—આ લોકમાં જ્ઞાતી તારે છે ને જ્ઞાતી બુડાડે છે. માટે જ્ઞાતીનાં માંણસો સારાં આચરણવાલાં હોય તો તારે છે નહિંતર બુડાડે છે. ॥

હાલનો સમય એવો આવ્યો છે કે દરેક બ્રાહ્મણાદિકની નાતના મુખ્ય અધ્યક્ષે (પટેલીઆએ) દૂરાચરણનાં ડગલાં ભરવા માંડયાં છે. તેથી કેટલીક નાતોને બુડવાનો સમય નજીક આવ્યો છે. વાસ્તે સુજ્ઞ બુદ્ધિવાળા પુરૂષોએ પોતાની અધર્મ કુપમાં બુડતી નાતને અગર બીજી નાતને તારવાનો ઉદ્યોગ અવશ્ય કરવો જોઇએ. પરંતુ પોતેજ તારા (બીજાને તારનાર) ન હોય તો પોતાની નજરે પોતે સહવર્તમાન બુડતાં શી રીતે તારે-નજ તારે. વાસ્તે હે ભૂદેવો, તમો પણ આ લઘુ ગ્રન્થમાં કહેલ સુચનાઓ અંગીકાર કરો એવી આપ સર્વ શ્રેષ્ટ દ્વિજોને મારી નમ્ર વિનંતી છે. તે અંગીકાર કરનારાઓને હે પરમકૃપાળુ ઇશ્વર હે અસરણસરણ ભગવંત અમારા અજ્ઞાની આર્યબંધુઓને ઉપરની સુચના પ્રમાણે વર્તવા સુબુદ્ધિ આપો—તથાસ્તુ.

विषय १०२ मो ॥ सभापरिचय ॥

સર્વની જ્ઞાતિં મળી અમુક સ્થલે ભેગું થવું. તેનું નામ સભા સ્વકિય વા પર કારણે દેશોમાં જન સમુદાય મલે છે—આનો પરિચય કેટલેક ઠેકાણે થઇ છે.

CC0. In Public Domain Kirtikant Sharma Nalagarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

विषय १०४ मो ॥ ग्रन्थसमाप्ती ॥

॥ आर्या ॥

आर्याणांमार्तंडो, रचितोमत्यल्पयामयात
स्मात्॥ सुधियोगृह्णन्तुततो, सारमपोह्या-
दरात्मसारम्॥

ભાવાર્થ—હે પંડિતો! આર્ય લોકોના ધર્મનો સૂર્યરૂપ આ (આર્યમાર્તંડ) નામના ગ્રન્થને મેં મારી અલ્પ બુદ્ધિના અનુસારે રચ્યો છે તેટલા વાસ્તે ગૃહણુ કરીને આદરભાવથી અસારને છોડી દઇ સારને ગૃહણુ કરશો.

॥ वसन्ततिलका ॥

ग्रन्थंस्वधर्मपरमार्थसुतत्वबोधं, यःशुद्धवृत्ति
रखिलार्थविवेकरश्मि॥ दूरीकरोतिनिखि-
लानितमांसिधत्ते चेतोवकाशसुपदेसुपदेप्र
याति॥

ભાવાર્થ—સ્વધર્મના પરમાર્થની ખરી વાતની સમજુતીવાળો, સઘળી ધર્મની બાબતને સમજાવવારૂપ કીરણોથી ભરપુર એવા આ આર્યમાર્તંડને શુદ્ધ વૃત્તિવાળો જે માણસ પોતાના ચિત્તરૂપી આકાશમાં ધારણ કરશે, તે સઘળા અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરી શુભ ગતિને પામે છે. ॥

॥ त्रोटक छंद ॥

तुलसीतनुजोबहुलाभपुरे, जनिपाठकपांडि-
तवर्यसुधीः॥ मणिलालइतिप्रथितोभुवियः

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

सच्चकारसुलक्षणग्रन्थमिमम् ॥ ३

ભાવાર્થ—બાલંભાને વિષે રહનાર તુલશી પાઠકનો પુત્ર, સારી બુદ્ધિવાળા પંડિતોમાં શ્રેષ્ટ; અને પૃથ્વિને વિ-ષે મણિલાલ્ર એવા નામથી પ્રખ્યાત છે. તેણે સારા લક્ષન-ણવાળો આ ગ્રંથ કર્યો છે. ॥

श्री वैक्रमेखशरनंदशशांकमानेवर्षैहिमार्गशिसिप्रबसुवमासे॥पक्षेऽसितेगुरुकृपावशातोदशम्यांभौमेसमाप्तइतितिष्ठतुसत्प्रबंधः॥

ભાવાર્થ—વિક્રમ સંવ્વત ૧૯૫૦ માં માગશિર માસના કૃષ્ણ પક્ષને વિષે દશમીને રોજે ભૌમવારે ગુરૂ કૃપાથી આ ગ્રન્થ સમાપ્ત થયો છે તે સદા જાગરૂકપણે રહેજો. ॥ ૪ ॥

विषय १०९ मो ॥ इश्वरस्मरण ॥

શિખરણી.

કૃપાવંતા દેવા, અવગુણ અમારા તું વિસરી;
પુન ર્જન્મો ટાળી, શુભ સુખ યુક્સર્પય ખરી.
અમારી વિજ્ઞપ્તી, શ્રવણ કરીને આર્ય જનને;
સમૃદ્ધિ સંપત્તિ સુખ સકળ તું આપ ફ્રિતે.— ૧
જગત્કર્ત્તા ભર્ત્તા, અતિ વિનય ભાવેંથી વિનવી;
નમું હું શાષ્ટાંગે, સકળ ગુણુ તારા હૃદિ સ્મરી.
અતિ પાપી હું છું, અગણિત કર્યા પાપ મનથી;
સદા તું તારીને, ચરણ કમલે રાખ સુખથી.— ૨
૧ ખખાશ્રેન્દુ ઔદિચ્ય, વરસ પચવીશજ પરવરી;
મણીશંકર શર્મા, વત્સશ ગોત્રી ભૂપરવરી.
તુલસ્યાત્મજ હું છું, પદવી જગમાં પાઠક ધરૂં;

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

વળી ઠાકર છટ્ઠા, પદ, પંડિત કેછે પણ ખરૂ.— ૩
યજુર્વેદ શુક્લ, પ્રવર શર, વત્સ, ચ્યવનને;
તથાપ્નુવાન્ ભાર્ગવ, જમદગ્નિ, વીરેશ્વર શિવ.
કલ્યાણી કૃષ્ણાચ્ય, ભવશર્મ વિઘ્નહર સુત;
માધ્યંદિની શાખા, તદપિ બટુકો કાલભૈરવ.— ૪
સદા **બાલંભામાં** નિર્ગમન દિનો બહુ કરી;
સદા ભીતિભંજા, ભજન ચરણે મુજ મન ધરી.
દયા આણી જાણી, ભવ અસુખ તાણી પરકરો;
સદા માગું મોક્ષે, સહુ જગતના આર્ય જનરો.— ૫

श्रीमच्छद्गुरुभ्योनमः॥श्रीशिवार्पणमस्तु॥

॥ समाप्तोयं ग्रन्थः ॥

સમાપ્ત.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

शुद्धिपत्र.

पृष्टांक.	पंक्ति.	अशुद्ध.	शुद्ध.
१	४	मंगराचर्णम्	मंगलाचरणम्
६	६	सात्वकोन्देवीन्	सात्विाकान्देवान्
९	१२	पित्तयज्ञ	पितृयज्ञ.
१३	३	विषक	विषय
१६	८	कलौतद्धीरकीत्तनात्	कलौतद्धरिकिर्तनात्
१८	१	रक्षासा	रक्षांसि
१८	७	वणाना	वर्णाना
२४	१९	द्रव्य	द्रव्यं
२६	२३	ब्राह्मणो	ब्राह्मणो
२६	१६	मूर्ति	मूर्ति
२९	३	विप्रौद्य	विप्रौघ
३७	६	ऽल्यायु	ऽल्पायु
૩૧	૪	બ્રહ્મચર્ય.	બ્રહ્મચર્ય પાળવુ તેવિષે.
३२	१२	देवायत्	देवोयत्
३२	१६	कृत्बा	कृत्वा
४४	१६	ब्रह्मभूर्भुव	ब्रह्मभूर्भुव
૪૫	૨૨	ભૂતિથી	વિભૂતિની
૪૬	૧૫	રૂદ્રયાચ્યક્ષમાં	રૂદ્રયામલમાં

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

५०	८	રૂદ્રાક્ષનું	રૂદ્રાક્ષને
६०	१४	र्रमुक	रमुक
६२	४	मार्मीद	मासीद्
६४	२	सम	नमः
६४	१६	क्रियंम्ते	क्रियन्ते
६५	७	૨ડે	વડે
६९	१९	षण्यासे	षण्मासे
७८	५	સ્વાધ્યાક	સ્વાધ્યાય
७८	१३	विचय	विषय
८२	२	વકય	વાક્ય
८३	१५	સ્વોપાત્ત	સ્વોપન
८४	१६	ઉતુલ્લ	ઉત્ફલ
८५	२१	કહેવાઓછું	કહેવાઓછો.
९९	९	भज्यं	भाज्यं
८८	१३	ધારણા	ધારણા
८४	७	થસા	થયા
९३	१०	र्वसाति	वसति
९६	२२	पुष्य	पुष्प
९९	८	પામ છે	પામે છે.
१०३	१८	અવા	આવા
१०६	२	राश्मि	राश्मिः
१२७	२०	षिषय	विषय
११४	२०	यैव	यैवतु

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

૧૨૧	૧૬	૭૮	૭૭
૧૨૬	૨	૭૭	૭૮
૧૨૬	૨૦	૭૮	૭૯
૧૨૭	૬	पर्दाति	पर्दोति
૧૩૬	૭	કંડ	કંઠ.
૧૪૪	૧૭	પરણે	પરણાવે
૧૪૯	૪	પુનવાહ	પુનર્વિવાહ
૧૫૫	૧૮	ઇશ્વને	ઇશ્વરે.
૧૫૭	૧	સવ	સદ્
૧૫૭	૧૨	મિથ	મિથેઃ
૧૬૨	૧૮	શ્વાપથી	શ્રાપથી

સૂચના.

ગૃહસ્થો ! ૧૪૧ માં પૃષ્ટમાં જે સ્થળે ૯૪ વિષય લખેલોછે, તે ઠેકાણે ૯૫ મો વિષય અને ૯૫ તે ઠેકાણે ૯૬ એમ અનુક્રમે અકેક અંકની વૃદ્ધિ કરતાં સુધારી વાંચશો.

વિ. ગ્ર. પા. મ. તુ.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection

Digitized by Sarayu Trust Foundation Delhi and eGangotri.

CC0. In Public Domain Kirtikant Sharma Najafgarh Delhi Collection